RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 310* Date: 30.08.2023,Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મોદી સરકારે રક્ષાબંધન પહેલા બહેનોને મોટી ભેટ આપી, એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂ.૨૦૦નો ઘટાડો કર્યો



## મોદીની અધ્યક્ષતામાં દિલ્હીમાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૨૯

રક્ષાબંધન અને ઓણના તહેવાર પર કેન્દ્ર સરકારે બહેનોનો સૌથી મોટી ભેટ આપી છે. આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો છે. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે માહિતી આપતા કહ્યું કે સરકારે એલપીજીના ભાવમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. પીએમ મોદીએ તહેવાર પહેલા બહેનોને મોટી ભેટ આપી છે. દેશના તમામ લોકોને આ ફાયદો મળશે. આજથી આ નવા ભાવ લાગૂ થઈ ગયા છે. એટલે કે જે સિલિન્ડરની કિંમત ૧૧૦૦ રૂપિયા ઉપર હતી, તેમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો થઈ જશે. આ રાહત સિલિન્ડર પર સબ્સિડી તરીકે આપવામાં આવી શકે છે. દેશમાં ૧૪.૨ કિલોગ્રામવાળા એલપીજી સિલિન્ડરના ભાવમાં છેલ્લે એક માર્ચ, ૨૦૨૩ના ફેરફાર થયો હતો. ત્યારે સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. દિલ્હીમાં હાલ ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૩ રૂપિયા છે. એક ઓગસ્ટે ૧૯.૨ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર થયો હતો. તેની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ૭૫ લાખ નવા ઉજ્જવલા કનેક્શન મેળવ્યા બાદ આ શ્રેણીના કુલ ગ્રાહકોની સંખ્યા ૧૦ કરોડ ૩૫ લાખ થશે. ઠાકુરે કહ્યું કે એપ્રિલ ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૨ સુધીમાં સમગ્ર વિશ્વમાં એલપીજીની કિંમતમાં ત્રણ ગણો વધારો થયો છે. પરંતુ ભારતમાં તેની કિંમત માત્ર ૩૫ ટકા વધી છે. સરકારે પેટ્રોલિયમ કંપનીઓને મદદ કરી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ઓણમ અને રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બધા લોકો માટે છે. બહેનો માટે એક મહાન ભેટ. અનુરાગ ઠાકુરે જણાવ્યું કે તે માત્ર ઘરેલુ ગ્રાહકો માટે છે.ઉજ્જવલા યોજના હેઠળ લાભાર્થીઓ એક વર્ષમાં કુલ ૧૨ રાંધણ ગેસ સિલિન્ડર પર સબસિડી મેળવી શકે છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત સરકાર ગરીબી રેખા (બીપીએલ) નીચે રહેતા પરિવારોને મફતમાં એલપીજી કનેક્શન આપે છે.૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડર પર ૨૦૦ રૂપિયાની સબસિડી મળે છે. માર્ચ ૨૦૨૩ સુધીના સરકારી ડેટા અનુસાર, સરકારે ઉજ્જવલા યોજના હેઠળ ૯ કરોડથી વધુ મફત રસોઈ ગેસ કનેક્શન્સનું વિતરણ કર્યું હતું.

અનુરાગ ઠાકુરે કહ્યું કે ઓણમ અને રક્ષાબંધનનો તહેવાર છે, તેથી પીએમ મોદીએ લાખો બહેનોને ભેટ આપી છે. ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે. એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઈપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે. સમગ્ર વિશ્વમાં ગેસના ભાવમાં વધારો થયો છે.છેલ્લા ત્રણ વર્ષમાં એલપીજી સિલિન્ડરની કિંમતમાં મોટો વધારો થયો છે. ૧ નવેમ્બરે તેની કિંમત ૫૯૪ રૂપિયા હતી. ૨ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ તેને વધારીને ૬૪૪ રૂપિયા કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ આ કિંમત ૬૯૪ રૂપિયા થઈ ગઈ. ફેબ્રુઆરી ૨૦૨૧માં તેની કિંમત ત્રણ વખત વધારવામાં આવી હતી અને તે ૭૯૪ રૂપિયા થઈ ગઈ હતી. ૧ એપ્રિલે તેમાં ૧૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને તેની કિંમત ૮૦૯ રૂપિયા રહી હતી. પરંતુ ૧ જુલાઈ ૨૦૨૧ના રોજ તે વધારીને રૂ.૮૩૪ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૭ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ તેની કિંમત વધારીને ૮૫૯.૫૦ રૂપિયા કરવામાં આવી હતી.એક સપ્ટેમ્બર ૨૦૨૧ના ફરી તેમાં વધારો થયો અને ૧૪.૨ કિલોનું સિલિન્ડર દિલ્હીમાં ૮૮૪.૫૦ રૂપિયા થઈ ગયું હતું. ૭ ઓક્ટોબર ૨૦૨૧ના તેની કિંમત વધી ૮૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ હતી. પછી માર્ચ ૨૦૨૨માં ૯૪૯.૫૦ રૂપિયા થઈ ગઈ હતી. ૭ મે ૨૦૨૨ના ફરી તેમાં ૫૦ રૂપિયાનો વધારો થયો અને કિંમત ૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ હતી. ૧૯ મે ૨૦૨૨ના તેની કિંમતમાં ૩.૫૦ રૂપિયાનો વધારો થતાં કિંમત ૧૦૦૩ રૂપિયા પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ માર્ચ ૨૦૨૩માં ફરી ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. વર્તમાનમાં એલપીજી ગેસ સિલિન્ડર ૧૧૦૩ રૂપિયાનો મળી રહ્યો છે.જો ગુજરાતમાં વિવિધ મોટા શહેરોમાં ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરની કિંમતો જોવામાં આવે તો. અમદાવાદમાં ૧૧૧૦ રુપિયા પ્રતિ સિલિન્ડર, ભાવનગરમાં ૧૧૧૧ રુપિયા પ્રતિ સિલિન્ડર, ગાંધીનગરમાં ૧૧૧૦.૫૦રુપિયા પ્રતિ સિલિન્ડર, જામનગરમાં ૧૧૧૫.૫૦ રુપિયા પ્રતિ સિલિન્ડર, રાજકોટમાં ૧૧૦૮ રુપિયા પ્રતિ સિલિન્ડર, સુરતમાં ૧૧૦૮.૫૦ રુપિયા પ્રતિ સિલિન્ડર અને વડોદરામાં ૧૧૦૯ રુપિયા પ્રતિ સિલિન્ડર ગેસની કિંમતો જોવા મળે છે.

# બિઝનેસ માટે ગોવા બોલાવીને ગુજરાતના વેપારીઓને હનીટ્રેપમાં ફસાવવાનું ષડયંત્ર

દરેક જગ્યાએ એજ પ્રકારની ફરિયાદ સામે આવતાં પોલીસને મહિલાઓ પર શંકા ગઈ હતી. પોલીસે બંનેની અટકાયત કરીને કડકાઈથી પૂછપરછ કરતાં ચોંકાવનારી હકીકત સામે આવી હતી.

તપાસમાં સામે આવ્યું કે બંને મહિલાઓ કોર્પોરેટ સેક્ટર સાથે જોડાયેલી છે. તેઓ રોકાણ અને બિઝનેસ મીટિંગના નામે લોકો સાથે દોસ્તી કરતી હતી અને પછી મોટી હોટલમાં બોલાવીને પોતે જ એક રૂમ બૂક કરાવીને જણાવતી હતી કે બીજો રૂમ ઉપલબ્ધ નથી. ત્યારબાદ મોડી રાત્રે જાતે જ વેપારીઓ સાથે શારીરિક સંબંધ બાંધતી અને બીજા દિવસે પોતાના અંડર ગારમેન્ટ પર લાગેલા સિમેંસને પુરાવા સાથે પોલીસ સ્ટેશને જતી અને ફ્રૈંઇ દાખલ કરાવતી હતી. પોલીસ પણ સ્વાભાવિક રીતે તેમના પુરાવા મેડિકલ તપાસ માટે મોકલી આપતી અને તપાસમાં કપડાં પર સીમેંસના પુરાવા મળતાં આરોપીઓની ધરપકડ કરાતી હતી.રૂપિયાની લાલચુ બંને મહિલાઓ એફઆઈઆરની સાથે વેપારીઓને બ્લેકમેલ કરવાનું શરૂ કરી દેતી હતી અને લાખો રૂપિયા વસૂલતી હતી. બંને મહિલાઓ ગુજરાતની રહેવાસી છે

# "અમરનાથ ધામ, અમરાપુરમાં ભક્તિ રસથી છલકાયું માનવ મહેરામણ"

**ગાંધીનગર મહાનગરપાલિકા ના ભદ્ર એવા સરગાસણ ટીપી ૦૯ વિસ્તારમાં લોક પ્રશ્નોને વાચા આપી પરિણામ સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ અને આ વિસ્તારમાં વસતા પરિવારોને સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને ધાર્મિક પ્રસંગો ના માધ્યમ થી એકસૂત્રતા થી જોડવા ના નમ્ર પ્રયાસ માટે જાણીતા "પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ" દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર જિલ્લાના પ્રાચિન એવા યાત્રાધામો**



**ના એક દિવસીય યાત્રા પ્રવાસનુ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. રૂપાલના જગવિખ્યાત એવા " માં વરદાયિની" મંદિર ના દર્શન થી આરંભાયેલી આ યાત્રા સમાપન ગુજરાત ના સુપ્રસિદ્ધ યાત્રાધામ " અમરનાથ ધામ" માં થયુ હતું સાબરમતી નદી ના તટ પર પ્રકૃતિ ની ગોદમાં વિશ્વ કલ્યાણ સંસ્થા દ્વારા બનાવાયેલ ભગવાન અમરનાથ નાથ નું અદ્ભૂત મંદિર અને અદ્વિતીય બાર જ્યોતિર્લિંગ ની આરતી ના દર્શન નો લાભ મળ્યો એ અમારા ટ્રસ્ટ પરિવાર માટે અવિસ્મરણીય પળો હતી એમ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી હીમ્મત ભાઈ પટેલે જણાવ્યું હતુ.અમરનાથ ધામ મંદિર પૂજારી શ્રી પ્રદીપદાસજી મહારાજે ટ્રસ્ટ ના કાર્યોથી પ્રભાવિત થઈ લોક સેવા ના કાર્યો માટે સતત પ્રયત્નશીલ ટ્રસ્ટ ઉપર ભગવાન અમરનાથ ની અમી દ્રષ્ટિની અમૃત વર્ષા અંખંડ બની વરસતી રહે એવા આશીર્વાદ પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર ને આપ્યા હતા**

# જામનગર બ્રહ્મદેવ સમાજ લાલઘુમ



બ્રહ્મસમાજ અને ભગવાન પરશુરામ વિશે અભદ્ર ટિપ્પણી કરનાર રાજકોટ ના રમેશચંદ્ર ફેકર વિરૂધ્ધ તાત્કાલીક ફરિયાદ નોંધવા પોલીસ અધિક્ષક સમક્ષ ઉગ્ર માંગ કરી

રાજકોટના રહેવાસી રમેશ ફેફર દ્વારા બે દિવસ પહેલાં બ્રહ્મ સમાજ વિરુદ્ધ અને બ્રાહ્મણો માટે અભદ્ર અને તથ્ય વગરના ખોટા આક્ષેપો વાળા વિધાનો કરી જે વિડિઓ વાઈરલ થયેલા હોઈ

બ્રહ્મ સમાજની લાગણી દુભાયેલ હોઇ જેના વિરુદ્ધ અનેક જિલ્લાઓમાં ફરીયાદો નિ માંગ થયેલ હોઈ બ્રહ્મદેવ સમાજ ના મહા સચિવ મિલનભાઈ શુકલ દ્વારા પણ રાજકોટ મા આ અંગે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે આજરોજ જામનગર ખાતે બ્રહ્મદેવ સમાજ લીગલ સેલ ના યુવા એડવોકેટ વિશાલભાઈ જાની ખુદ ફરીયાદી બની જામનગર એસ.પી. શ્રી પાસે આ બાબતે યોગ્ય રજુઆત કરી કાયદેસર ના પગલા લેવા માંગ કરેલ તેમા સાથે નિમીષાબેન ત્રિવેદી સહિત ના બ્રહ્મસમાજ ના વકિલ મિત્રો, સિનિયર એડવોકેટ શ્રી હિતેન ભાઇ નાં માર્ગદર્શન સાથે બ્રહ્મદેવ સમાજ ના અજયભાઈ જાની, પ્રદેશ કારોબારી સભ્ય કશ્યપભાઈ ઠાકર, શહેર પ્રમુખ પ્રજ્ઞેશભાઈ ભટ્ટ, યુવા પ્રમૂખ જીતેન્દ્રભાઈ ભટ્ટ, શહેર મહિલા પ્રમુખ ઈલાબેન જોષી, બ્રહ્મદેવ સમાજ અગ્રણી અને શહેર ભાજપ મહામંત્રી શ્રી પ્રકાશ ભાઇ બાંભણિયા, સાશક પક્ષ નાં નેતા શ્રી કુસુમ બેન પંડ્યા, શહેર ઉ.પ્ર દિપકભાઇ ભટ્ટ, સચીનભાઇ જોષી, શહેર સંગઠન મંત્રીઓ કમલેશભાઈ પંડ્યા, તારકભાઇ જોષી, મંત્રી યોગેશભાઇ ભટ્ટ, જીલ્લા ઉ.પ્રમુખો સુરેશભાઇ જોષી, મેહુલભાઇ મહેતા, સહિત મોટી સંખ્યામાં બ્રહ્મદેવ સમાજના દરેક કાર્યકર્તા તેમજ હોદેદારો, મહિલા અને યુવા ટીમ તેમજ બ્રહ્મ સમાજ ના વકિલ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા બ્રહ્મદેવ સમાજ જામનગર મીડિયા વિભાગ અશ્વિન બી આશા ની યાદીમાં જણાવાયુ

NOG SS NO: 001,002

પ્રકાર : ગદ્ય વિષય : રક્ષાબંધન

## "પ્રેમ નો મહાસાગર"

**વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ વિશ્વ વિખ્યાત છે.જેની જાળવણી કરવામાં સાહિત્ય પીરસનાર સર્જકો નો અમૂલ્ય અને વંશીય ફાળો છે.પ્રેમ,વાત્સલ્ય,સ્નેહ જેવા શબ્દો ની અનુભૂતિ સાહિત્ય સર્જકો શબ્દો થી અલાંકરિત રીતે કંડારી ભાવ ઉત્પન્ન કરી ક્યારેક અભિભૂત કરી નાખે છે..એવો જ તેમાં નો એક પ્રેમ એટલર " ભાઈ બહેન " નો પ્રેમ...જે તહેવાર ની રીતે ભારતીય સંસ્કૃતિ મા ખૂબ મોટા પ્રમાણમાં સર્વ જ્ઞાતિમાં " રક્ષાબંધન" શ્રાવણી પૂનમ તારીકે ઉજવાય છે..ભાઈ અને બહેન પોત પોતાના જીવન માં લગ્ન ગ્રંથિ થી જોડાયા બાદ આ એવો તહેવાર કે જે દિવસે લોહી ની સગાઈ ની પરખ,પરીક્ષા અને પરસ્પર ઋણ ચૂકવવાનો એક અનોખો વાર્ષિક અવસર,કે જેમાં પરસ્પર અંતર થી આશીર્વાદ ની આપ લે થાય.જેમ કોઈ ઉંમર નો બાંધ નહિ....બસ કેવળ નિસ્વાર્થ પ્રેમ,સહ ભોજન,સહ આનંદ....આવો આ અવસર ને સાહિત્ય ની જવાબદારી ના ભાગ રૂપે પ્રેમે વધાવીએ....**

**પ્રદીપ રાવલ....મિનાક્ષી રાવલ**

**જન ફરિયાદ/ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક..**

# "અમદાવાદમાં સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) દ્વારા ફેશન શો યોજાયો "



સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) દ્વારા લાલકાકા હોલ, અમદાવાદમાં એક ભવ્ય શો (કાર્યક્રમ) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ અલગ અલગ ગીતો પર ડાન્સ પર્ફોમન્સ કર્યા હતા. અહી બાળકોએ શ્રીસ્વામી વિવેકાનંદ, નારી સાથે થતા અન્યાય સામે રક્ષણ, બાળકો સરસ મજાની સ્પીચ આપી અને મોબાઈલફોનના ઉપયોગથી થતા ફાયદા અને ગેરફાયદા જેવા અલગ અલગ વિષયો ઉપર નાટકો (ડ્રામા) ભજવ્યા હતા. સાથે સાથે અહિયાં બાળકોએ અવનવી સ્ટાઈલમાં ફેસન શો પણ રજુ કર્યો હતો. જેમાં બાળકોએ અલગ અલગ વેશભૂષાઓ ધારણ કરી કેટવોક કરી હતી. સાથે સરસ મજાના ગીતો ગાઈને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અહિયાં ઉપસ્થિત સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ, ટ્રસ્ટીશ્રી આનંદ પારેખ મહેમાન શ્રીનરેન્દ્ર ડી પરમાર (ડેપ્યુટી એક્સેસર કલેકટરશ્રી શ્રી આર જી ભાવસાર (આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ), જયનમભાઈ સાકરીયા (ઝછ), ડો હર્ષ જોશી, હસીન વૈધ્ય, , પ્રફુલ રાવત (ઈન્ટરનેશનલ ફેસન કોરીઓગ્રફા, લાભુભાઈ પારેખ અને ક્રશ તિવારી, કિંજલ ગોખલે, નિધિ શ્રીમાળી, ભાગ્યશ્રી, વૈશાલીબેન આયર વગેરે ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ અને કાર્યક્રમની શોભાવધારી હતી.

## તંત્રી લેખ......

# ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩

કેન્દ્રીય કેબિનેટે ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ના સોફ્ટ લેન્ડિંગની પ્રશંસા કરતો ઠરાવ પસાર કર્યો છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે એક પત્રકાર પરિષદમાં ચંદ્રયાન-૩ મિશન માટે કામ કરી રહેલા ઈસરોના વૈજ્ઞાનિકોની ઐતિહાસિક સફળતાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે કેબિનેટ ચંદ્રયાન અને ઈસરોના વૈજ્ઞાનિકોને સલામ કરે છે.

તમને જણાવી દઈએ કે ઈસરોએ બનાવેલા રેકોર્ડને હંમેશા યાદ રાખવા માટે વડાપ્રધાન મોદીએ ૨૩ ઓગસ્ટને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. હવે મોદી કેબિનેટે પણ આ નિર્ણયને આવકાર્યો છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે આખો દેશ ચંદ્રયાન-૩ની સફળતાની ઉજવણી કરી રહ્યો છે, તેમાં કેન્દ્રીય કેબિનેટ પણ સામેલ છે.

કેબિનેટ ભારતીય વૈજ્ઞાનિકોની આ ઐતિહાસિક સિદ્ધિની પ્રશંસા કરે છે. આ માત્ર આપણી સ્પેસ એજન્સીની સફળતા નથી, પરંતુ તે ભારતની પ્રગતિ અને વૈશ્વિક મંચ પર આપણી તાકાતનું પ્રતીક છે. તે (કેબિનેટ) ૨૩મી ઓગસ્ટને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવાના પગલાને પણ આવકારે છે. કેબિનેટ સામેલ વૈજ્ઞાનિકોને અભિનંદન આપે છે. આપણા વૈજ્ઞાનિકોના સતત પ્રયાસોને કારણે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરનાર પ્રથમ દેશ બની ગયો છે. ચંદ્ર પર ઊતરવું અને તે પણ પૂર્વનિર્ધારિત માપદંડોને પૂર્ણ કરવા માટે પોતે જ એક સિદ્ધિ છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ એ પ્રતીકાત્મક છે કે કેવી રીતે આપણા વૈજ્ઞાનિકો જ્ઞાનની શોધમાં સીમાઓને આગળ વધારવા માટે તૈયાર છે.તેમણે કહ્યું કે પ્રજ્ઞાન રોવર દ્વારા આપણને જે માહિતી મળી રહી છે તેનાથી આપણા જ્ઞાનમાં વધારો થશે, નવી શોધોનો માર્ગ મોકળો થશે અને આપણે ચંદ્ર વિશે વધુ જાણી શકીશું. મંત્રીમંડળનું માનવું છે કે ઝડપથી બદલાતી ટેકનોલોજી અને નવીનતાના યુગમાં આપણું વૈજ્ઞાનિક જ્ઞાન, સમર્પણ અને કુશળતા અનુકરણીય છે. તેમની વિશ્લેષણાત્મક ક્ષમતા અને નવી શોધો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, વિજ્ઞાન પ્રત્યેનું તેમનું સમર્પણ દેશને આગળ લઈ જઈ રહ્યું છે. શ્રેષ્ઠ કાર્ય કરવાની તેમની ભાવના, નવીનતાઓ ચાલુ રાખવાની, પડકારો સામે લડવાની તેમની જોમશક્તિએ તેમને વિશ્વમાં નામ અપાવ્યું છે. તેની સફળતાએ અન્ય લોકોને પણ પ્રેરણા આપી છે.

# રસોડાના ધ્વનિવૈભવનો વિસૂરી અસૂર !!




રસોડા દ્વારા માનવીના સમગ્ર જીવન સાથે વણાઈ ગયેલાં આ બધાં ક્રિયાપદો અને ઉપકરણોમાં હજી બીજાંનો પણ સમાવેશ કરી શકાય. પરંતુ એમાંથી આટલાંનો જ ઉલ્લેખ કરવાનો આશય એક જુદા જ સંદર્ભે છે. અહીં તારવવામાં આવેલાં આટલાં ક્રિયાપદો અને આ બધાં સાધનોમાંનાં કેટલાંકની કાયમી વિદાયે આપણા સાંસ્કૃતિક જીવનની અમીરાઈ જાણે છીનવી લીધી છે !!વિજ્ઞાન અને ટૅકનોલૉજીએ આપણને ઘણું બધું આપ્યું એ ખરું પરંતુ એણે જ આપણાં આ બધાં હૈયે વળગેલાં પાત્રોને એક જ સપાટે નકામાં અને ભૂતકાળનાં બનાવી દીધાં છે ! એ વિલનનું નામ છે, "મિક્સર" ! સારું છે કે એને ઓળખવા માટેનો શબ્દ આપણી ગુજરાતીમાંથી લેવામાં આવ્યો નથી ! યાવની ભાષામાં જ ઓળખાતું આ મિક્સર આપણા લોકહૈયે વસી ગયેલ અનેક ક્રિયાઓ અને ક્રિયાપદોને એક જ ઝાપટે લુપ્ત કરી દઈ છેક રસોડામાં ઘૂસી ગયું છે ! એનો કર્કશ અવાજ રસોડા-ઘરની અનેક સુરાવલિઓને ભરખી ગયો છે; અનેક કલાત્મક ક્રિયા-પ્રક્રિયાઓ પર એણે પોતાનો પાશવી કૂચડો ફેરવી દીધો છે.

આ મિક્સર વિવિધ કદ–આકારોમાં વસેલું છે. ઘરઘંટી એનું સૌથી મોટું રૂપ છે. શરીરના વ્યાયામની સાથે મનના ધ્યાનને પણ પ્રેરનારી એવી કેટલીય લયબદ્ધ પરંપરાઓ આપણી પાસેથી છીનવાઈ ગઈ છે. એક નાનકડું એવું સાધન આપણી મધુર, કલાત્મક અને આરોગ્યપ્રદ એવી અનેક જીવનરીતિઓને ભુલાવી દેવા દેવા સમર્થ બની ચૂક્યું છે.

આજના યુવાનોને આમાંનાં કેટલાં બધાં સાધનોની કોઈ કલ્પના જ આવી શકે તેમ નથી. આજે વપરાતાં એમાંનાં જ કેટલાંક ક્રિયાપદો અન્ય ભળતી જ સેવાઓ માટે અને જુદા જ વેશ-પરિવેશે વપરાય છે !!

એક દૃષ્ય સામે આવે છે. બે સ્ત્રીઓ સામસામે ઊભી છે. બંનેની વચ્ચે લગભગ ઘૂંટણિયે પહોંચતો ખાંડણિયો છે. ખાંડણિયામાં નાની ડોલમાં સમાય એટલું અનાજ ભર્યું છે. ખાંડણિયામાં એક માથોડૂક ઊંચું સાંબેલું છે. એક સ્ત્રી સાંબેલાને પકડીને ઊંચે લઈ જઈને ખાંડણિયામાંના અનાજને ખાંડવા ખાંડણિયામાં પછાડે છે. પણ એ જ ક્ષણે એ સાંબેલાને હળવો ધક્કો મારીને સામેની સ્ત્રી તરફ છોડે છે. તે સ્ત્રી સંબેલાને પકડી–ઝીલી લઈને એ જ રીતે સાંબેલું ખાંડણિયામાં જોરથી મૂકે છે. અને એ જ રીતથી લયબદ્ધ રીતે સામે મોકલે છે ! આ સમગ્ર પ્રક્રિયા એક લય ઊભો કરે છે. અનાજ ખંડાતું જાય છે. બંને સ્ત્રીઓ વચ્ચે સાંબેલાની આપ–લે લયની સાથે એક તાલ પ્રગટાવે છે !

એ લય અને તાલ બંનેના ગળામાં કોઈ ગીત ગણગણાવે છે ! અનાજની ખાંડણીના કાર્યની સાથે સાથે જ કોઈ લોકગીતના સૂર એક જૂની સંસ્ક?તિની યાદ તાજી કરાવી આપે છે.......ને એ જ સમયે શરીરને મળતો વ્યાયામ રસોડા માટેની જરૂરિયાતને શરીરસ્વાસ્થ્ય સાથે જોડી આપે છે. ગણગણાતા ગીતનો લય અને તાલ વાતાવરણને સાવ નવી જ તરેહનો આયામ આપી દે છે !!

એવું જ એક દૃષ્ય વહેલી સવારે અનાજને દળતી ઘંટીનું છે ! ગામડામાં વહેલી સવારે પૂરી થવા આવેલી ઊંઘને ઘંટીનો એ સૂર નવું ઘેન લાવી આપે છે. તંદ્રામાં આવી ચૂકેલું મન ઘંટીના એ લયબદ્ધ ધ્વનિનો વૈભવ માણે છે. (ગામડાના ઘરે ફળિયામાં સૂતેલાને ઘંટીના સૂરની સાથે જ સાંભળવા મળતું એક બીજું ધ્વનિસુખ પણ માણવા જેવું હોય છે ! ગમાણે બાંધલાં પશુને, હમણાં જ નીરેલા નીરણને ચાવવાના 'વચડક વચડક' અવાજ અને ગળે બાંધેલી ઘંટડીના મધુર અવાજની જુગલબંધી તો નસીબદારને જ હોય....પણ એ તો વળી જુદો જ વિષય છે !!)

મિક્સરના કર્કશ અવાજની સામે ભૂતકાળમાં વિલીન થઈ ચૂકેલા પેલા મધુર ધ્વનિઓની સ્મ?તિ આટલું લખવા પ્રેરી બેસે એમાં શી નવાઈ ?! (રસોડાનાં ઉપરોક્ત સાધનો સિવાયનાં ઉપકરણોય કાંઈ ઓછી માયા નથી !)

– જુગલકિશોર



પ્રકૃતિ ની સુંદરતા એક એવો ઉપહાર છે જે પ્રશંસા અને કૃતજ્ઞતા પેદા કરે છે આપણે સૌ એ ક્યારેક ને ક્યારેક એની અનુભૂતિ કરી જ હશે. એ સંદર્ભ માં ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ(જીપેરી-જીટીયુ) માં પ્રકૃતિ વંદન કાર્યક્રમ યોજવા માં આવ્યો તે અંતર્ગત વૃક્ષદેવતા નું પૂજન તમામ અધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું અને તેના જતન માટે સંકલ્પ લેવામાં આવ્યો આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન પ્રિન્સિપાલ શ્રી ડો ચિરાગ વિભાકર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ.

# 'સાહિત્ય સંગીતનું વિશ્વ' આયોજિત 'ન્યુઝ ઓફ ગાંધીનગર/ જન ફરિયાદ' પ્રકાશિત

## સ્નેહ ભાઇ બહેનનો ગદ્ય

(૧)

સ્નેહ ભાઈ-બહેનનો

વાત છે વર્ષો પહેલાંની.

એમ્બેસેડર કારનો એ જમાનો હતો. આગળ ત્રણ મોટી વ્યક્તિઓ અને પાછળ ચારેક વ્યક્તિઓ બેસી શકે એટલી એમાં મોકળાશ રહેતી.

વાત છે એક ભાઈ અને ત્રણ બહેનોની. પાછળની સીટ પર આ ચારે જણાં આરામથી બેસી શકતાં. ચંદીગઢથી સિમલા, કુલુ, મનાલીની લગભગ પંદર દિવસની લાંબી મુસાફરી દરમ્યાન આગળ મોટી વ્યક્તિઓ, પાછળ ત્રણ બહેનો અને એમનો નાનો ભાઈ આરામથી બેસતાં. આમ તો સૌ ખૂબ આનંદપૂર્વક આ પ્રવાસ માણતાં, પણ ક્યારેક નાના ભાઈને અચાનક પેટમાં દુઃખવાની સમસ્યા થતી. સમસ્યાનો ઉકેલ પણ ભાઈએ જાતે જ શોધી કાઢ્યો.

"મને સહેજ આડા પડવા મળશે તો સારું લાગશે."

ભાઈને તકલીફ ન પડે એ માટે ત્રણ બહેનો સીટમાં સહેજ આગળ પડતી બેસતી. એમની પાછળ સીટની ખાલી પડતી જગ્યામાં ભાઈ લાંબો થઈને સૂઈ રહેતો. લાંબી મુસાફરીનો કંટાળો ટાળવાનું સરળ બહાનું શોધી કાઢ્યું હતું. પેટમાં શું દુઃખે છે, એ બહાર તો ક્યાં કોઈનેય દેખાય?

જેવી ગંતવ્ય સ્થાને ગાડી પહોંચે એટલે તરત બેઠો થઈને કારમાંથી કૂદકો મારીને બહાર દોડી જતો. એ દિવસો દરમ્યાન લગભગ એક સ્થાનેથી બીજાં સ્થાને પ્રવાસ શરૂ થાય કે ભાઈના પેટમાં દુઃખાવો શરૂ થઈ જતો.

લાંબી મુસાફરીનો કંટાળો ટાળવા નાના ભાઈના આ મોટાં બહાનાંની બહેનો જાણ હતી છતાં ભાઈ માટે કંઈ પણ કરવામાં, થોડી અગવડ ભોગવવામાં તકલીફ લાગવાના બદલે આનંદ આવતો.

એ વાતને વર્ષો પસાર થઈ ગયાં છે. ભાઈબહેનનાં મમ્મી-પપ્પા નથી રહ્યાં ત્યારે એ ત્રણે બહેનોનો સૌથી નાનો ભાઈ બાપની જગ્યા સાચવે છે. આજે એ ભાઈમાં બહેનોને પિતાની છબી દેખાય છે. પિતા જેટલી મમતાથી નાનો ભાઈ બહેનો માથે છત્ર બનીને ઊભો છે. એ છત્રનો ટેકો, ભાઈબહેનના સ્નેહની મજબૂત કડી ભાભી છે.

ભાઈબહેનનાં સ્નેહ વિશે ઈતિહાસમાં ઘણું લખાયું હશે. વાતોમાં, વાર્તાઓમાં ઘણાં દ્રષ્ટાંતોઆલેખાયાં હશે. ચંદ્રવદનમહેતાનાસ્નેહનાંઘરેણાં જેવાં, ભગિની-પ્રેમનાં ઉપનિષદ જેવાં ઈલાકાવ્યોયવાંચ્યાં છે.

લખાણ વાંચવા અને લાગણી જીવવામાં અવનીથી આભ જેટલું, શબ્દથી સંવેદના જેટલું અંતર અનુભવ્યું છે.

ભાઈ-બહેન વચ્ચે સ્નેહના અનુભવ કે સ્નેહની લાગણીઓને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી.

હર પરિવારના આ સૌથી પ્રેમાળ સંબંધને ઈશ્વર સદા સલામત અને સુખ આપે એવી દિલથી પ્રાર્થના.

અસ્તુ

રાજુલ કૌશિક

---

(૨)

ભાઈ બહેનની પવિત્ર પ્રીતીનો અવસર એટલે રક્ષાબંધન. બહેનને હંમેશા ભાઈ વ્હાલો હોય છે. આ દિવસે સુતરનાંધાગાથી ભાઈનું હેમક્ષેમ ઈચ્છે છે. નાનકડીરક્ષામાં તેના હૃદયની ભાવના છે. ભાઈને સુખી બનાવવાનાં અરમાન છે. ભાઈ બહેનનો પ્રેમ નિઃસ્વાર્થ છે. તેમાં ત્યાગની ભાવના વધુ છે. સ્ત્રી, પૂજાય, તો જ સંસ્કૃતિનું રક્ષણ થાય છે. દેવો રમે છે એટલે કે? દેવો પણ આશીર્વાદ આપે છે. રક્ષાબંધન એ સ્ત્રીનાંસન્માનનું પર્વ છે. ભારતીય સ્ત્રીનો મહિમા અપાર છે. ભારતીય સંસ્કૃતિમાં ત્યાં સુધી દર્શન છે કે પોતાની સ્ત્રી સિવાયની બધી જ સ્ત્રીઓ પોતાની બહેન છે. કેવી અદભુત ભારતીય સંસ્કૃતિ છે..!!

રક્ષાબંધનનો તહેવાર ભાઈએ બહેનને આપેલું રક્ષાનું અમર વચન છે. ભાઈ કહે છે કે મારી વ્હાલીબ્હેન ! તે મને આજે રક્ષાબાંધી છે હું જીવનભર ગમે તે ભોગે તારૂં રક્ષણ કરીશ. ભાઇનાં જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક રક્ષાબંધન પર્વ છે.

મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઇને કોઇ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ.

હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાનાં દિવસે બધી જ બહેનો પોતાના ભાઇનાંકાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. શું રાખડી બાંધીને કોઇની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરનાં જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે. આજનાં યુગમાં આવો ભવ્ય ભાવનાનો તહેવાર માત્ર નિર્જીવ વ્યવહાર ન બની રહે એનું ધ્યાન રાખીયે. આપેલી અને લીધેલી ચીજો કે પૈસા એ ગૌણ વસ્તુ છે એનું મહત્વ નથી પણ ભાઇ-બહેન વચ્ચે સ્નેહમાં અભિવૃદ્ધિ થાય એ વધુ મહત્વનું છે.

રાખડી એ માત્ર સૂતરનો તંતુ નથી, એ તો શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે. ભાઇનાં હાથે રાખડી બાંધીને બહેન માત્ર પોતાનું જ રક્ષણ ઇચ્છે છે એટલું જ નહિ, પરંતુ સમસ્ત સ્ત્રી સમાજને પોતાના ભાઇનું રક્ષણ મળે એવી ભવ્ય ભાવના અને અપેક્ષા રાખે છે. આપ સહુને આ પવિત્ર દિવસ રક્ષાબંધનની ખૂબ ખૂબશુભેચ્છાઓ..!!

-વૈભવી જોશી (ઓસ્ટ્રેલિયા)

(૩)

રાખડી - પ્રીતનો એક પવિત્ર તાંતણો

ભાઈ બહેનનાસ્નેહનું પ્રતીક રક્ષાબંધન શ્રાવણ પૂનમેમનાવવામાં આવે છે. આને શ્રાવણ પર્વ પણ કહે છે. આ વર્ષે રક્ષાબંધન ૩૦ અને ૩૧ ઑગસ્ટ એમ બે દિવસ મનાવવામાં આવશે. કારણ સનાતન ધર્મમાં ભદ્રા રહિત રાખડી બાંધવી શુભ ગણાય છે.

દરેક તહેવારને પોતાનું મહત્વ છે. રક્ષાબંધન ભારતીય સંકૃતિનો અનુપમ ઉપહાર છે. જ્યારે બહેન એક ભાઈને કાંડા ઉપર રાખડી બાંધે છે ત્યારે તેના મનમાં ભાઈ માટે લાગણીઓનો ધોધ વહે છે, ઈચ્છે છે જીવનની બધી ખુશી ભાઈને મળે. ભાઈ પણ ત્યારે બહેનનાસન્માનનીરક્ષાનું પ્રણ લે છે.

પુરાણોમાં આ તહેવાર કેવી રીતે શરૂ થયો તેની નોંધ મળે છે.

જ્યારે ભગવાન વિષ્ણુ રાજા બલીની સાથે પાતાલ લોકમાં રહેવા ચાલી ગયા ત્યારે, ચિંતિત દેવી લક્ષ્મીને, નારદજીએ સલાહ આપી કે, તમે રાજા બલીને રાખડી બાંધી ભાઈ બનાવી લો, અને વરદાનના રૂપમાં ભગવાન વિષ્ણુને માંગી લો. લક્ષ્મીજીએ વેશ બદલીને બલીરાજાને રાખડી બાંધી વિષ્ણુને માંગી લીધા. સંયોગવશાત તે દિવસે શ્રાવણ પૂર્ણિમા હતી. એવું માનવામાં આવે છે કે તે દિવસથી ભાઈ બહેનના આ પવિત્ર બંધનને રક્ષાબંધન તરીકે ઉજવવામાં આવે છે.

આ તહેવાર સંબંધિત મહાભારતના સમયની શ્રીકૃષ્ણ અને દ્રૌપદી સાથે જોડાયેલી એક કથા પ્રચલિત છે. જ્યારે ઈન્દ્રપ્રસ્થમાંશિશુપાલનો વધ કરતી વખતે શ્રીકૃષ્ણએ સુદર્શન ચક્ર ચલાવ્યું હતું. ત્યારે તેમની આંગણીમાં ચોટ આવી હતી, ત્યારે દ્રૌપદીએ પોતાની સાડીનો પાલવ ફાડી ભગવાનની આંગળી પર બાંધી દીધો હતો, ત્યારે શ્રીકૃષ્ણેદ્રૌપદીને વચન આપ્યું હતું કે તેઓ તેની રક્ષા કરશે. ભગવાને ચીર હરણ વખતે દ્રૌપદીને આપેલું વચન નિભાવ્યું હતું, અને તેની લાજ બચાવી હતી. ભાઈએ બહેનનાસન્માનની રક્ષા કરી હતી.તે દિવસ શ્રાવણ પૂનમ હતી. તેવી જ રીતે ઈતિહાસમાં રાણી કર્ણાવતી દ્વારા મુગલ શાસક હુમાયુને રાખડી બાંધવાનો ઉલ્લેખ પણ મળે છે.

રાખડી ફક્ત ભાઈને જ નહીં, દેવમૂર્તિઓ, વૃક્ષો, પંડિતો દ્વારા યજમાનને પણ બાંધવામાં આવે છે. રાજસ્થાનમાં રાખડી ફક્ત ભાઈઓને જ નહીં, પરંતુ ભાભીઓને પણ વિશેષ લટકણવાળી રાખડી " લુમ્બા" બાંધવામાં આવે છે.

રાખડી બાંધતા પહેલાં જ્યારે બહેન ભાઈને કપાળ પર તિલક કરે છે ત્યારે તેની આત્મ ચેતનાને બળ આપે છે. આત્માનેપ્રદુષિત કરનારા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર રૂપી પાંચ વિકારોનેબાળે છે. ભાઈનો સન્માર્ગે વિકાસ થાય છે. આ રાહમાંપ્રિતનોસુતરનો તાંતણો ભાઈની રક્ષા કરે છે.

ભરત સાંગાણી, અમદાવાદ.

---

(૩)

'ભાઈ-બહેનના પ્રેમ, લાગણી અને વિશ્વાસનું પર્વ, રક્ષાબંધન'

શ્રાવણ માસની પૂનમ અર્થાત્ શ્રાવણી પૂનમ એટલે ભાઈ-બહેનનાસ્નેહને વાચા આપતું રક્ષાબંધનનું પર્વ.

આભાર - નિહારીકા રવિયા સામાન્ય રીતે આ દિવસે દરેક બહેન પોતાના ભાઈને માટે સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યની મંગલ કામના કરે છે અને તેમની વચ્ચેના પ્રેમનાપ્રતિકરૂપે બહેન ભાઈના કાંડા ઉપર રક્ષાનો એક ધાગો કે દોરો બાંધે છે. બહેન ભાઈને ઉત્તમથી ઉત્તમ ભવિષ્યની શુભેચ્છાઓ આપે છે અને ભાઈ પોતાની બહેનની કોઈપણ પરિસ્થિતિમાં હરહંમેશ રક્ષા કરવાનું વચન આપે છે. પરસ્પર લાગણીના સેતુથીજોડાયેલા ભાઈ અને બહેન જીવનભર એકબીજાની સાથે જોડાયેલા રહેવાની હૈયાધારણ આપે છે. બહેન ભાઈનું મોં મીઠું કરાવે છે અને ભાઈ બહેનને યથાશક્તિ ભેટ આપે છે.

જીવનમાં કેટલાંક સંબંધો માનવસર્જિત હોય છે, જ્યારે કેટલાંક ઈશ્વરસર્જિત. ભાઈ અને બહેનનો સંબંધ એક એવો જ જન્મથી નિર્મિત થયેલો ઈશ્વરસર્જિત સંબંધ છે. નાનપણથી સાથે મોટા થયા હોવાથી કંઈ કેટલીયેખટમીઠી વાતો અને યાદગાર ક્ષણો તેમની સ્મૃતિમાંસચવાયેલી હોય છે. નાનપણમાં લડતાં, ઝઘડતા પરંતુ બીજી જ ક્ષણે ફરી એક થઈ જતાં ભાઈ-બહેનોને આપણે જોયાં છે. ભાઈ અને બહેન સમય આવે એક થઈ એકબીજાને પડખે અડીખમ ઊભા રહેતાં જોયા છે. આ સંબંધ લોહીનો સંબંધ છે અને તેમાં છલોછલ લાગણી, પ્રેમ અને વિશ્વાસ અકબંધ સચવાયેલા હોય છે. રક્ષાબંધનનું પર્વ તો માત્ર તેનો પુનરોચ્ચાર કરવાનો અને પરસ્પર પ્રતિબદ્ધતાદર્શાવવાનો અવસર છે.

શાસ્ત્રો તથા પુરાણોમાંરક્ષાબંધનનાપર્વનાઉદ્ભવ વિશેની અલગ અલગઘટનાઓમાં એક ભગવાન શ્રી કૃષ્ણ અને દ્રૌપદી વચ્ચેનો ભાઈ-બહેનનો પવિત્ર સંબંધ દર્શાવતો કિસ્સો છે. મહાભારતમાંશિશુપાલના વધ બાદ દ્રૌપદી શ્રી કૃષ્ણની સુદર્શનચક્રથીઘવાયેલી લોહી નીતરતી આંગળી ઉપર પોતાની સાડીનો છેડો ફાડી બાંધીને લોહી અટકાવે છે ત્યારે શ્રી કૃષ્ણ બહેન દ્રૌપદીના રક્ષણ માટે વચનબધ્ધ થાય છે. શ્રી કૃષ્ણ દ્રૌપદીનાચીરહરણ પ્રસંગે તેને વસ્ત્ર પૂરા પાડીને એક ભાઈની ફરજ પૂરી કરે છે. આ પ્રસંગ ભાઈ અને બહેનની એકબીજા પ્રત્યેની લાગણી તથા વચનબધ્ધતા વ્યક્ત કરે છે. રક્ષાબંધનના પર્વનો પ્રારંભ આવી જ કોઈ ઘટનાથી થયો અને તે ભાઈ અને બહેન વચ્ચેના સમર્પિત પ્રેમની પરિભાષાનો પર્યાય બની ગયો.

આમ રક્ષાબંધનનું પર્વ એ ભાઈ અને બહેન વચ્ચેના અપ્રતિમ સ્નેહનું પ્રતીક છે. સમયાંતરે એકબીજા માટે ઈશ્વરનિર્મિત એવા આ અણીશુદ્ધ સંબંધને પ્રેમથી સિંચવાનો આ અવસર છે. આ શુભ પર્વની સહુ ભાઈ-બહેનોને અઢળક શુભેચ્છાઓ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

(૪)

"અમર છે જોડી ભાઈબહેનની,
હોય હંમેશા એકબીજાના પૂરક,
કર્યું પ્રભુએ જાણે અનોખું સર્જન,
બને બંને ઘરના આંગણામાં રોનક,
ન મળે જોડ આ નિસ્વાર્થ પ્રેમની,
રહે હૃદયના તારથી હંમેશા એક,
નથી કોઈ બીજો સંબંધ આવો,
સુખમાં સુખી, દુઃખમાં દુઃખી.
ભાઈ વધારે કુળની વેલ ,બહેન વધારે શાન.

આમ ભાઈ બહેનનો સંબંધ એક અજોડ સંબંધ છે.

જો માતા ન હોય તો બહેન માતા બની ભાઈને સાચવે છે અને જો પિતા ન હોય તો ભાઈ પિતાની ફરજ નિભાવી બહેનને સાચવે છે. આ સંબધમાંઝગડા લાખો થાય તો પણ પાછી "ભાઈ આવશે એટલે સાથે જમીશું" એવું કહેનારી,બહેનનો પિતા તુલ્ય પડછાયો એટલે ભાઈ.

કાચારેશમનાતાંતણે ભલે આ સંબંધ બંધાયો હોય, રેશમની ગાંઠ કદાચ કાચી ભલે હોય પણ તે લોહીનાસંબંધનીગાંઠને મજબૂત કરે છે.

સાસરે જતી બહેન ઘરના આંગણામાં થાપા મારી અને ખોબામાં અક્ષત લઈ ઘરના આંગણામાં પાછળ જોયા વગર પિયર વધાવતી બહેન બસ એટલુંજ મૌન રહીને કહે છે કે "નથી જોઈતો હિસ્સો ભાઈ , ફક્ત મારું પિયર સજાવી રાખજો.

પિતાના ઘરમાં મારી યાદ , સદાય હૃદયમાં પ્રગટેલી રાખજો.

કંઈ ન આપશો મને બસ સદાય હૃદયમાં પ્રેમ રાખજો.

બાળકોના મનમાં મારું માન જાળવી રાખજો, દીકરી છું ઘરની એ સન્માન સજાવી રાખજો.

માતા પિતા ન હોય ત્યારે ભાઈ મારું ટાણુ, સાચવવા જરૂર આવજે.મારા સંતાનોનામોસાળમાં લાડ પૂરા કરજે.

બહેન એ સમર્પણની મૂર્તિ છે, સ્ત્રી તરીકે બહેન , માતા, પત્ની , દીકરીનેપુરુષ પાસેથી ફક્ત પ્રેમ અને માનની અપેક્ષાહોય છે.

જે ઘર પોતાનું હોય તેમાં લગ્ન પછી પરાયા થઈ, મહેમાન બની આવવું એ વેદના તો એક સ્ત્રી જ સમજી શકે. બધું પોતાનું ત્યાગી ને પારકાને પોતાના કરવા તે એક સ્ત્રી જ કરી શકે, માટે જ દરેક રૂપમાં સ્ત્રી વંદનીય છે.

આવા મધુર ,મીઠા ભાઈ બહેનના સંબંધમાં ક્યારેક જ્યારે તિરાડ પડે, ત્યારેદુઃખ ચોક્કસથાય છે.

જ્યારે વૃદ્ધાવસ્થાને આરે ઊભા હોઈએ, માતા પિતા હૈયાતન હોય, ત્યારે ભાંડુંઓનો સહવાસ અને નિસ્વાર્થ પ્રેમની કિંમત સમજાય છે.ભાઈ બહેન વચ્ચે એવી કોઈ ગાંઠ ન હોય અને હોય તો એને દરગુજર શું ન કરી શકાય? બધા સંબંધો જતુ કરીને જ સચવાય છે તો પછી આ સંબંધ તો માબાપે આપેલી અમૂલ્યસંપત્તિ તથા ઋણાનુંબંધેજોડાયેલો છે, આમાં નીજી સ્વાર્થ વચ્ચે આવતો જ નથી.

જગતમાં આ સંબંધને સંસારની માયાથી અલિપ્ત રાખી અને પૂર્ણ સમર્પિત થઈ નિભાવીએ તેવી અભ્યર્થના .

શ્રીદેવીપિનાકીનપંચોલી(અમદાવાદ)

---

(૫)

★' સ્નેહ ભાઈબહેનનો '★

રક્ષાબંધન શ્રાવણી પૂર્ણિમાનો તહેવાર છે. બહેન પોતાના ભાઈનાકાંડે રક્ષા બાંધીને એનું સુખ તથા એનો વિજય વાંછે છે. બહેનનાનિતરયાસ્નેહનુંપ્રતિક એટલે રક્ષા રાખડી. એને તાંતણેતાંતણે બહેનનો નિર્માણ સ્નેહ પરોવાયેલો છે.

ભાઈ અને બહેન એ આપણા મા- બાપે આપણી વૃદ્ધાવસ્થા માટે રાખેલી બહુ મુલ્યવાન સંપત્તિ છે. જેની કદર આપણને ખુબમોડેથી થાય છે.....આપણે નાના હતા ત્યારે ભાઈ બહેન જ સૌથી નજીકના મિત્રો હતા. દરરોજ સાથે રમતા, જમતા, ઝગડતા. છતાં એકબીજા વગર ચાલતું નહીં. આમ ને આમ ( મોટા થવાની હોંશમાં ) ક્યારે બચપણ વિતી ગયું ? એની ખબર જ ના પડી.મોટા થયા એટલેબધા પોત પોતાના સંસારમાં ખોવાઈ ગયા. પોતાનું અલગ જીવન શરૂ થયું.

ભાઈ બહેન ની મુલાકાત પ્રસંગોપાત જ થવા લાગી.આતો માં - બાપ નાં આશિર્વાદ જ હતા. જેણે આપણ ને જોડી રાખ્યા. ધીરે ધીરે આપણે વૃદ્ધ થઈએ એની વાટ જોતા રહ્યા.આપણા મા-બાપઆપણ ને છોડી ગયા છે અને આપણી આજુ બાજુ ના સગા સંબંધીઓ ની સંખ્યા પણ ઓછી થવા લાગી, ત્યારે ધીરે ધીરે આપણનેએ ( ભાઈ બહેન ) વાત્સલ્યની કિંમત સમજાવા લાગે છે.

૭૧ વરસનો ભાઈ તેની ૬૬ વરસ ની નાની બહેન ને મળવા ગયો હતો. થોડીવાર પછી બંન્ને છુટા પડ્યા ત્યારે બહેનને અચાનક કઈયાદ આવ્યું. એ ભાઈ ની કાર પાછળ દોડવા લાગી. ભાઈએ તરત જ કાર ઊભી રાખી. બહેને ભાઈ નાં હાથમાં એક ડબ્બો મૂક્યો અનેકહ્યું તારી ભાવતી વસ્તુ છે.તને આપવાનુ ભૂલી ગઈ. એનું બોલવા નું પૂરું થાય એ પહેલા જ ભાઈ બહેન ની આંખોમાં થી અશ્રુ ધારાવહેવા લાગી. આ ઉંમરે ભાઈ બહેન નું મળવું એ ખૂબ જ ભાગ્યની અને ગૌરવની વાત છે.

હા, આપણે મોટા (વૃદ્ધ) થઈ એ ત્યારે જ આપણ ને સમજાય છે કે આ જગતમાં લોહીનાં સંબંધો થી જોડાઈ રહેવું કેટલું મહત્વ નુંછે.... જ્યારે આપણે વૃદ્ધત્વનાં ઉંબરે ઊભા હોઈએ અને માં - બાપ બંન્ને હયાત ન હોય ત્યારે ભાઈ બહેન જગતનાં સૌથી નજીક નાંસંબંધી હોય છે.મિત્રો દુર જઈ શકે છે. છોકરાઓ મોટા થઈ ને દૂર જઈ શકે છે. તમારો જોડીદાર તમારી સાથે હોય ન હોય.ત્યારે ફક્તભાઈ બહેન નો સાથ જીવનનો ઉતરાર્ધ પૂરો કરવા અંત સુધી સાથ આપી શકે છે.

આપણે વૃદ્ધ થયા તોય ભાઈ બહેનો ભેગા મળીએ તે એક અનેરો આનંદ છે.એમના સહવાસ માત્ર થી નિસ્વાર્થ હુંફ નો અહેસાસથાય છે....અને તે અહેસાસ થી ગમે તેવી મુશ્કેલી નો સામનો કરવા માટે હિંમત અને બળ મળે છે.ભૂતકાળમાં કોઈ અપ્રિય ઘટનાઓકોઈ કારણોસર કે મજબુરી થી થઈ હશે. તોય.ભાઈ બહેને એક બીજા માટે વધારે સહન શીલને ક્ષમાશીલ રહેવું જોઈએ.એવી કોઈ ગાંઠનથી, જે ભાઈ બહેન વચ્ચે બાંધી

આભાર - નિહારીકા રવિયા શકાય..એવી કોઈ ઢાલ નથી કે જે ભાઈ બહેન વચ્ચે આવી શકે.અને કદાચ આવી હોય તો એને કાઢીના શકાય.ભાઈ બહેને ક્યારેય જૂના ઉખેડા કાઢવા નહી, નારાજગી ને પોસવી નહી. પરસ્પર થોડા અવલંબિત બની એકબીજાનાસ્નેહભાવ વધારીએ તો.આ નિસ્વાર્થ સંબંધો વધારે મજબુત થશે. અને ચોક્કસ થશે જ.કારણ આ સંસારમાં આપણા માં- બાપેઆપણા માટે રાખેલો આ સૌથી મૂલ્યવાન લોહીનાં અતુટ સંબંધોનો વારસો છે.

રેખા શુકલ (આમેરિકા)

---

(૬)

રક્ષાબંધનનો તહેવાર એ હિંદુઓના પવિત્ર તહેવારોમાંનો એક છે. આ તહેવાર શ્રાવણ મહિનાની પૂનમે આવે છે.આથી જ એને શ્ઈ૩૯;શ્રાવણી પૂર્ણિમાશ્ઈ૩૯; પણ કહે છે. વળી મુંબઈ અને કોંકણ જેવા પ્રદેશોમાં આ દિવસે દરિયાકાંઠાનાંહિંદુમાછીમારો દ્વારા ચોખા, ફૂલ અને નાળિયેરથી દરિયાની પૂજા કરે છે. આથી આ દિવસનેશ્ઈ૩૯;નાળિયેરી પૂર્ણિમાશ્ઈ૩૯; પણ કહે છે. આ દરિયાપૂજન વિધી દરમિયાન માછીમાર બહેનો પોતાનાં માછીમાર ભાઈઓના હાથે રાખડી બાંધે છે.

હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈનાંહાથનાં કાંડા પર રાખડી બાંધી તેની સર્વપ્રકારની રક્ષા કરવાનું વચન માંગે છે. આ દિવસે એક તરફ જ્યાં બહેન તેના ભાઈને પ્રેમ અને વિશ્વાસથીરાખડીબાંધે છે ત્યાં ભાઈ પોતાની પૂરી જિંદગી બેનની રક્ષા કરવાનું વચન આપે છે. રક્ષાબંધનના દિવસે બહેન ભાઈનામાથા પર તિલક લગાવી તેની લાંબી ઉંમર માટે પ્રાર્થના કરે છે. રાખડીનો બંધાયેલો દોરો ભાઈ બહેનનાંપ્રેમનેમજબૂતતાંતણે બાંધે છે.

રક્ષાબંધન વિશે તમે સૌ જાણો જ છો એટલે વધારે ચર્ચા નથી કરતી, પરંતુ જે કેટલીક અજાણી બાબતો છે તેનાંવિશે જણાવીશ.ધર્મગ્રંથો અનુસાર રક્ષાસૂત્રોઃ-ગુરુ રક્ષાસૂત્રઃ-પોતાનાં શિષ્યનું કલ્યાણ થાય એ હેતુથી ગુરુ શિષ્યનાં જમણા હાથે બાંધે છે.

સ્વષૃરક્ષાસૂત્રઃ-

ભાઈના જમણા હાથનાં કાંડા પર બહેન રાખડી બાંધે છે તે. આ બાબતનો ઉલ્લેખ ભવિષ્યપુરાણમાં છે.

માતૃ પિતૃ રક્ષાસૂત્રઃ-માતા પિતા દ્વારા પોતાનાં બાળકને તેની રક્ષા માટે બાંધવામાં આવતું સૂત્ર. આને શાસ્ત્રો અનુસાર શ્ઈ૩૯;કરંડકશ્ઈ૩૯; કહે છે.

વૃક્ષ રક્ષાસૂત્રઃ-પુરાણોમાં જણાવ્યા અનુસાર જો કોઈ છોકરી કે સ્ત્રીને ભાઈ ન હોય તો તે વડ કે પીપળાનાં વૃક્ષને રાખડી બાંધી શકે
છે, જેને વૃક્ષ રક્ષાસૂત્ર કહે છે.

ગૌ રક્ષાસૂત્રઃ-દરેક પ્રકારનાં રોગ, દોષ અને શોક દૂર કરવા માટે ગૌ માતાને રાખડી બાંધવામાં આવે છે. આનો ઉલ્લેખ અગસ્તસંહિતામાં કરવામાં આવ્યો છે.

રક્ષાબંધનમાં વપરાતી સામગ્રીઓ અને તેમનું મહત્ત્વઃ-

ચોખાઃ-ચોખા એટલે અક્ષત. અક્ષત એટલે અધૂરું નહીં હોય એવું, એટલે કે પૂર્ણ. આથી જ રક્ષાબંધનની વિધી અધૂરી ન રહીજાય તે માટે કંકુનું તિલક કર્યા પછી તેનાં પર ચોખા ચોંટાડવામાં આવે છે.

શ્રીફળઃ-શ્રી એટલે મા લક્ષ્મી. આથી જ ભાઈ બહેનનાં જીવનમાં લક્ષ્મી અને સમૃદ્ધિ આવે તે માટે થાળીમાં શ્રીફળ રાખવુંજરૂરી છે.

રાખડીઃ-જમણા હાથનાં કાંડા પર આવેલી નસ ઉપર દબાણ થવાથીસ્વાસ્થ્યને લગતી તકલીફો દૂર થાય છે. આથી જરાખડી ત્યાં બાંધવામાં આવે છે.

મીઠાઈઃ-સંબંધોમાં કડવાટ ન આવે અને સદાય મીઠાશ રહે તે માટે મીઠાઈ ખવડાવી એકબીજાનું મોં મીઠું કરાવાય છે. દરેકશુભ પ્રસંગોમાં મીઠાઈ રાખવાનો હેતુ પણ આ જ છે.

દીવો/આરતીઃ-દીવો પ્રગટાવતાં જ તેની આસપાસ રહેલી નકારાત્મક ઊર્જા દૂર થઈ જાય છે. આથી જ રાખડી બાંધતી વખતેપહેલાં દીવો પ્રગટાવવામાં આવે છે અને ત્યારબાદ છેલ્લે બહેન ભાઈની આરતી ઉતારે છે, એવા મનોભાવ સાથે કે
ભાઈના જીવનમાં ક્યારેય નકારાત્મકતા નહીં પ્રવેશે.

સ્નેહલ રાજન જાની (સુરત)

---

(૭)

સ્નેહ ભાઈબહેન નો
એટલે રક્ષાબંધન
અને સાથે આવતું વર્ષે દહાડે

સ્નેહ ભાઈબહેન નો
ભાઈબીજ

વાહ ભગવાન તે આ કેવો સ્નેહ નો કરિશ્મા બન્ને ભાઈબહેન માટે રચ્યો છે..!? પ્રથમ ચરણે હું આપને ધન્યવાદ કરી નમન કરું છું. બાદ હું આ સ્નેહ ભાઈબહેન નો લેખ લખવા માટે નીમીત બનું છું.

રક્ષાબંધન સ્નેહ ભાઈબહેન નો એક અજીબ ગરીબ સુંદર ફૂલો નો ગુલદસ્તો છે, ફળ ફડાદીછે.સત્યમ્શિવમસુન્દરમ્ અને મધુરમ છે, વીણા અને સંગીત નું એક સુર અને તાલ છે.

ભાઈ બહેન માટે એના હૃદય ના ખૂણા નો એક મઝધાર ખીવૈયો છે. જેમ દાંપત્ય જીવન નું એક પાયો છે તેમ રક્ષાબંધન ભાઈબહેન માટે એક મજબુત પ્રેમનો સ્તંભ છે. અડોલ અખંડ પ્રેમ છે. ભાઈબહેન એક ઈશ્વર નો અનમોલ ખજાનો છે. બહેન કાજે ભાઈ એક ૧૦૮ મોબાઈલ વાન છે. રાતે અડધી રાતે ખડે પગે ઊભો રહે એવો આર્મી સેનિક છે.

ભારતીય સનાતન સંસ્કૃતિ મૂજબ વર્ષે દહાડે આવતા વાર ત્યોહાર એક એક ભારતીયો માટે મિલન હર્ષ ઉલ્લાસ સાથે આવતું નવા દ્રષ્ટિ નું આગમન નું શુભારંભ છે. ત્યોહાર પ્રેરણા નું પ્રતિક છે. એમાએ ભાઈબીજ, રક્ષાબંધન ભાઈબહેન માટે દર્શાવતું એક એકજ ડાળપરબેઢેલ બે ભાઈબહેન નુ પ્રતિબિંબ છે. માં ની ગેરહાજરી ભાઈ કાજે બહેન એક રસથાળ પૂજા છે કયારે ખોટ ન આવાદે બહેન એવી ઉત્તમ મા ઉત્તમ માં સ્વરૂપે નું દ્રષ્ટાંત છે.

જગત સૃષ્ટિ ઉપર ભાઈબહેન નો પ્રેમ અજોડ છે. જે ઈશ્વરે આ સબંધ ને ઘડવાખુબ મનન ચીંતન થી વિચાર કરી ઘડયું હશે. !!

તેણે કોઈ ને કોઈ થી જુદા તો થવા નથી ઘડ્યા..!! માનવી ને માનવી સાથે સુમેળથીપ્રેમના બી વાવવાનું કામ તેણે ખૂબજ સુંદર પ્રતિભાવ થી કરી ગુથ્યા છે.

આ દુનિયા મા ભગવાને સુન્દર ચોઘડિયા થી ત્યોહાર એક ઉદાહરણ...માનવી ને માનવી થી જુદા થવા માટે ઘડ્યા જ નથી પરંતુ આ આદમી આજ માનવ નથી બની શક્યો.!!

આપણે સહું એક સુપ્રીમ પરમપિતા પરમાત્મા ની સંતાન છીએ જેથી પ્રેમની ભાસના કાજે જાનવર પંખી આજે પાડવા કે ઉછેરી એમની સાથે સ્નેહ કાજે સાથે રેહવાનો વારો નો આવે, ન બહેનભાઈ ને ઘરડા ધર મા સહારો લેવો પડે ...

તો આઓ સ્નેહ કેળવીએ અને ભાઈ ને બહેન થી અને બહેન ને ભાઈ થી કોઈ દી છૂટા ન પડવા દઈએ.અને ભગવાન ના આશીર્વાદ સ્નેહ થી સદા કાળ માટે લઈ પ્રસન્ન ચિત્ત રહીયે.

ડો.કનૈયાલાલમાલી "ઉત્સવ"(અમદાવાદ)

---

(૮)
નાનકી○○○

કેતન આજે ખૂબ ખુશ હતો.હંમેશા મજાક મસ્તી કર્યા કરતી પોતાની નાનકીબહેનના આજે લગ્ન હતાં.છેલ્લા બે મહિનાની ભાગદોડ પછી આજે બેનાનેવળાવવાનો દિવસ આવી પહોંચ્યો હતો.દુનિયાભરની ખુશી જાણે કે એના ખોળે મૂકી દેવા માંગતો હતો. આંસુઓના તોરણ? એણે મહા મહેનતે પોતાની અંદર સાચવીને રાખ્યા'તા.

નાનકી એટલી તો જીદ્દી હતી કે એની દરેક સાચી ખોટી વાત એ મનાવીને જ રહેતી.ભાભીજીજ્ઞા પણ એની વાત ઊથાપવાની હિંમત ન્હોતી કરી શકતી.ક્યારેક કહી દેતી કે સાસરે જશે ત્યારે બધી ખબર પડી જવાની છે તને ! જોજે તું! નાનકી આવું સાંભળીને રીસ ચઢાવીને બેસી જતી.કેતન જ્યાં સુધી એને મનાવવા ના આવે ત્યાં સુધી એ અન્નજળનો ત્યાગ કરતી.કેતન મનાવે પછી પોતાનો અંગૂઠો બતાવી જીભ કાઢીને ભાભી પાસેથી મનગમતી વાનગી બનાવી આપવા માટે બુમો પાડીને ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ જતી.

નાની ઉંમરે જવાબદારીના બોજ તળે દબાયેલા કેતનને પોતાની જાત મહેનતથી ખૂબ સારી જૉબ લાગી હતી.એનીનાનકી અને પત્ની જીજ્ઞાની લાગણી અને માંગણીનેસંતોષવાનો તે હંમેશા પ્રામાણિક પ્રયત્ન કરતો. નાનકીના નસીબે એને સાસરું ખુબ સરસ મળ્યું હતું.કેતને સાચવી રાખેલો આંસુઓનો બંધ નાનકીની વિદાય વેળાએ છલકાઈ ગયો.

નાનકીની વિદાય પછીની પહેલી રાત કેતને ચિંતામાં જ પસાર કરી.આમ ને આમ ત્રણ મહિના પસાર થઈ ગયાં.નાનકીના ફોન પણ આવતા ઓછાં થઈ ગયાં.એનુઆવનજાવન પણ ઓછું થઈ ગયું.કેતનને ચિંતા થતી હતી.જીજ્ઞા અને કેતને એક વાર
આભાર - નિહારીકા રવિયા નાનકીના સાસરે જવાનું વિચાર્યું. રસ્તામાંથીમીઠાઈનુ બૉક્સ પણ લઈ લીધું.બહેનને ઘેર ખાલી હાથે કેમ જવાય?

દ્વાર ખુલ્લાં જ હતાં.અંદરથી અવાજ આવતા હતા,
"રીનાવહુ,મારા ચશ્માં નથી મળતાં"
એ લાવી બાપુજી!!
"રીનાવહુ,આજે બધાને રજા છે પકોડાબનાવજો."
એ હા મમ્મીજી!!
"રીનાવહુ,તારી નટખટ નણંદનોકૉલેજથીઆવવાનો સમય થઈ ગયો છે.એણેમૅગી બનાવી રાખવાનું કહ્યું છે.પછી તમારે એની સાથે શૉપિંગ જવાનું છે.રીના વહુ,તમને ખબર છે ને કે એ કેટલી જીદ્દી છે ? "
હા મમ્મીજી, તમે જરાય ચિંતા ના કરો બધું થઈ જશે.બસ તમે આરામ કરો.
અચાનક પોતાનાં ભાઈ ભાભી ને આવેલાં જોઈને રીનાનીખુશીનો પાર ના રહ્યો. બંનેને આવકાર્યા."અરે , સારું થયું તમે અત્યારે આવ્યા તો,આજે તમારી નાનકીનાહાથનાંપકોડાખાઓ હમણાં બનાવીને લાવું".

કેતન ઘેર આવ્યો ત્યારે જીજ્ઞાના ખભે માથું મૂકીને સજળનેત્રે બોલ્યો કે જીજ્ઞા,આપણી નાનકી હવે મોટી થઈ ગઈ.બહુ ખુશ છું.ચાલ આજે જમવામાં નાનકીને ભાવે છે એવો શીરો બનાવજે.મને આજે ખૂબ ભૂખ લાગી છે..

ગ્રીષ્માપંડ્યા(અમ્દાવાદ)

---

(૯)
ભાઈ બહેનની જોડી એટલે શ્ર્વાસ ને ધબકાર જેવી જોડી જ્યાં એકબીજાને ભલે ખીજાશે મીઠા ઝઘડા હોય છતાં પણ એકબીજા વિના ન ચાલે એવી જોડી.

એક રક્ષાનાકાચાંતાંતણે જે જગતના બધા તોફાનો તથા દુઃખોથી ભાઈની રક્ષા માટે જીવનના અંતિમ શ્ર્વાસ સુધી ઈશ્ર્વરને પ્રાર્થના કરે એના જીવનમાં યશ કિર્તી એની સફળતાને સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે એ બહેન જેના બદલામાં એ કંઈ જ ઈચ્છતી નથી પણ બસ એ ભાઈ પાસે એટલું જ માંગુ કે જીવનમાં મારા કોઈ એવી પરિસ્થિતિ આવી મારી આબરૂ કે શીયળ ની પર આંચ આવે એટલે મારી વારે આવી મારી રક્ષા કરજે બસ એજ વિશ્ર્વાસ ને વચને આ રક્ષા બાંધું છું.

જેમ રા'નવઘણજાહલ ની વારે ચડ્યા એમ તું મારી વારે મારી આબરુ રાખવા આવજેઈતિહાસ ઘણા એવા દાખલા છે જેમાં બહેન કાજ એના દીકરાના માથા વધેરી દીધા છે.

એના પ્રાણ દેતા પણ એ અચકાતા નથી એટલે આ એક સુતરનોતાંતણે એ એક જન્મ માટે નહિં પણ જન્મો જન્મ તારા જેવો ભાઈ મને મળે એના માટે આ તારી રક્ષા કાજે મારી પણ રક્ષા કાજે તું આવે એના માટે છે વીરા.

એક સુતરનોતાંતણે એ તાંતણો નથી પણ મારો વિશ્વાસ મારી હિંમત,મારી આબરુ છે ભાઈ એ તને સોંપી હવે બસ તારા હાથમાં મારી રક્ષાનીડોર છે.

હું આ રક્ષા માં તારા માટે ઈશ્ર્વરને પ્રાર્થના કરું છું કે એ મારી રક્ષા કરે એમ તું એની રક્ષા કરજે ભલે જીવનમાં ઘણા તોફાનો આવે પણ મારા વીરાની તું રક્ષા કરી એને હિંમત દેજે એનો કોઈ વાળ પણ ના વાંકો કરી શકે જીવનમાં એની સફળતા મળે એમ હું સૂર્યની સાક્ષીએ તને રક્ષા બાંધું છું.

ઈશ્ર્વર તારી રક્ષા કરશે એમ તું મારી રક્ષા કરજે જેમ કૃષ્ણ એ દ્રોપદીનુંવસ્ત્રહરણ થતાં એની ચીર પુરી એના શીયળ ની લાજ રાખી એમ તું મારી લાજ રાખજે બસ એમ મારી તારી પાસે આશા છે. તારા ઘરે આવું તો મને મીઠો આવકાર આપજે બસ પિતા પછી તું મારો જે મને સમજે મારા દરેક પ્રશ્ર્નનો જવાબ જ્યાં મળે જીવનની વિકટ પરિસ્થિતિ માં તું જ એક વિસામો આધાર એટલે તારી રક્ષા થાય તથા મારી તું રક્ષા કરે એ માટે આ મારો અતૂટ વિશ્વાસને શ્રધ્ધા નો સુતરનોતાંતણે તારા કાંડેબાંધું શું જેની તું લાજ રાખજે.બસવીરા એજ મારી ઈચ્છા તું અમર રહેજે.

પ્રકાશ સોલંકી'વૈરાગી' (પાટણ)

---

(૧૦)
વિષયઃ રક્ષાબંધન

★રક્ષા★

"મેડમ બોલાવે છે." આ એક વાક્ય જ પૂરતું હતું, ભલભલાનેટ્ઠ.ષ્ઠ.માં પણ પરસેવો લાવવા માટે. હોય પણ કેમ નહિ. શહેરની સર્વશ્રેષ્ઠ શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી રક્ષા દેસાઈ આભથીય ઊંચું વ્યક્તિત્વ હતાં , તેમની વિચક્ષણ પ્રતિભાના લીધે જ તો આ નાનકડી ચાર રૂમની સંસ્થા આજે ચાર માળની હજારો સ્કેવરફૂટમાંફેલાયેલી દેશની સૌથી સારી સ્કૂલ ગણાતી, દિલ્હી બોર્ડની સ્કૂલ બની હતી. તેમનો ગુસ્સો આગનેયદઝાડે તેવો હતો તો બાજ જેવી નજર જાણે ભવિષ્યનેય ભેદી શકતી હતી.

ગોલ્ડનફ્રેમનાચશ્માની આરપાર જાણે દુનિયા આખીની માહિતી તેમની પાસે રહેતી.

આજે સવારે તો તેઓ વધુ જ વ્યસ્ત જણાતા હતાં. શાળામાં આજે રાખડી સ્પર્ધાનું આયોજન હતું. તેઓ જજ સાથે બેસી નાની નાનીબાળકીઓ દ્વારા બનાવવામાં આવેલી વિવિધ રંગની રાખડીઓ જોવામાં વ્યસ્ત હતાં. અદ્ભુત રીતે દીકરીઓએ રાખડી બનાવી હતી. શિક્ષિકાઓ પણ તેમની પાછળ તેઓ ન સાંભળે તેમ રાખડી ખરીદવી, મોકલાવવી જેવી વાતોમાં વ્યસ્ત હતી, જેનાથી તેઓ અજાણ ન હતાં.

બસ, આજે તેઓ શૂન્ય મનસ્ક હતાં. કદાચ બધું જ મેળવ્યા બાદ પણ શૂન્યતા વ્યાપી રહી હતી. કારણ? કારણકે ભાઈ જ ક્યાં હતો? ... કે રાખડી બાંધે. નાનો ભાઈ હતો ,જે વર્ષો પહેલાં શહીદ થઈ ગયો હતો. એક ધૂંધળો ચહેરો જાણે દરેક રાખડીમાંથી તેમની સામે હસી રહ્યો હતો, અને તે જાણે ચોધાર આંસુ એ રડવા ઈચ્છતા હતાં. આજ ભાઈ બહુ યાદ આવ્યો હતો. જાણે આભ ફાટ્યું હોય તેટલું આક્રંદ કરવું હતું પણ રડી શકાય તેમ પણ નહોતું....

આભમાં વાદળ વધુને વધુ ઘેરાય રહ્યાં હતાં. કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે દીકરીઓ મધુર સ્વરે 'ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ... " ગાઈ રહી હતી.

હવે વધુ સમય આંસુ નહી છુપાવી શકાય તે જાણી ચૂક્યા હતા અને એટલે જ ફરીથી મક્કમ બન્યા, દ્રઢ બન્યાં... તે જ ક્ષણે માઈક હાથમાં લઈ જાહેરાત કરી દીધી, "વિદ્યાર્થીનીઓ દ્વારા બનાવવામાં આવેલી બધી જ રાખડીઓ સરહદ પરના સૈનિકો માટે મોકલવામાં આવશે. આપણી રક્ષા કરનારાઓની રક્ષા કરવી એ આપણી પ્રથમ ફરજ છે. " તાલીઓનાગડગડાટથી સમગ્ર સભાખંડ ગુંજી ઉઠ્યો. તેમનો નિર્ણય ફરી એકવાર શ્રેષ્ઠ સાબિત થયો. અખબારો એ મથાળાંમાં તેમને ફરીથી વધાવ્યાં અને તેમણે તેમના ભાઈની શહાદતને... આજ તેમનું અંતરપટ ફરીથી ગુંજી ઉઠ્યું, " મોંઘોમુલો છે મારો વીર જો..... ખમ્મા.... "

શ્રદ્ધા ભટ્ટ (વાપી)

---

(૧૧)
★નિર્મળ ઝરણું★

ભાઈ બહેનનો પ્રેમ એટલે પૃથ્વી પરનું ખળખળ વહેતું પાવન ઝરણું... માનાં પ્રેમ પછી જો કોઈ નિસ્વાર્થ પ્રેમનો વિચાર કરાય તો આ સંબંધનો છે! કીટ્ટાબુચ્ચા ને ઝઘડાથી શરૂ થતો નાનપણનો પ્રેમ, એકબીજાની ઢાલ પણ બનતો હોય છે! પોતાની ચોકલેટ બચાવીખવડાવાય ને ઝૂંટવીને ખાઈ પણ જવાય! જીભડા કાઢીને ચીડાવાય અને ચોટલો ખેંચીને, રમકડાસંતાડીનેસતાવાય પરંતુ બીજું કોઈ વઢે ત્યારે બેઉ એકનાં એક!! કારણ

એક રે ક્યારીમાં બંને મ્હોરિયા
મનનાં મળ્યાં તાર તાર..

એક જ માતાનાં ઉદરે વિકસેલ આ બે છોડવાં મોટાં થતાં એકબીજાને શીતળ છાંયડો આપનાર વડલાસમા બની જાય છે. બહેન મોટી હોય તો માતા બની જાય છે અને ભાઈ મોટો હોય તો પિતૃછાયાની ગરજ સારે છે. મધર્સડે, ફાધર્સડે, ફ્રેન્ડશીપડે વર્ષમાં એક જ વાર આવે છે પણ આ ભાઈ-બહેન માટેનાં વર્ષમાં બે-બે દિવસ છે જોકે ખરો પ્રેમ તો કોઈ દિવસનો મોહતાજ હોતો જ નથી! તે પ્રેમની હેલી તો બારેમાસવરસતી હોય છે! રક્ષાબંધને ભાઈએ રક્ષાનું વચન આપવાની જરૂર નથી! તે તો બેનીનાં દરેક દુઃખમાં સદૈવ તેની પડખે ઉભો રહે છે. તેમાંયભાભલડી આવે તો આ પ્રેમ દ્વિગુણિત થાય છે!

આ દ્વિગુણિત પ્રેમનો મારો અનુભવ લખું તો કદાચ પાનાં ભરાઈ જાય! આ માટે હું મારી જાતને ખૂબ નસીબદાર માનું છું! ભાભી તથા નણંદ પણ સદૈવ મને પુત્રીવત્ રાખી લાડ લડાવે છે. ફક્ત એક નાનો પ્રસંગ ટાંકુ.. ૨૦૦૪માં હાર્ટ એટેકને લીધે મારી માતાનું અચાનક અવસાન થયું. સ્વાભાવિક છે આ ઘા અસહ્ય હતો, આંખના આંસુ રોકવા શક્ય ન હતાં પરંતુ તેવે સમયે જ્યારે ભાભી કહે કે "માતા તો અમારી મૃત્યુ પામી છે! તમારા મા-બાપ
આભાર - નિહારીકા રવિયા તો અમે બેઠા છીએ ને?" આવાં દીલાસા સાથે તેણે મારાં આંસુ લૂછ્યા હતાં! પરંતુ આ ફક્ત શબ્દો ન હતાં, આજીવન નિભાવેલો વાયદો હતો.. આજે પણ તેમની પ્રેમ વર્ષામાંભીજાતીરહું છું...

---

ડૉ નારદીજગદીશચંદ્ર પારેખ 'નંદી' (મુબઈ)

(૧૨)
" રક્ષાબંધન એટલે ભાઈ બહેનનાપ્રેમનો તહેવાર. બહેન ભાઈને રાખડી બાંધે અને ભગવાનને પ્રાર્થના કરે ભાઈની રક્ષા કરજો. બહેનની શુભેચ્છા ફળે જ છે".
ટીવીમાં પ્રવચનકાર બોલી રહ્યા હતા. નીતા સાંભળી રહી. આંખમાં આંસુ આવી ગયા." કેમ મારી રાખડીએ ભાઈની રક્ષા ના કરી? મારા પ્રેમમાં ખોટ કે મારી પ્રાર્થનામાં? "
ત્યાં જ તેની સખી આવી. " હાય નીતુ, કેમ આમ બેઠી છે? દર્શન કરવા આવે છે ને? ચાલ પ્રભુને પ્રાર્થના કરીએ."
"ના રક્ષા આજે મન નથી. સાચું કહુ તો હવે મંદિર જવાનું મન જ નથી થતું .તેનામાં શ્રદ્ધા જ નથી રહી. સરહદ પરથી મારો ભાઈ અલોપ થઈ ગયો. ગઈ બળેવ પર અમે કેટલી ધમાલ કરી હતી.ત્યારે જ તેને કાશમીરમાં પોસ્ટિંગ મળ્યું હતું .સિપાહી તરીકે રોફ મારતો હતો". નીતાહીબકાં લેતી રડી પડી.
રક્ષા તેને પંપાળી રહી.
" નીતુ, સમજું છું."
"વાયદો કરીને ગયો હતો કે બળેવ પર આવીશ.ગયાઅઠવાડીયે ખબર આવી તે લાપતા છે. મા-બાપની હાલત જોવાતીનથી.તેઓ તો ભાઈના સૈનિક થવાના નિર્ણયની જ વિરુદ્ધ હતા."
"નીતુ, ભગવાનમાં શ્રદ્ધા ના ગુમાવ."
બંને સખીઓ મંદિર ગઈ. ભગવાનની મૂર્તિ સામે આંખ બંધ કરતા નીતાને જાણે ભાઈની મુખાકૃતિ દેખાઈ .ખબર નહિ પણ એક આસ્થા જાગી. મંદિર બહાર આવ્યા તો ત્યાં રાખડી વેચવાવાળો બેઠો હતો?. મન ભરાઈ ગયું છતાં પ્રેરણાવશ તેણે એક રાખડી લીધી. વિચાર્યું કશે પણ ઝાડ નીચે અથવા નદી કિનારે મૂકીશ. ભાઈને યાદ કરીશ. અઠવાડિયું પસાર થઈ ગયું. આજે રક્ષાબંધન. નીતા સવારથી રડી રહી હતી. તેના પતિએ આશ્વાસન આપ્યું. કહ્યું "ચાલ તારા માતા પિતાને મળી આવીએ."
નીતાને જોતા જ મમ્મી રડી પડ્યા. તેમને આશ્વાસન આપ્યું .ભગવાનને પ્રાર્થના કરી.જ્યાં હોય ત્યાં તેના આત્માને સુખ આપવા માટે ઈશ્વરને વિનવ્યા.
ત્યાં જ બેલ વાગી. "નીતુ,જલ્દી બહાર આવ તો" પતિએ બૂમ પાડી.
ગભરાઈનેનીતાદોડતીઆવી.અનેઅવાક્.સામે ભાઈ ઊભો હતો. હાથમા પાટો હતો.બાકીસહીસલામત.નીતાદોડીને વળગી પડી. "ભાઈ આજે સૌથી મોટી ગીફ્ટ".
"હા બહેન, હું દુશ્મન સૈન્ય સાથે લડતા ઘવાયોહતો.બેભાન થઈ ગયો હતો.મારા બીજા સૈનિક મિત્રોમાંથી કોઈ શહીદ થયા તો કોઈને દુશ્મનની જેલમાં લઈ ગયા.મને મૃત સમજી છોડીને ચાલી ગયા. આસપાસના પહાડી રહેવાસીઓએ તેમના ઓસડિયાથી મને સાજો કર્યો.
આજે તને સરપ્રાઈઝ આપવા આવી ગયો.તારો સ્નેહ મને ખેંચી લાવ્યો.જો મારા કાંડે તે ગઈ વખતે બાંધેલા રાખડી હજુ છે.
નીતાએ રાખડી ભાઈનાકાંડે બાંધી. રક્ષાબંધન સાચા અર્થમાં ઉજવાઈ.

આશા શાહ

---

(૧૩)
"સ્નેહ ભાઈ બહેનનો"
શ્રાવણ માસ એટલે તહેવારોનોમેળો.એમાં પણ વિશેષ મહત્વનો તહેવાર કોઈ હોય તો તે છે રક્ષાબંધન.

સંસારનાસગપણમાં ભાઈ-બહેનનાસગપણનું એક આગવું શોભાયમાન સ્થાન છે.આ એક એવો નિરાળો સંબંધ છે જેમાં સ્નેહપૂર્ણ, ભાવપૂર્ણ શુભેચ્છા સિવાય બીજું કંઈ જ નથી.નિસ્વાર્થ અને નિર્મળ પ્રેમનું ઉજ્જવળ પ્રતીક એટલે ભાઈ-બહેનનો નાતો.

બહેન નારી છે એટલે ઋજુ અને કોમળ છે પરંતુ તેનો ભાઈ તેની હિંમત અને બળ છે.સંસારની એની એની લૂ એની બહેનને દઝાડી ન જાય તે જોવા ભાઈ સદાય ઉત્સુક રહે છે.એવા પ્રેમાળ ભાઈની પ્રભુ હર ઘડી રક્ષા કરે,તેને બળ,બુદ્ધિ અને સમૃદ્ધિ અર્પે એવા આશિષ સહિત બહેન ભાઈનાકાંડે રાખડી બાંધે છે, જાણે હૈયાના અખૂટ હેત અને શુભેચ્છાનેભાઈનાકાંડે બાંધી દે છે.આવા આશિષ અને શુભેચ્છાનું કોઈ મૂલ્ય આંકી શકાય નહીં, છતાં વળતીશુભેચ્છાના પ્રતીક રૂપે ભાઈ બહેનને યથાશક્તિ ભેટ આપે છે.દૂરદેશાવરમાં રહેતી બહેનો ટપાલ કે કુરિયર દ્વારા રાખડી મોકલાવીભા?ઈને શુભેચ્છા પાઠવે છે કે,"ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના..."
આમ સાંસારિક સંબંધોમાં સ્નેહનું અમી સિંચનાર આ એક ઉત્તમ પર્વ છે.
જ્યારે બહાદુરશાહેમેવાડ ઉપર આક્રમણ કર્યું ત્યારે રાણી કર્ણાવતીએ રાખડી મોકલી હુમાયુને પોતાનો ધર્મનો ભાઈ બનાવ્યો હતો.આમ આ તહેવાર સાહસની પ્રેરણા પણ આપે છે.

હવે તો દર વર્ષે કેટલીક બહેનો જેલમાં જ?ઈનેકેદીઓને પણ પ્રેમના પ્રતીક સમી રાખડી બાંધે છે ત્યારે કેદીઓને પણ પોતે કરેલા કૃત્યો બદલ પસ્તાવો થાય છે અને પોતાની ભૂલ સુધારવાનું મન થાય છે,અને તેઓ સુધરી જ?ઈ ફરીથી સારા માણસ બની જાય છે.આમ આ તહેવાર રાષ્ટ્રીય એકતાની પણ પ્રેરણા આપે છે.

ખરેખર,કાચાસુતરનો તાંતણો પણ કેટલી પ્રબળ શક્તિ ધરાવે છે.

--- દીનાઝ પટેલ( નવસારી)

---

(૧૪)
વિષય : સ્નેહ, ભાઈ-બહેનનો

આપણે આપણા સામાજીક જીવનમાં આપણે પ્રેમ અને લાગણીના અનેક સંબંધોથીબંધાયેલા છીએ. પરંતુ ભાઈ-બહેનનો પ્રેમ એ એક અતૂટ અને અણમોલ સંબંધ છે.

મેઘાણી ની સૌરાષ્ટ્ર ની રસધાર ભાઈ-બહેનનો પ્રેમ "ચમારને બોલે" એની અહિં સંક્ષિપ્ત વાત રજૂ કરવી છે.
વાંકાનેરની ધરતીનો પ્રસંગ છે. મહેલમાંશરણાઈના સૂર વાગી રહ્યા છે. સૌ હર્ષ-ઉલ્લાસમાં છે. પણ જેનું પેટ પરણે છે. વરરાજા ની માં દુઃખી છે. કેમ કે હજી સુધી ભાઈઓ મામેરું લઈને આવ્યા નથી. રાજાજી આવીને મેણા મારે છે.
ત્યાં ગાંફથી એક ચમાર ચામડાનો વેપાર કરવા વાંકાનેર આવે છે. ને મનમાં થાય છે. લાવને "બા"ના હાલચાલ પુછતોજાઉ. "બા"નેગોખરે અવાજ સંભળાય છે. જય શ્રી કરશન બા... અલ્યા તું અહિં, હા બા વેપાર કરવા આવેલ થયું કે લાવ "બા"ના હાલચાલ પુછતોજાઉ, કેમ લગ્ન માં કોઈ આવ્યું નથી. ના ભાઈ સવારની રાહ જોઉં છું હજી સુધી કોઈ પણ આવ્યું નથી. "બા" ચિંતા ના કરો.
પછી ચમાર રાજા પાસે જાય છે. રાજા મેણામારતા કહે છે. કેમ તને મોકલ્યો ગામના રજપૂત,ગરાસિયા દિલ્હી માંથે ચડાઈ કરવા ગયા છે. ના બાપુ એવું નથી ગામમાં એક મરણ થયું છે. એટલે કોઈને અવાય એવું નથી. એટલે મને મોકલ્યો અને " ખસતા " ગામ આપવાનું કહ્યું છે. મહારાજા કંઈ કાગળ કે ચિઠ્ઠી મોકલી છે. ના જીવતાજાગતામાણસથી શું ચિઠ્ઠી ની કિંમત વધારે વાંકાનેર દરબારને ચમાર પર વિશ્વાસ આવે છે. અને બહેનનું દુઃખ દુર થાય છે. ને ધામધૂમથી લગ્ન ઉજવાય છે.
મનમાં એમ છે વાંકાનેર માં ગામની બેન - બા નું તો દુઃખ દુર કર્યુ. પણ ગાંફ ના ધણીને પુછયા વગર ગામ દઈને આવ્યો છું. મહારાજ જે સજા કરે એ મંજૂર એમ કહી. તમામ વાત મહારાજા સામે કહે છે. પછી રાજાનામુખે શબ્દો નીકળે છે. "વાહ મારી રૈયત વાહ" પરદેશમાં પણ મારી આબરૂ બચાવી. ધન્ય છે ચમાર તેને ધન્ય છે. અને તે આપેલું ગામ મને નહિં પણ મારી આવનારી ૧૦૦ પેઢી ને મંજૂર રહેશે. આમ આનું શીર્ષક મેઘાણી " ચમાર ના બોલે" આપે છે.

આમ દુનિયાનો સૌથી લાગણીશીલ સંબંધ ભાઈ-બહેનનો છે. મેઘાણીજી ની આવા લોકપ્રસંગ માંથી આપણને ખબર પડે છે. કે ભાઈ-બહેનનો પ્રેમ લાગણી, હેત, અને પ્રેમનો સંબંધ છે. તેમાં કોઈ ઊંચનીચ ના ભેદભાવ હોતા નથી. એટલા માટે દુનિયાનો સૌથી શ્રેષ્ઠ સંબંધ ભાઈ-બહેનનો છે.

ધર્મેશમકવાણા (સુરેન્દ્રનગર)

---

(૧૫)
રાખડી ભાઈ બહેનનાસ્નેહનું પ્રતીક.

આપણાં સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે. કારણકે એકજ ઘરમાં ઉછરેલાં ભાઈઓ મોટા થતાં પોતાની નોકરી કે કામ ધંધા ઉપર લાગી જાય છે, જ્યારે બહેનો પરણીને સાસરે જાય છે. એકજ ઘરમાં એકજ સાથે ઉછરેલાં ભાઈઓ અને બહેનો વચ્ચે એક વિશેષ નાતો બંધાઈ જાય છે. મોટા થયાં પછી બહેન સાસરે હોવાથી ભાઈ બહેનને એકબીજા
આભાર - નિહારીકા રવિયા સાથે મળવાનું ઓછું બને છે તેથી ભાઈ બહેનનો નાતો અને સંબંધ અતૂટ રહે તે હેતુથી સદીઓથીરક્ષાબંધનનું પર્વ મનાવવામાં આવે છે. આપણાંશાસ્ત્રોમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે સૌ પ્રથમ યમરાજાની ભગિની યમી (હાલની યમુના નદી) એ પોતાના ભાઈ યમરાજને રાખડી બાંધી હતી. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધીનેભાઈના જીવનની રક્ષા તથા મંગલમયભાવિની કામના કરી ભાઈના ઓવારણાં લ્યેછે.તો સામે પક્ષે ભાઈ પણ બહેનની પડખે ઉભા રહી, મુસીબતમાં બહેનને મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને યથાશક્તિ વીરપસલી (ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ) આપે છે. રાખી એ ફક્ત સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ ભાઈ બહેનનાસ્નેહનું પવિત્ર બંધન છે. એટલે જ એક બહેન પોતાના ભાઈને કહે છે કે " ઈસે સમજો ના સૂતર કા તાર ભૈયા, મેરી રાખી કા મતલબ હૈ પ્યાર ભૈયા".

વીરાની બહેન ગમે તે સ્થળે ગમે એટલી દૂર વસી હોય, પરંતુ રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને સંજોગોવસાતરૂબરૂમાં આવી ન શકાય તો પોષ્ટ કે કુરિયર મારફત ચોક્કસ પોતાના ભાઈને રાખડી મોકલાવે છે. જે ભાઈને બહેનડી નથી એને જ રાખડીનું મૂલ્ય શું છે એ સમજાય છે. રાખડી એ બહેનનો એનાં ભાઈ પ્રત્યેનો સ્નેહ, લાગણી અને વિશ્વાસ છે. રાખડી આમ જોવા જાવ તો માત્ર એક ધાગો કે સૂતરનો તાર જ છે, પરંતુ એનું મૂલ્ય અમૂલ્ય છે. રાખડીનું કોઈ મૂલ્ય કે દામ આંકી શકાય નહીં. માત્ર આ સૂતરનાધાગામાં બહેનનો ભાઈ પ્રત્યેનો અપાર પ્રેમ,લાગણી અને અતૂટ વિશ્વાસ જોડાયેલા છે. કહેવાય છે કે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખી બાંધી હતી અને પ્રભુએભરસભામાંદ્રૌપદીનીલૂંટાતી લાજ બચાવીને રાખડીનું કર્જ અદા કર્યું હતું. કુંતા માતાએ પોતાના પૌત્ર એવા અભિમન્યુની રક્ષા કરવા કાજે અમર રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ પણ મેવાડની રક્ષા કરવા મોગલ બાદશાહ હુમાયુને રાખડી મોકલાવી હતી. આમ રક્ષાબંધનનો મહિમા યુગોપુરાણો (જૂનો) છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી ભાઈ બહેનનો સ્નેહ અતૂટ રહેશે અને વીરાના હાથે રાખડી બંધાતી રહેશે.

રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ નદી કિનારે જઈ સ્નાન કરી, પૂજા અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર કરી સૂરજદેવનીસાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે. યજ્ઞોપવિતને જનોઈ બદલવી એવું પણ કહેવાય છે. યજ્ઞોપવિત પણ રાખડીની જેમ ત્રણ તારનો કે છે તારનો ધાગો જ છે, પરંતુ એ દરેક બ્રાહ્મણોનું આભૂષણ છે, બ્રાહ્મણોની ઓળખ છે અને બ્રાહ્મણોનું ગૌરવ છે. તો બીજી તરફ દરિયાખેડૂઓ પોતાની નાવ, હોડી, નાનાં હોડકાંવિગેરે દરિયા કિનારે લાંગરી દરિયામાં શ્રીફળ, ચુંદડી તથા કંકુ અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે.

યોગેશભાઈ આર જોષી (હાલોલ)

---

(૧૬)
નમસ્તે ભાઈ તમે કેમ છો? હું સારી છું.
ભાઈ આ વખતે હું તમને રાખડી બાંધવા ન આવી શકી એટલા માટે કુરિયર દ્વારા રાખડી મોકલી. તો એ બદલ ક્ષમા કરશો.
ભાઈ આ રક્ષાબંધન નો પર્વ જયારેજયારે આવે ત્યારે બાળપણની એ જૂની યાદો લઈ આવે છે. તમને પણ એ યાદો આવતી હશે!..
હું મારી દીકરી સાથે રાખડીની ખરીદી કરવા ગઈ હતી. ત્યાં ઘણી બધી સુંદર સુંદરરાખડીઓ હતી દિકરી એ કહ્યું મમ્મી મામા માટે આ મોરપીચ્છનીડિઝાઈન વાળી રાખડી લઈ લેને
ત્યારે મારી આંખોમા સહેજ આંસુ આવી ગયા
અને એ દિવસ ની સ્મૃતિમા હું થોડી ક્ષણ ખોવાઈ ગઈ.
આપણા પપ્પા જયારે કંપની ના કામ માટે બાહર ગયા હતા અને મમ્મી પાસે પુરતા નાણા યે ન હતા કે હું રાખડી લાવી શકુ મે રક્ષાબંધન ના આગલા દિવસે મારા ભણવામા આવતી બધી ક્રાફ્ટનીવસ્તુઓને રંગીન દોરા ભેગા કરી મારા ડ્રેસ ના દુપટ્ટા થી જોડીને મોરપીચ્છ વાળી રાખડી તૈયાર કરેલી અને મમ્મી એ ઘણા સમય પહેલા મને બે રૂપિયા આપ્યા હતા તે મે ઘરના મંદિરયામાં કૃષ્ણ પાસે મુકી રાખ્યા તા એની ચંદૂ કાકા પાસે ચોકલેટ લઈ આવેલી.
ભાઈ આજે એ દિવસો વીતી ગયા પણ યાદો ન ગઈ દિકરી એ આ મોરપંખ વાળી રાખડી પસંદ કરી એ જ હું તમને મોકલી રહી છું.
ભાઈ આપણા માતાપિતા તો ન રહ્યા પણ તમે પિતાનુ રૂપ જ છો ભાભીમા ને મારા નમસ્કાર કહેજો બાળકો ને યાદ અને લાડ દેજો.
પોતાની કાળજી રાખજો
હું તમને મળવા જરૂર આવીશ.

લીઃ-તમારી બહેન કિરણ (ધરમપૂર)

---

(૧૭)
મારો ભઈલો
એનું નામ ભલે રમેશ પણ મારી જીભને હંમેશા રમસો કહેવું જ વધારે ફાવ્યું. આમ તો એ મારા કરતાં ચાર-પાંચ વર્ષે મોટો તે છતાંય. હદયનાવાલ્વમાંકાણાં સાથે કદાચ એ એટલે જ જન્મ્યોહશે કે એનાં હદયમાં જેમ શુધ્ધ અને અશુધ્ધ લોહી ભેગું થઈ જતું એમ સુખ અને દુઃખને પણ ભેગાંરાખીને એ મસ્તીથી જિંદગી જીવી જાય.ભવિષ્યમાં નાટક-ચેટક કરવાનાં અને એક અચ્છા દિગ્દર્શક બનવાનાં લક્ષણો એનામાં નાનીવયે જ પ્રગટવામાંડેલાં. મને અને મારાથી મોટીબેન જ્યોતિને એના દિગ્દર્શનમાં નૃત્ય કરવું એટલુંગમતું કે, એ ગમે તેટલા રીટેક કરાવે તોય અમે કંટાળતાં નહીં. રૂમના બેખૂણામાંથી એક એકનૃત્યાંગના હસતે મોઢે નીકળીને અભિનયના ઓજસ પાથરતાંરોજ એક જ ગીત પર નૃત્ય કરતી,'કૈદમેં હૈ બુલબુલ, સૈયાદમુસ્કુરાયે,
કહા ભી ન જાયે, ચુપ રહા ભી ન જાયે.આવી રમત રમતમાં જ અભિનય પ્રીતિએ ક્યારે અમારાં જીવનમાં પગપેસારોકર્યો, ખબર જ ન પડી.
એની લગભગ ૨૦-૨૧ ની વયે નાયરહૉસ્પિટલમાં એનું એ સમયે અત્યંત જોખમી ગણાતું હદયનો વાલ્વ બદલવાનુંઑપરેશન થયું ત્યારે બધી કટોકટીને વળોટીને એ હેમખેમ બહાર આવ્યો ત્યારે જ એક જાંબાઝસૈનિકની માફક જિંદગીની લડાઈ જીતી લેવાના એના મનસુબાનો ખ્યાલ બધાને આવી ગયેલો.
ત્રણ ભાઈઓમાં એ સૌથી નાનો અને ચાર બહેનોમાં હું સૌથી નાની. અમારી નાના-નાનીની જોડી બરાબર જામેલી. મારાં લગ્ન વખતે જાણે દુનિયાનાં પહેલા ભાઈ-બહેન એકબીજાથીછુટાં પડતાં હોય એમ અમે બંને દુખી થઈ ગયેલાં.
રીસેપ્શનમાં એણે મારા નહીં પણ વીરેંદ્રના હાથમાં ભેટ તરીકે એક બોક્સ મૂકીને કહેલું —'આ ખાસ તમારે માટે છે.'
બોક્સ ખોલીને જોયું તો નવવધૂનાપરિધાનમાં એક ઢીંગલી અને સાફો પહેરેલોઢીંગલો. સાથેના પત્રમાં લખેલું, 'મારા જીવનની સૌથી કિમતી ચીજ-મારી ઢીંગલી જેવી બહેનને સ્નેહથીસાચવજો.'
છઠ્ઠી એપ્રિલ નો સૂર્યોદય થતાં પહેલાં જ એણે વિદાય લીધી. રમેશ નામધારી શરીરને મોર્ગમાંરાખવાનું હતું. મને થયું કે, એના શરીરની સાથોસાથ એની તમામ યાદોને પણ કોલ્ડસ્ટોરેજમાં તાજી અને લીલીછમ રાખવા મૂકી શકાતી હોત તો કેવું સારું થાત? પણ પછી થયું કે એવી જરૂર જ ક્યાં છે? જ્યારે પણ બૂમ પાડીશ- 'એયરમસા..' કે તરત એ દોડતો આવીને હોંકારો દેશે- 'એ આવ્યો આસલી...'
મારા કાનમાં અત્યારે એનાં ને મારાં ગમતાં ગીતની પંક્તિઓ ગુંજે છે,
'કોણ હલાવે લીંબડી ને કોણ હલાવેપીપળી,
ભાઈની બેની લાડકી ને ભઈલોઝૂલાવે ડાળખી'
આશા વીરેંદ્ર (વલસાડ)

---

(૧૮)
આ સંસારની રચના કરીને ઈશ્વરે દરેક સ્ત્રી - પુરુષને વિવિધ પ્રકારના સંબંધોથીજોડ્યાં. કોઈ લોહીના સંબંધે જોડાયાં તો કોઈ પૂર્વના ઋણાનુબંધે ભેગાં થયાં. એકમેકનીલેણદેણને કારણે પરસ્પર સ્નેહનું બંધન બંધાયું. આ બધા સંબંધોમાં જો સહુથી પવિત્ર અને અતૂટ સંબંધ હોય તો એ છે ભાઈબહેનનાસ્નેહનો સંબંધ. સંસ્કૃતમાં જેને માટે કહેવાયું છે," ન કદાપિ ખંડિતઃ " સ્નેહનું એવું બંધન જે ક્યારેય ખંડિત ન થાય. " અપ્રતિમ એવ સંબંધઃ"

આભાર - નિહારીકા રવિયા ભાઈ - બહેનનો પરસ્પર સ્નેહ એવો કે નાનાં હોય ત્યારે એકબીજાને ચીડવવામાં આનંદ માણે, વળી એકબીજા વિના રહી પણ ન શકે. કોઈ અંગત વાત હોય તો એ માતા-પિતાને કહેતાં પહેલાં બન્ને વચ્ચે કરી લે. ભાઈ-બહેન ગમે તેટલાં ઝઘડ્યાં હોય પણ થોડા જ સમયમાં ફરી એક થઈ જાય એ જ સાચો સ્નેહ. બહેન, ભાઈ કરતાં નાની હોય તો પણ એ માતાની ભૂમિકા ભજવે. જ્યારે ભાઈ, બહેન કરતાં નાનો હોય તો પણ એ પિતાની ગેરહાજરીમાં પિતા બની રહે.

ભાઈ - બહેનના આ પવિત્ર સ્નેહને આપણી પ્રણાલી મુજબ બાંધ્યો છે માત્ર એક સૂતરનાતાંતણે. પરંતુ એ તાંતણો તો લોખંડી કવચ જેવો, જેમાં એક બહેને ભાઈની રક્ષા માટે ઈશ્વર પાસે ગાંઠ બાંધી હોય! ભાઈ - બહેનનો સ્નેહ એવો અપાર હોય કે બંને સ્થૂળ પણે ગમે તેટલા અંતરે રહેતાં હોય તેમ છતાં પરસ્પરનાઅંતરથી ક્યારેય અંતર ન હોય! દૂર હોય તો એકબીજાનાં અવાજ માત્રથી એ ખુશ છે કે દુઃખી છે એ કળી જાય. મૌનની ભાષા પણ સમજી જાય. ભાઈ - બહેનનો સ્નેહ એવો અપાર હોય કે ક્યારેક પરસ્પરના હિત માટે સ્વમાન નેવે મૂકતાં પણ ન અચકાય. બંનેમાંથી કોઈ એક મુશ્કેલીમાં હોય તો દોડીને પહોંચી જાય. ભાઈ કે બહેન કોઈ પણ મુશ્કેલીમાં હોય તો પરસ્પર માટે આખી દુનિયા સામે લડી લે.સરસ કહ્યું છે," બંધુઃ સ્નેહેનમનો બધ્નાતિ યઃ" જે મનને સ્નેહે બાંધે તે ભાઈ.

આજે જ્યારે કેટલાક કિસ્સા એવા સાંભળીએ કે સંપત્તિ કે અન્ય કારણસર ભાઈ - બહેન વચ્ચે અણબનાવ બને, અબોલા થયાં હોય કે કોર્ટમાં ગયાં હોય, ત્યારે ખૂબ દુઃખ થાય છે ! જ્યાં પરસ્પર આપવાની અને જતું કરવાની ભાવના હોય ત્યાં કદી આવો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. ભાઈ- બહેનનાસ્નેહમાં ભરતી જ હોય ઓટ નહી. મતભેદ હોય પણ મનભેદ નહી. તે તો નિઃસ્વાર્થસ્નેહનો અખૂટ ભંડાર. ઈશ્વરને એ જ પ્રાર્થના છે કે જ્યાં સુધી આ પૃથ્વીનું અસ્તિત્વ છે ત્યાં સુધી ભાઈ - બહેનનાસ્નેહનાવાત્સલ્યનું ઝરણું અવિરત વહેતું રાખે.

પદ્મજાવસાવડા (દુબઈ)

---

(૧૯)

જૈનો મા રક્ષા પોટલી અને હિન્દુ
ધર્મ માં રક્ષા બંધન નું ઘણુજ
મહત્વ છે.એકમા, ધર્મગુરુ રક્ષા પોટલી આપેછે,તો બીજામા ભાઈ,
બહેન વચ્ચે ના જીવનનુ આજીવન રક્ષાબંધન નુ કવચ છે,જેમા ભાઈ બ્હેન ની રક્ષા માટેની બાંહેધરીઆપેછે,તો બ્હેન, ઈશ્ર્વર પાસે, માગેછેભાઈના લાંબા આયુષ્ય ની માગણી.

રક્ષાબંધન નો તહેવાર એટલે
ભાઈ- બ્હેનો વચ્ચે ના નિર્દોષ
પ્રેમનુ અતૂટ બંધન,આ તહેવારની
ભાઈ- બ્હેન,વર્ષભેરચાતકપક્ષીની જેમ આતુરતાપૂર્વક ઈંતેજારી કરતા હોયછે.
આપણૉઈતિહાસ પણ સાક્ષી પુરે છે , આછે...
સૂતરનાતાતણેબંધાયેલાંસંબંધની પવિત્રતા અને,
બહેન ના રક્ષણ માટેની
ભાઈની તત્પરતા !
યૂગોથીચાલ્યાં આવતાં આ તહેવારની પવિત્રતા અને આત્મીયતા અજોડ અને બેનમૂનછે.
આ સંબંધ, ફક્ત લોહીના કે નાત જાતનાસંબંધથી જ બંધાયછે, તેવુ નથી,પણ આ સંબંથફકતને ફક્ત અરસપરસ ના, નિઃસ્વાર્થ પ્રેમનો અતૂટ અમૂલ્ય, અતૂલ્ય અને અબાધીત સંબંધ.

આ પવિત્ર સંબંધ ઉપરથી અનેક પીકચરોનાટકો અને અનેક ગીતો નુ સર્જન થયેલછે, તે ગીતોની તર્જ આજે પણ સર્વેના કાનમાં ગૂજંતીરહેછે... આ છે...
રક્ષા બંધન ની જાહોજલાલી!
રાખીકાબંધંનનિભાના ...
ઓ ભૈયા મેરે રાખીકાબંધંનનીભાના.....

રાખી ધાગોકાત્યોહાર...
એક એકધાગૉમે,બંધાહુઆ હૈ
ભાઈ-બ્હેન કા પ્યાર.......
રક્ષાબંધન એટલે.... પ્યારે,
પવિત્રતા ને ઉજાગર કરતો
અણમોલ પવિત્ર અવસર.
આજના આ વિષમ સમયે આપણી બ્હેનો ના રક્ષણ માટે આપણે વધુ સાવધ રહેવાની જરુર છે , અને તે આપણી પવિત્ર ફરજ પણ છે.
જયકાન્તઘેલાણી પ્યારે, (અમદાવાદ)

---

(૨૦)
સ્નેહ ભાઈબહેનનો.

આ પૃથ્વી પર આપણે ઘણા બધા સંબધોથીજોડાયેલા છીએ. આ દરેક સંબધમાંસહુથી અનોખો ને ખાટ્ટોમીઠ્ઠો કોઇ સંબધ હોય તો તે છે ભાઇ બહેનનો સંબધ.આ ભાઇ બહેનનો સંબધ એક મિત્રની ગરજ સારતો હોય છે.

જ્યારે હું નાની હતી ત્યારે મારો અને મારા ભાઇનોસંબધ પણ થોડો એવો જ હતો.હા, પણ ખાટ્ટો ઓછો ને મીઠ્ઠો વધારે હતો.જ્યારે મમ્મી કે પપ્પા કોઇ પણ એકને લડતું હોય ત્યારે બીજું વ્યકિત તેની ઢાલ બનીને આગળ આવી જાય.જ્યારે શાળામાં કોઇ ત્રીજી વ્યકિત કંઇ બોલે એટલે સામેના નું તો આવી જ બને. ભલેને ઘરમાં આખો દિવસ એક બીજાને હેરાન કરતા હોય પણ ત્રીજી વ્યકિત કંઇ બોલે તો તે ભાઇ કે બહેનને ના ચાલે. કંઇ આવો મસ્ત વ્હાલોસંબધ હોય છે ભાઇ બહેનનો.

જેમ જેમ મોટા થવા લાગીયે છીએ એમ સંબધનું રુપ થોડું બદલાતું જાય છે.બહેનપરણીને સાસરે જતી રહે છે.ને ભાઇ તેના કુટુંબમાં વ્યસ્ત થઇ જતો હોય છે.મનમાં તો હજી એવો જ પ્રેમ એકબીજાને માટે હોય છે પણ જવાબદારીની પ્રાથમિક્તા હેઠળ પ્રેમ વ્યક્ત કરવામાં ક્યાક કચાશ રહી જતી હોય છે.પણ હા વરસમાં બે તહેવાર એવા આવે છે કે એ જૂનાં દિવસો આંખોમાં હર્ષ નાં પાણી લાવી દે છે.તે તહેવાર છે રક્ષા બંધન અને ભાઇ બીજ.

રક્ષા બંધન પર દરેક બહેનનાંદિલનાંઉંડાણ માંથી ભાઇ માટે હજારો આશીષ દેતી હોય છે ને ભાઇ પણ બહેનનાંજીવનનાં દરેક ડગલે સાથે જ રહેતો હોય છે.આમકહુંતો એક

બીજાનાંપડછાયા જેવો હોય છે આ સંબંધ.

હેમાંગી જે શર્મા. (સુરત)

---

(૨૧)
અણમોલ કરજ★

જો મંજુ, આજે માએભરેલારીંગણાનું શાક મોકલ્યું છે તે ભઈલોજરૂરથી આવશે. એને આખા ભરેલારીંગણાનું શાક ખુબજ ભાવે છે. તે હવે આવતો હશે, થોડું શાક એના માટે રાખ. એમ કહી મોટીબેનલક્ષ્મીએ નાની બહેનને એક અલગ ડબ્બો આપ્યો કે જેમાં એણે પોતે પોતાના ભાગનું પૂરું શાક ભાઈ માટે મૂકી દીધું હતું. જ્યારે જ્યારેભરેલારીંગણાનું ભાતું હોતું ત્યારે આ સંવાદ અચૂક થતો.

બંને બહેનો પડોશના ગામમાં, ખાટલાના વાણ, ખેતીના ઉપયોગમાં આવતી દોરી, વરતવરતડી અને મોટા રસ્સા બનાવતા ગૃહ ઉદ્યોગમાં કામ કરતી હતી. ઉત્પાદન સુતરરેષાથી થતું હતું.

ભોજનનો સમય બપોરના સાડા બારથી દોઢ વાગ્યાનો નિર્ધારિત. બપોરના સાડા બાર વાગ્યે એક આગગાડી, જોરથી સીસોટીવગાડતી પસાર થતી, એનો ઊંચો અવાજ સાંભળી જમવા રિષેસ પડતી. બીજી ગાડી દોઢ વાગ્યે પસાર થતી તો તે સમયે રિષેસ પૂરી થતી. ક્યારેક ગાડીઓ વહેલી મોડી હોય તો તે પ્રમાણે રિષેસનો સમય વધતો કે ટુંકો થતો.

માતાપિતા, બે બહેનો, વિધવા ભાભી, નાની ભત્રીજી, નાના બે ભાઈ, મોટા ભાઈભાભી નોકરી પર. બધાં મળી દસનું કુટુંબ. નાનો પાંચમા ધોરણમાં, એનાથી મોટો આઠમા ધોરણમાં ભણે. માધ્યમિક શાળા બહેનો કામ કરે તે ગામમાં હતી.

પિતા કામધંધાર્થે બહારગામ હોય. માતા, વિધવા ભાભી ખેતમજૂરી કરે. બંને બહેનો સવારના કામ પર જાય તે સાંજે સાત વાગે આવે. બપોરના સમયે રિષેસ પડે તેમાં સૌ કામદારો ભેગા બેસી સાથે લાવેલું ભાતું જમી લે. મોટાભાગે સૌ સવારના ભાતું બનાવી સાથે લઈ આવતા. બંને બહેનોને ગરમ ભાતું મળે તેથી નાનો ભાઈ જ્યારે શાળાએ આવે ત્યારે સાથે લેતો આવતો.

આજે શાક જોઈને મોટીબહેનેનાનીબહેનને સૂચના આપી. એને ખબર હતી, નાનીબહેનને પણ રીંગણાનું શાક ખુબજ ભાવે છે. નાનીબહેન પણ ભાઈ માટે ભોગ આપવા તત્પર રહેતી. એણે પણ એના ભાગનું શાક મૂકી દીધું.

જમવા ટાણે ભાઈ આવ્યો. ભાઈને ભાતામાંના શાકની ખબર રહેતી. ઘેરથી તે જમીને આવતો પણ રીંગણ હોય ત્યારે અચૂક આવતો. બંને બહેનો ભાઈ જમી ગયા બાદ ભોજન કરતી. પણ એ ભોજન ફક્ત સૂકા રોટલાનું રહેતું. કારણ, ભાઈ બધા રીંગણ ઝાપટી જતો. એને એ ખ્યાલ ન રહેતો કે બહેનો ભૂખી રહેવાની.

દર રક્ષાબંધન તહેવારે નાનો ભાઈ બહેનોનાસ્નેહને અનુરૂપ થવા પ્રયત્ન કરે છે, એ અનુભવે છે કે તે ભલે ગમે
આભાર - નિહારીકા રવિયા તેટલો સક્ષમ થયો હોય કે હજી થશે પણ પેલાં ભાવતાંભાતાં, બહેનોની ભાવના અને ત્યાગનું ઋણ ક્યારેય, નહિ ચૂકવી શકે.......
રસિકભાઈ વી પરમાર "રવ" (અમદાવાદ)

---

(૨૨)
અતૂટ એક કાચાસૂતરનો તાંતણો

શ્રાવણી પૂનમ એટલે રક્ષાબંધનનો દિવસ. રક્ષા એટલે રક્ષણ કરવું અને બંધન એટલે બાંધવું કે બંધાવું. રક્ષાબંધન ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો દિવસ છે. એ દિવસે બહેન પોતાના ભાઈનાકપાળે તિલક કરીને જમણા હાથ પર રાખડી બાંધીને પોતાની રક્ષા કરવા માટે ભાઈને વચનમાં બાંધે છે. રાખડી એ માત્ર સૂતરનો એક તાંતણો જ નહિ પરંતુ સ્નેહથી બંધાયેલું એક બંધન છે. જે ભલભલાં પથ્થર જેવા કાળજાનેય પ્રેમથી પીગળાવી દે છે. એટલે જ જેલમાં ગંભીર ગુનાઓની સજા ભોગવી રહેલા કેદીઓને બહેનો રાખડી બાંધીને સાચા રસ્તે વાળવાનો પ્રયત્ન કરે છે. દેશની સીમાનું રક્ષણ કરતાં આપણાં વીર જવાનોને પણ રાખડી બાંધીનેરક્ષાનીમંગલકામના કરવામાં આવે છે. રાખડીનો ઈતિહાસ પણ અજોડ છે.
વામન અવતારમાં બલિ રાજાનાદ્વારપાળ બનેલા વિષ્ણુ ભગવાનનેલક્ષ્મીજીએ બલિ રાજાને રાખડી બાંધીને મુક્ત કરાવ્યા હતા. એ દિવસ શ્રાવણ માસની પૂર્ણિમાનો દિવસ હતો. ત્યારથી રક્ષાબંધનના પર્વની શરૂઆત થઈ હોવાનું મનાય છે.

મહાભારતમાંશિશુપાલ વધ વખતે શ્રી કૃષ્ણની આંગળી પર વાગતાંદ્રૌપદીએ પોતાની સાડીનો છેડો ફાડીને પાટો બાંધેલો. જેનું ઋણ ભગવાનેદ્રૌપદીના ભાઈ બનીને વસ્ત્રાહરણ વખતે નવસો નવ્વાણું ચીર પૂરીનેઉતાર્યું હતું. કુંતા માતાએ પણ પૌત્ર અભિમન્યુને વિજયની કામના અર્થે રાખડી બાંધેલી.

ચિત્તોડની રાણી કર્ણાવતીએબહાદુરશાહના આક્રમણથી બચવા મુઘલ સમ્રાટ હુમાયુને ભાઈ માનીને રાખડી મોકલી હતી. કર્ણાવતીની રાખડી મળતાં જ હુમાયુ પોતાના સૈન્ય સાથે મારતેઘોડેચિત્તોડ આવી ચડેલો.

દરેક સંબંધોમાં સૌથી પવિત્ર સંબંધ ભાઈ-બહેનનો મનાય છે. એમાંય એક જ છત નીચે સાથે ઉછરતાં ભાઈ-બહેનનાપ્રેમમાં નિર્દોષતા અને ચંચળતા તો ક્યારેક મીઠી તકરાર અને અલ્લડપણું હોય છે. ભાઈ-બહેનનો સંબંધ જ્ઞાતિ, ધર્મ કે વર્ણનાસીમાડાઓથી પર છે. ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધનનું પર્વ લગભગ દરેક જગ્યાએ ઉજવાય છે. આજકાલ તો રક્ષાબંધન એટલે ભાઈને રાખડી બાંધવી અને બદલામાં મોંઘી ભેટસોગાદો મેળવવી એથી વિશેષ રહ્યું નથી. પહેલાંનાસમયમાં સ્ત્રીઓ આટલી મુક્ત નહોતી. રીતરિવાજોના બંધનમાં જકડાયેલી સ્ત્રીઓ પર સમાજનાનિયમો વધુ લદાયેલા રહેતાં. સાસરીમાં રહેતી બહેન સુખદુઃખની વાતો પોતાના ભાઈને જ કરી શકતી અને ભાઈ બહેનની આર્થિક કે સામાજિક સમસ્યાનું યથાયોગ્ય નિરાકરણ લાવી દેતો. આમ બંને પક્ષે ઘરની મર્યાદા અને આબરૂ બની રહેતાં.

હવે સમય પલટાયો છે. સ્ત્રી સશક્તિકરણને લીધે નારી આજે અબળા રહી નથી. ઘણા કુટુંબોમાં તો મોટી બહેન નાના ભાઈ બહેનો માટે ભાઈ તરીકેની ફરજો નિભાવતી જોવા મળે છે. પણ બદલાતા સમયની સાથે ભાઈબહેનનાસંબંધની હૂંફ અને મહેંક સદાકાળ અકબંધ છે અને રહેશે.

- અંકિતા સોની (ધોળકા)

---

(૨૩)
સ્નેહ ભાઈબહેનનો.

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને લાગણીની ઉજવણીનો પર્વ એટલે 'રક્ષાબંધન' આ શબ્દની જોડણી છુટ્ટી પાડીએરક્ષા+બંધન આનો અર્થ છે રક્ષા કરવાનું વચન આપવું, જીવનની કોઈપણ પરિસ્થિતિમાં ભાઈ બહેનની રક્ષા કરશે તેવું વચન આપે છે. બહેન ભાઈના કાંડા પર સ્નેહનાકાચા દોરાની ગાંઠ બાંધતી વખતે તે ભાઈના લાંબા આયુષ્ય, સ્વાસ્થય, ધન-વૈભવમાંવૃધ્ધિની કામના કરે છે.
માત્ર લોહીનાંસંબંધથી બંધાયેલો ભાઈ-બહેનનો સંબંધ જ નહીં પરંતુ કોઈપણ વ્યક્તિ જે આ સંબંધની મર્યાદા, પવિત્રતાને નિઃસ્વાર્થ લાગણીઓ સમજે છે તેવા ભાઈ-બહેનનો સંબંધ કોઈ ધર્મ, જ્ઞાતિ કે દેશની સીમાઓથી પર છે, આપના ધર્મ પુરાણોમાં અને ઈતિહાસમાં આના ઉદાહરણો મળે છે.
સમ્રાટ પુરુ યુદ્ધમાં જીતતા હોવા છતાં દુશ્મન એલેકઝાન્ડરની પત્નીએ મોકલેલી રાખડીની લાજ રાખવા તેને જીવતદાન આપી દીધું, રાણી કર્ણાવતી અને હૂમાયુંને રાખડી મોકલી મદદ માંગી ત્યારે તેની મદદ માટે સમ્રાટ પહોંચી ગયા, એજ રીતે પુરાણોમાં યમ-યમુના, કૃષ્ણએ દ્રૌપદીનાકૌરવોની સભામાં ચીર પુરી તેની રક્ષા કરી હતી આવા ઉદાહરણો પરથી સમજી શકીએ કે ભાઈ-બહેનનો સંબંધ એ અંતરની લાગણી, સ્નેહ, કાળજી અને અતૂટ વિશ્વાસથી બનેલો છે.
માતા-પિતાના નિઃસ્વાર્થ પ્રેમ પછી જો કોઈ લાગણી અને વિશ્વાસથીભરેલ આજીવન રહેતો સંબંધ હોય તો તે છે ભાઈ-બહેનનો.
આજે જ્યારે ભાઈ-બહેન વિશે વાત કરી રહી છું ત્યારે મને મારા બાળપણની વાતો યાદ આવે છે, હું નાની હતી પણ એ દિવસ હજી યાદ છે જ્યારે ભાઈનો જન્મ થયો હતો એ દિવસે તેનો રૂપાળો નાજુક ચહેરો, મોટી આખો વાંકડિયા વાળ આવા સુંદર મીઠુડા ભાઈને જોઈ જાણે ખુશીઓનો ખજાનો મળી ગયો હતો એવી અનહદ લાગણીનો અનુભવ શબ્દો દ્વારા વર્ણવવું મુશ્કિલ છે. ભાઈ નાનો હતો એટલે લડાઈ-ઝગડા તો ન થતા બસ લાડથી તેની નાની-મોટી બધી વાતો માનીને ખુશી મળતી. મોટા થતાં મુશ્કેલીઓતકલીફોમાં એકબીજાના ખભે માથું મૂકી રડ્યા પણ ખરા અને એક-બીજાનો હાથ મજબૂત પકડી બધી મુસીબતોનો મુકાબલો પણ કર્યો અને મુશ્કેલીના દિવસો પછી મળેલી ખુશીઓનો આનંદ પણ સાથે મળી માણીએ છીએ. આજે ભલે બધા પોતપોતાના પરિવારમાં વ્યસ્ત હોઈએ તો પણ હરપળ એક-બીજાની ખુશીઓ માટે પ્રાર્થના કરતા હોઈએ. ભાઈ માટે બે પંક્તિ રજૂ કરું છું..
મજાક-મસ્તી કરે છે કોઈવાર,
બહુ ડાહ્યો મોટો બને છે કોઈવાર,
કાળજી લે છે વારંવાર, કરેછે પ્રેમ અપાર, પણ બોલીને જતાવતો નથી કોઈવાર,
આવો છે ભાઈ મારો હરિ રાખજો તેની સંભાળ...
આમ ભાઈ-બહેનની લાગણી અને સ્નેહનો સંબંધ પૃથ્વી પરનો શ્રેષ્ઠ સંબંધ છે.
ખ્યાતિ પંડયાદવે ( કચ્છ ભુજ )

---

(૨૫)
લાગણી ની ડોર....

મારા વીરા તુજ ને બાંધું પ્રીત ની ડોરી
એમાં હેત થી પુરવુ મારી લાગણી કોરી
કદાચ થયી હોય મારી ભૂલો નાની -મોટી
પણ લાગણીઓ મારી જરાય નથી ખોટી

રાખડી એટલે કે ભાઈ- બહેન ના લાગણી નો પર્વ, બહેન ,ભાઈ ને ફક્ત એક ડોરી નથી બાંધતી તેમાં હય્યા ના તાંતણા જોડાયા હોય છે ,ને એ ડોરી માં પોતાનું પ્રેમ ને વિશ્વાસ બન્ને પુરવે છે. જાણતા અજાણતા તેના વીરા નું કોઈ ખરાબ ઈચ્છે તો તેનું બાંધેલું આ રક્ષાસૂત્ર તેનું કવચ ના માફક તેની રક્ષા કરે.તેમજ ભાઈ પણ બહેન ના માથા પર હાથ મૂકી તેની રક્ષણ નું વચન આપે છે . આજ સમય ના હિસાબે થોડીક મીનિંગ્સ બદલાઈ ગઈ છે આજ રાખડીઓ ની ૧ લાખ જેવી વેરાયટી જોવા મળી જસે .... ભેટ માં ઉપહાર તરીકે કેડબરીસેલિબ્રેશન જોવા મળી જસે ...પણ અંતર નો ભાવ લાગણી નો જ રહેવાનું છે ...

રુચિતાચાવડા (દુર્ગ)

(૨૬)

રક્ષાબંધન ભાઈ બહેન અને પવિત્ર તહેવાર છે, આ તહેવારની રાહ ભાઈ બહેન આખું વર્ષ જોતા હોય છે, આ તહેવારનો એક અલગ જ ઉમંગ હોય છે.

બાળપણમાં ગમે એટલું ઝઘડિયા હોય, મારામારી કરી હોય,મસ્તી કરી હોય,એ બધું મોટા થઈને કેવી મીઠી મધુરી યાદો બની જતી હોય છે, બહેન સાસરે હોય ત્યારે ભાઈ -ભાભી ફોન કરે છે કે.....રક્ષાબંધન છે તો ચોકકસ આવજે.. અને હા!.. વહેલી આવજે, તારી રક્ષા વિના મારી કલાઈ સુની રહી જશે..

બહેન પણ આ દિવસનો ઘડિયાળનાકાંટે રાહ જોતી હોય છે, માવતરે જવાનો અને પોતાના વીરાનાં હાથે રક્ષા સૂત્ર બાંધવાનો ઉમંગ હોય છે, પરંતુ, જે બહેનને પોતાના વીરાને રાખી બાંધવા જઈ નથી શકતી એને ખૂબ જ દુઃખ થાય છે, એનો ઉમંગ ઓગળી જાય છે, હોઠ હાસ્ય રેલાવતું હોય પણ.... હૃદય વલોવાય જતું હોય છે, અને વીરાને પણ બીજાના હાથે રાખડી જોઈ પોતાની સુની કલાઈ પર દુઃખ થાય છે,
એને પણ પોતાની લાડકી બહેન ની યાદ આવતી હોય છે.

---

બાળપણમાં દરેક ભાઈ-બહેન ઝઘડતા હોય પણ બહેન સાસરે જાય એટલે... બાપના આંગણાં સાથે ભાઈના હૃદયે પણ ક્યાંક ખાલીપો વર્તાય છે, ગમે એટલું ઝઘડતા હોય પણ એકબીજાથી કોઈપણ વાત ન છુપાવે, બહેન ભાઈને રક્ષાસુત્ર બાંધે છે જેથી, ભગવાન તેના વીરાની રક્ષા કરે, હંમેશા ખુશ રાખે, અને બદલામાં ભાઈ બહેનની રક્ષા કરવાનું વચન આપે છે.
ખરેખર, ભાઈ બહેનના પવિત્ર પ્રેમનું બંધન એટલે રક્ષાબંધન.

ધરતી શર્મા "ધરી ".(ભુજ)

---

(૨૮)
સ્નેહ ભાઈ બહેનનો :
★★★★★★★★★★★★★★★★★

સંગીતા સવારથી નિરાશાનાંવાદળોઓઢીને બેઠી હતી. આજે રક્ષાબંધનનો દિવસ હતો. તેનો ભાઈ મૃદંગ, દર વર્ષે હોંશપૂર્વક રાખડી બંધાવી, તેને ખુબ સરસ ભેટ આપતો. તેને નોકરી મળી તે વર્ષે તેણે સોનાની ચેઈન ભેટ આપેલી. જોકે ભેટ કરતાં વધુ મૂલ્યવાન હતો તેનો અપાર સ્નેહ.

એ સ્નેહ ને હવે ક્યાં શોધવા જવું? છ વર્ષ પહેલાં ઓફિસની એક સહકાર્મચારી સાથે મૃદંગને પ્રેમ થઈ ગયો હતો. મૃદંગના કમનસીબે પેલી છોકરીએ પ્રેમમાં દગો દીધો અને અન્ય માલેતુજાર છોકરા સાથે પરણી ગઈ. બીજે જ દિવસે મૃદંગ રહસ્યમય રીતે અલોપ થઈ ગયો હતો. સંગીતાના પિતાશ્રી તથા પોલીસે બધે તપાસ કરી પણ પરિણામ શૂન્ય. થીરકતામૃદંગનો ઠેકો, થાપ બધું થંભી ગયું. ત્યારબાદ દર વર્ષે રક્ષાબંધનને દિવસે સંગીતાનોમૂડઑફ રહેતો પણ તેની પિતરાઈ બહેન બંસરી તથા સંગીતા, પિતરાઈ ભાઈને રાખડી બાંધતાં.

આજે પણ તેના કાકાની દીકરી બંસરી તેને તેડવા આવી પહોંચી. તેણે સંગીતાને કહ્યું, "સંગી, આજે આપણે એક અલગ જગ્યાએ રક્ષાબંધન માટે જવાનું છે. ગઈકાલે જ મૃગેન્દ્ર નામના એક ખૂબ તેજસ્વી મહર્ષિ આવ્યા છે. તેઓ જાહેરમાં ભાગ્યે જ દર્શન આપે છે. મારી એક ખાસ સખીએ ખૂબ જ ઓછા લોકોને આમંત્રણ આપ્યું છે. એટલે ઝટ તૈયાર થઈ જા." સંગીતા કમને તૈયાર થઈ. તેઓ બંને બંસરીની સખી વીણાને ઘેર પહોંચ્યાં. એક મોટા રૂમમાં વીસેક જણાં બેઠાં હતાં. મહર્ષિએ થોડે દૂર ઊંચા આસને સ્થાનગ્રહણ કર્યું. તેઓ એક પછી એક બહેનોનેબોલાવતા હતા. અંતે સંગીતાનો વારો આવ્યો. મહર્ષિ દરેકને રાખડી બંધાવ્યા બાદ કાનમાં કોઈ મંત્ર કે ઉપદેશ આપતા જણાયા હતા.

તેમણે રાખડી માટે હાથ લંબાવ્યો ત્યારે સંગીતાને લાગ્યું, કે હાથ તો મૃદંગ જેવો જ લાગે છે. તેણે રાખડી બાંધીને મહર્ષિ સામું જોતાં જ તેના હોશ ઉડી ગયા. અરે! આ તો મૃદંગ જ છે. અહીં ક્યાંથી? મહર્ષિએ તેને કાનમાં કહ્યું, "સંગી, તું મને ઓળખી જ ગઈ હશે પરંતુ મારી ઓળખ મહેરબાની કરીને બહાર પાડીશ નહીં. હું ખાસ તને જ મળવા આવ્યો છું." સંગીતા કહે, "હું તમને જવા નહીં દઉં." મૃદંગે કહ્યું, "તને મારા સોગંદ છે, જો આ વિશે વાત કરી છે તો." સંગીતા કહે, "પણ પપ્પા મમ્મીને તો બોલાવું ને?" તે કહે, "હું પાંચ મિનિટમાં નીકળી જવાનો છું. બેત્રણ વર્ષમાં ફરી ચોક્કસ આવીશ. મારા આશિર્વાદ." આટલું કહી બીજી બહેનને બોલાવવા જણાવ્યું.

બહેન સંગીતાનાહર્ષાશ્રુ ભાઈનો સ્નેહ પામીને અવિરત વહેવા લાગ્યાં.

---

નિશીથ બક્ષી (વડોદરા)
(૨૯)
રક્ષાબંધન.... પિતા પછી ઘર પરિવાર નો મોભી ભાઈ કહેવાય. એ આપણા દેશની સામાજિક વ્યવસ્થા રહી છે. બહેન ભાઈ નો નાતો મહત્વપૂર્ણ છે. સંગાથે અનેક માઠા પ્રસંગ ના સાક્ષી ભાઈ બહેન પરસ્પર ના હેત સમજતા હોય છે. ભાઈ નાનો હોય કિંતુ બહેન ના જીવન ની "હાશ " હોય છે. લગ્ન બાદ અનેક ફેરફાર બંને ના જીવન માં આવતા હોવા છતાં પરસ્પર ની ભાવના, લાગણી નો સ્ત્રોત અવિરત અખંડ વહેતો રહે છે.
તહેવાર માં આ જોડી માતા પિતા ની આંખ ના તારલા બન્યા હોય છે. મારા સ્મરણમાં એક કિસ્સો... પપ્પાએ ભાઈ ને કામ આપ્યું જે વાપી મુકામે હતું. અમે બે બહેન વાપી જ મમ્મી ની મંજુરી લય ફિલ્મ નિહાળવા ગયા. ભાઈ નું પૂર્ણ થતાં તે પણ ફિલ્મ નિહાળવા આવ્યો. અચાનક મળતા આનંદિત થયા પણ, મારી બાજુમાં પર પુરુષ ને જોતા ભાઈનાચહેરા પર ચિંતા છવાઇ. તરત તેણે પેલા ભાઈ ને વિનંતી કરી મારી બાજુમાં આવી બેઠો ત્યારે તેના જીવ ને નિરાંત થઈ. આ હતી બહેન પ્રત્યેનો પ્રેમ.
લવીંગ જેવો લ્હેરી, તજ જેવો તેજસ્વી, ઈલાયચી જેવા સુગંધી, મારો ભાઈ મને વ્હાલો.
કિરન શાહ (અમ્દાવાદ)

---

(૩૦)
“ રક્ષા બંધન”
ભારતીય સંસ્કૃતિના એક મહત્વપૂર્ણ ઉત્સવ “રક્ષાબંધન” પ્રતિવર્ષે વિશેષ રૂપે ઉજવવામાં આવે છે. આ પરંપરા અધિકૃત રીતે રક્ષાબંધન નાં દિવસે ભાઈ-બહેનનો અદ્ભુત બંધન સ્થાપિત કરે છે .અને એમની આત્મીયતા, પ્રેમ, અને સન્માનને ઊંચાઈઓ પર ઉભો રાખે છે.
રક્ષાબંધનનોહદયસ્પર્શી તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના અતૂટ બંધનનોપૂરાવો છે.
હિંદુ કેલેન્ડરમાં મૂળ, આ આનંદનો પ્રસંગ શ્રાવણ મહિનાની પૂર્ણિમાનાં દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે, બહેનો તેમના ભાઈઓનાકાંડાને રંગબેરંગી રાખડીઓથીશણગારે છે, જે તેમના પ્રેમ અને રક્ષણનું પ્રતીક છે. બદલામાં, ભાઈઓ તેમની બહેનોને સુરક્ષિત રાખવા અને તેમને વિચારશીલ ભેટો આપવાનું વચન આપે છે.
પર્વનું મહત્ત્વ સામાજિક અને કૌટુંબિક સંબંધોને મજબૂત કરવા માટે છે. ભાઈઓ અને બહેનો આ દિવસે આપસ માંથી ભાઈબંધી, પ્રીતિ, આદર અને સંબંધોની ભાવનાઓનુંઉન્મુક્તિકરણ કરે છે.
સંક્ષેપમાં કહીએ તો, રક્ષાબંધન એ સાંસ્કૃતિક પર્વ છે, જે ભાઈઓ અને બહેનોની પ્રેમની ભાવનાઓને મજબૂત કરે છે અને પરિવારની એકતા સ્થાપિત કરે છે. આ પર્વનો ઉત્સવ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે અને વ્યક્તિગત સંબંધોને મજબૂત કરવામાં મદદ કરે છે.

-ડો. દક્ષા જોશી. (રાજકોટ)

---

(૩૧)
સ્નેહ ભાઈ બહેનનો

નયનભાઈ અને ઉષાબહેન માનસિક રીતે ભાંગી પડ્યા હતા. દીકરો શ્યામ તેની પત્ની સાથે અમેરિકામાં સ્થાયી થયો હતો. દીકરી પ્રિયા તેના લગ્નના પાંચ વર્ષ પછી વિધવા થઈ હતી. તેનો મમ્મી-પપ્પાને આઘાત લાગ્યો હતો. બધાનું ધ્યાન અમેરિકા બેઠા બેઠા શ્યામ લાગણીની દ્રષ્ટિએ, આર્થિક દ્રષ્ટિએ, માનસિક દ્રષ્ટિએનિભાવતો હતો. સમય જતા નયનભાઈ અને ઉષાબહેનની તબિયત સારી થઈ ગઈ હતી.

પપ્પાપ.તમે મમ્મીને લઈને હરદ્વાર, ઋષિકેશ એક મહિના માટે જતા આવો. હવે તો તમારી તબિયત સારી છે એમ પ્રિયાએ જણાવ્યું. શ્યામની મંજૂરી મળી ગઈ અને નક્કી કર્યા પ્રમાણે બંને જણ રવાના થયા.

એક દિવસ ભાણો વંશ કોલેજ ગયો હતો. પ્રિયા નોકરી પર ગઈ હતી. ઘર બંધ હતું. સાંજે છ વાગે આવીને પ્રિયાએ ઘરનું તાળું ખોલી પ્રવેશ કર્યો તો બેડરૂમની લાઈટ ચાલુ હતી. તેને શંકા પડી કે, ચોર લાગે છે. તેણે લાકડી હાથમાં લીધી અને ધીમે પગલે બેડરૂમ પાસે જઈને ચોરને જોતાં જ માથામાં લાકડી મારી. ચોર બેભાન થઈને જમીન પર પડ્યો. પરિણામે પોલીસને ફોન કરીને બોલાવી. ચોરને હોસ્પિટલ ભેગો કર્યો. પોલીસે પ્રિયાનીશંકાના આધારે ધરપકડ કરી. ઘરે આવ્યા પછી વંશને સમાચાર મળતા મામા શ્યામને સમાચાર આપ્યા. તાત્કાલિક શ્યામ અમેરિકાથી આવ્યો. પોલીસ લોકઅપમાંપ્રિયાને મળ્યો. સર્વે વિગતો જાણી. શ્યામ એડવોકેટ હતો. તેણે કાયદાકીય કાર્યવાહી કરીને પોલીસ લોકઅપમાંથીપ્રિયાને છોડાવી. કારણ કે, પ્રિયાનાસદ્નસીબે ચોર ભાનમાં આવી ગયો હતો. ચોરે કબુલાત આપી હતી કે, તે રીઢો ગુનેગાર છે. તેની ધરપકડ પોલીસે કરી જેલમાં મોકલી આપ્યો.

પ્રિયા, વંશ, શ્યામ બધા જ ખુશ હતા.
પ્રિયાપ..શ્યામેઉત્સાહથી જણાવ્યું કે, આવતીકાલે રક્ષાબંધન છે. આ દિવસે ભાઈ બહેનની રક્ષા કરવાનું વચન આપે છે. તને ખબર છે બાળપણમાંપપ્પાને મેં વચન આપ્યું હતું કે, હું બહેનની રક્ષા કરીશ. રક્ષાબંધનના
આભાર - નિહારીકા રવિયા દિવસે સવારે ટેક્સીમાંથીનયનભાઈઉષાબહેન ઘરમાં પ્રવેશ્યા ત્યારે પ્રિયાએ મમ્મી-પપ્પાને જોતા જ ભાવવિભોર બની પ્રણામ કરી બંનેને વળગીને રડવા માંડી. શ્યામને જોઈને મમ્મી-પપ્પાનાઆનંદનીઅવિધિ ના રહી. બધી વિગત જાણ્યા પછી નયનભાઈએ કહ્યું, શ્યામ રક્ષાબંધનના હેતુને તે સારી રીતે જાળવ્યો છે. " સર્વે સુખીનોભવન્તુ."

રક્ષાબંધનના દિવસે પ્રિયાએશ્યામનાકપાળમાં તિલક કરી અક્ષત લગાવી રાખડી બાંધતા જણાવ્યું કે, મોટાભાઈ આ રક્ષા પોટલી છે. ભારતીય સંસ્કૃતિના સંસ્કારથી આપણા સૌના હૃદયમાંથી આવતા સ્નેહનોઉર્જારૂપી વહેતા સાગરનો આ મહાઉત્સવ છે. બધા એકસાથે આનંદથી બોલ્યા રક્ષાબંધનની ખૂબ ખૂબશુભેચ્છાઓ.
-દિલીપ સી. સોની (અમદાવાદ)

---

(૩૨)
ભાઈબહેનના પવિત્ર પ્રેમનો પર્વ : રક્ષા બંધન

ભારત સંસ્કૃતિનો દેશ છે પૌરાણીક કાળથી ભારતીય સંસ્કૃતિમાં વિવિધ તહેવારો ખૂબ ઉલ્લાસ પુર્વકઉજવાતા હોય છે. જેમાં દિવાળી, હોળી, જન્માષ્ટમી, રક્ષા બંધન સહિત ઘણા બધા તહેવારો ગણી શકાય.
શ્રાવણ સુદ પૂનમના દિવસે આવતા રક્ષાબંધનના તહેવાર ને બળેવ કે નારિયેળી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવતો હોય છે.
વાત્સલ્યનો મહાસાગર ભાઈ બહેનના પવિત્ર સંબંધમાં જોવા મળે છે. એકબીજા પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ આ સંબંધને વધુ દ્રઢ બનાવે છે.
ભાઈ બહેનના પવિત્ર સંબંધ ની વાતો ઈતિહાસનાપાનાઉથલાવીશું તો પાનેપાનેવર્ણવેલી જોવા મળશે.

રક્ષા બંધનના તહેવારની શરૂઆત કયારે થઈ એ આપણા પૌરાણીકશાસ્ત્રોમાં જોવા મળે છે.
રક્ષા બંધનની શરૂઆતની કથા મહાભારત સાથે જોડાયેલી છે. મહાભારતના યુદ્ધ દરમ્યાન ભગવાન શ્રી કૃષ્ણને સુદર્શન ચક્ર આંગળી માં વાગ્યું અને લોહી નીકળવામાંડ્યું એની જાણ દ્રૌપદી ને થતાં તરત જ પોતાની રેશમી સાડી ફાડી એનો પાટો ભગવાનની આંગળી પર બાંધ્યો અને ભગવાને પણ દ્રૌપદી વચન આપ્યું કે હું જયારે જરૂર પડશે ત્યારે ત્યારે હું તારું રક્ષણ કરીશ. કૌરવો અને પાંડવો વચ્ચે જુગટુ રમતાં રમતમાં હારેલીદ્રૌપદીનુંવસ્ત્રાહરણ કરવામાં આવ્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરતાં તે વખતે દ્રૌપદીના ચીર પૂરી એની લાજ રાખી અને રક્ષા કરી આમ રક્ષા બંધનની શરુઆત થઈ હોવાનું મનાય છે.

બલીરાજાએ ત્રણે લોકમાં વિજય મેળવ્યો ત્યારે સ્વર્ગ પાછું મેળવવા દેવોએ ભગવાન વિષ્ણુને વિનંતી કરી અને ભગવાને બ્રાહ્મણનું વામન રૂપ ધારણ કરી યજ્ઞ વખતે ભિક્ષા સ્વરૂપે બે ડગલાંમાં સ્વર્ગ અને પૃથ્વી માપી લીધી અને ત્રીજા ડગલામાંબલિના માથે પગ મુકી પાતાળ લોક માં પહોચ્યા અને લક્ષ્મીજી પણ વિષ્ણું ભગવાનનેશોધતાશોધતા પાતાળ લોક જઈ પણ બલીરાજાનેકાંડે રાખડી બાંધી ભાઈ બનાવી ભગવાનનેછોડાવ્યા ની વાર્તા પણ પુરાણોમાં જોવા મળે છે.
રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણ દ્વારા કાચાસુતરની રાખડી બાંધવાનો રિવાજ પણ વર્ષોથી ચાલ્યો આવે છે.

ભાઈ બહેનનો પ્રેમ અતુટ હોય છે . લડવું -ઝઘડવું, રિસામણા મનામણાં તો કયારેક શાબ્દિક યુદ્ધ છતાં પણ એમનાં પવિત્ર પ્રેમની ગંગા અસ્ખલિત નિરંતર વહેતી જ રહે છે.
મા ભારતીની દેશના સીમાડે રક્ષણ કરતા આપણા વીર જવાનોને પણ બહેનો રાખડી બાંધી તેમની રક્ષા કરવાની પ્રાર્થના કરતી હોય છે
ફિલ્મોમાં પણ ખૂબ જ સરસ ભાઈ બહેનનાહેતના ગીતો લખાયા અને ગવાયા છે. જે આજે પણ સાંભળવા ગમે છે.
મહેશ સોની (નખત્રાણા)

---

(૩૩)
નાતાલ, ઈસ્ટરડે, ગુડ ફ્રાઈડેવિગેરે ખ્રિસ્તી ધર્મના તહેવાર છે. ઈદ,મહોરમ, ઈદેમિલાદ, વિગેરે ઈસ્લામ ધર્મના તહેવાર છે.જ્યારે ગાંધી જયંતિ, સ્વતંત્ર દિન, પ્રજાસત્તાક દિન વિગેરે રાષ્ટ્રીય તહેવારોછે.જ્યારે દિવાળી, ઉતરાયણ,હોળી, દશેરા,નવરાત્રી, જન્માષ્ટમી,રામનવમી હનુમાન જયંતિ,વિગેરેહિન્દુ ધર્મના તહેવાર છે. જેમાં રક્ષાબંધન હિન્દુઓમાંઅગત્યનો તહેવાર છે.તે દિવસે બહેન ભાઈને રાખડી એટલે કે રક્ષા જમણા હાથે બાંધે છે. અને દશેરાના દિવસે સામાન્ય રીતે નદીમાં પધરાવે છે.
આ નથી ભાઈ બહેન વચ્ચે સંબંધ કે ઋણાનુબંધ, પણ છે પરસ્પર સુરક્ષાનો આજીવન કરાર. તેમાં ભાઈ ;બહેનની જીવન પર્યંત સુખી રાખવાનુંસ્વીકારે છે બંધન. ને બહેન ભાઈને કરાવે છે મીઠુ મોં. તે નથી મધુરતાનો પ્રસાદ. પણ ઈચ્છા રાખે છે કે સદા ભાઈનું મુખ રહેશે હસતું ને મધુર.
આજ છે બન્ને વચ્ચે પરસ્પર સુખ અને સુરક્ષાનો આજીવન કરાર.ભલેને સંજોગવશાત ના થાય કદાચ કોઈ વખત અનુમોદન.
ભગવાન વિષ્ણુએ આ દિવસે જ વામનનો અવતાર લઈને બલીરાજાનું અભિમાન ચકનાચૂરકર્યુંહતુ.તેથી તેને બળેવ તરીકે પણ ઉજવાય છે. મહારાષ્ટ્રમાં તે નારિયેળી પૂર્ણિમા અથવા શ્રાવણી પૂર્ણિમા તરીકે પ્રખ્યાત છે.
વળી પૌરાણિક કથા પ્રમાણે દેવો અને દૈત્યો વચ્ચે યુદ્ધ થયું ત્યારે દેવો હારવાલાગવાને ભયભીત થયા ત્યારે ઈંદ્રની મહારાણી ઈન્દ્રાણીએ પોતાના પતિ દેવ ઈંદ્ર અને દેવતાઓને રક્ષા સૂત્ર બાંધ્યું ને દેવોનો વિજય થયો.બીજી માન્યતા છે કે ઋષિ મુનિઓની સાધના આ દિવસે પૂરી થાય છે તેથી તેઓ યજમાનોના હાથે રક્ષા બાંધીને આશીર્વાદ આપે છે.બ્રાહ્મણો પણ આ જ દિવસે જનોઈ બદલે છે.
ઐતિહાસિક માન્યતા પ્રમાણે ચિતોડના રાણી કર્ણાવતીએ મોગલ બાદશાહ હુમાયુંને રાખી મોકલી પોતાનો કહેવતો ભાઇ બનાવ્યો, અને સંકટ સમયે તેણીને મદદ કરવા ચિતોડ ગયો હતો.
આજના સમયની માંગ છે કે કોમી એખાલસ
જાળવવા કે વધારવા માટે રક્ષાબંધનની ખૂબ જ જરૂરી છે; કેમકે આપણો ભારત દેશ વિવિધ કોમોનો દેશ છે....

ઉમાકાન્તહીરાલાલ સોની (અમદાવાદ)

---

(૩૪)
રક્ષાબંધન

ભાતૃ, ભગિની ના નિસ્વાર્થ સ્નેહનું વિમલ ઝરણું

"વ્હાલીબહેની! જનની તનયા સ્નેહની વીરડીશિ,
સ્વાર્થેઘેર્યો જગ ઉધ્ધીમા મીઠી વીરડીશિ."

બહેની! તારા વિમલ ઉરની આ શુભાશિષ માટે શું આપુંહુ! સુભગ ભગિની! તુચ્છ ત્રિલોક છે જ્યાં.

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે ભાઈ બહેન ના નિસ્વાર્થ પ્રેમ ના અમૂલ્ય ઝરણા ની સરવાણી વહેતી મૂકવી છે.

હે વ્હાલી પ્રેમાળ બહેની! તારો નિસ્વાર્થ સ્નેહ મારા પર સતત વહેતો રહેલો છે, હું આ સ્વાર્થી દુનિયા ના વમળ માં ફસાઈ ગયો છું, સ્વાર્થી સંસાર ની માયાજાળના ભ્રમર માં ફસાઈ ગયો હોવા છતાં તારા વિમલ હૃદયની અંતઃકરણપૂર્વક ની પ્રાર્થનાઓ.. શુભાશિષો.. આશીર્વાદ માં ક્યારેય ઓટ આવી નથી.તેતો હંમેશા એ આશીર્વાદ ના ઝરણા ને સતત વહેતા રાખ્યા છે .

હે બહેની! હું તને શું આપું! આ ત્રિલોક,આ દુનિયા પણ તારા પ્રેમ સામે તુચ્છ છે નિર્મૂલ્ય છે.

રક્ષાબંધન એટલે ભાઈ બહેનના નિસ્વાર્થ પ્રેમનું બંધન. જેને આપણે શ્રાવણી પૂનમ કહીએ છીએ. આજના દિવસે બહેન પોતાના ભાઈ ના હાથે રાખડી બાંધવા માટે પોતાના હાથે જ રક્ષા તૈયાર કરે છે, ભાઈ તેની બહેન ની શું રક્ષા કરે? ભાઈ રક્ષા કરે એ પહેલા બહેન જ ભાઈ ની રક્ષા થાય એ માટે ભગવાન પાસે અંતઃકરણ થી પ્રાર્થના કરી ભાઈ ના હાથે રાખડી બાંધે છે. રાખડી ના ત્રણ તારની અંદર જાણે કેવી કેવી અને કેટ કેટલી ભાવના ભરતી હોય છે, જાણે કે રક્ષાના ત્રણ તારમા ભૂ, વ્યોમ અને પાતાળ ની શક્તિ ભરતી હોય છે જેથી પોતાનો ભાઈ જગતનો સર્વશ્રેષ્ઠ શક્તિ શાળી વ્યક્તિ બને, જાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નું તેજ ભાઈ ને મળે, જાણે શરીર ની મુખ્ય ત્રણ નાડીઓઈંગળા, પિંગળા અને સુષુકણા જેથી પોતાનો ભાઈ બધેજ મુખ્ય રહે, જાણે કે ગંગા, જમના અને સરસ્વતી નો ત્રિવેણી સંગમ, જાણે કે શરીર ના આધાર સમાં ત્રણ ગુણો તમો, રજો અને સત.

"ક્યારેક તો ખુદ ઈશ્વર પણ મને જોઈ મારાથી ઈર્ષાયછે ,
જ્યારે મારી બહેન મારી સાથે હોય છે .
ખૂદ બ્રહ્મા,
આભાર - નિહારીકા રવિયા વિષ્ણુ, મહેશ રક્ષા કરવા વચને બંધાય છે ,
જ્યારે મારી બહેનની રાખડી મારા હાથે હોય છે."

રાખડી ના તાંતણા માં બહેન તેના હૃદય ના આશિષો ઠાંસી ઠાંસીને ભરતી હોય છે જેથી તેના ભાઈ નું આ દુનિયા માં રક્ષણ થાય.તેનો ઉમદા પ્રેમ જ ભાઈ નું રક્ષણ કરે છે . દુનિયાની કોઈ પણ તાકાત બહેનના આ રક્ષા ને તોડી શકતી નથી મિટાવી શકતી નથી, બહેન ના પ્રેમ નું કોઈ મૂલ્ય આંકવા બેસી તો આંકી શકાતુ નથી તેનો પ્રેમ અમૂલ્ય છે અણમોલ છે.

જગદીશ જે પ્રજાપતિ, "બનાસી"(દીલ્હી)

---

(૩૫)
★ચાર બંગડીઓ★

ભાઈ-બહેનઃ
ભાઃ- ભાર વિનાની
ઈઃ- ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ.
બઃ- બહુ
હેઃ- હેતાળ
નઃ- નટખટ લાડલી.

નાનપણમાં એકબીજા વીના જરાયે ના ચાલે એવા ભાઈ અમરની નાની બેનઅલ્પા. આખો દિવસ ભાઈ ભાઈ કરતી એના પાછળ ફર્યા કરે અને ભાઈ પણ પોતાની નાનકડી,લાડકી બેનનું બહુ ધ્યાન રાખે.

પોતાના હિસ્સાનું પણ બધું નાનીબેનને એ આપી દે. રક્ષાબંધન હોય કે ભાઈબીજ એને એના પસંદનીભેટવસ્તુ આપે. પિતા બાળપણમાંજ સ્વર્ગવાસી થઈ ગયા હોવાથી અમર મોટાભાઈ સાથે પિતાની પણ જવાબદારી સાચવે.

અમરના વિવાહ થયાં સુંદર સલોની ભાભી બની ઘરમાં આવી. સલોની એક સહેલી જેવો જ પ્રેમ અલ્પાને આપે. હવે તો અલ્પાને ભાઈ કરતા પણ લાડકી ભાભી હતી. બંને વચ્ચે ખૂબ બેનપણા.

સરકારી નોકરી કરતા વૈભવ સાથે અલ્પાનાં વિવાહ ખૂબ ધામધૂમથી કરી રડતી આંખે અને હસતા ચેહરેઅલ્પાને વિદાય કરી હતી.

વર્ષમાં બે ચાર વાર અલ્પા પિયર આવે. માતાની સેવા કરવા રહેવા આવવાની અલ્પાની બહુ ઈચ્છા થાય પણ એનો પતિ વૈભવ બહુ ક્રોધી અને ગર્વિષ્ઠ હતો એ એને રહેવા આવવા ના દે. એના ઘરનાં બંધ પિંજરામાં જ ખુશ રહેતી.

સલોની બહુ સારી વહુ હતી , સાસુનું બહુ ધ્યાન રાખે, સેવા હસતામુખે કરે. સાસુ એકદિવસસિરિયસ થયા. અલ્પાને બોલાવી પણ વૈભવે એને મોકલી નહીં.

દીકરીને યાદ કરતાં માતાએ, પોતાની વહુને જ પોતાના હાથની ચાર સોનાની બંગડી પહેરાવીકહ્યુ," આના પર ફક્ત તારો હકક છે વહુ બેટા. આ કોઈને આપીશ નહીં."

તેરમાની વિધિ પર વૈભવ અને અલ્પા આવ્યા હતા. જતા પહેલાં માતાની અંતિમ નિશાની સોનાની ચાર બંગડી ભાભીનાં હાથમાં જોઈ.
અલ્પાએ માંગી પણ સલોની આપતી નથી. અલ્પા અને વૈભવે ઝગડો કર્યો, હકકજતાવ્યો પણ સલોનીએ આપી નહીં.

બંગડીઓનાં લીધે સંબંધોમાં કટુતા આવી ગઈ. અમર એના બેનનીયાદમાં તડપતો હતો,

સલોનીએ કહ્યું , "જો બંગડીઓના લીધે તમારો ભાઈ બેનનો સંબંધ ફરી જોડાઈ જાય તો બાની આ આખરી નિશાની એમની આજ્ઞાનાં વિરુદ્ધ જઈને પણ આપવા હું તૈયાર છું." અમરને આ વાત ગમી નહીં.

અમરે ચાર ચારબંગડીઓ વાળી નવી ગાડી ઓડી લીધી હતી. એક રક્ષાબંધને સવારે તેણે કહ્યુ,
" ચાલ તૈયાર થઈ જા,આપણે અલ્પાના ઘરે રાખડી બંધાવાજઈશું." સલોની ખુશ થઈ ગઈ.

આટલા વર્ષે ભાઈ ભાભીને રક્ષાબંધનનાશુભદિનના જોઈ અલ્પાહરખઘેલી થઈ ગઈ. તેણે કહ્યું, " મારે નથી જોઈતી બાની ચાર બંગડી, પ્રેમ જોઈએ છે."

કુમકુમ તિલક કરી પોતાના ભાઈને પ્રેમથી રાખડી બાંધી, આશીર્વાદ લેવા ઝૂકી અને ભાઈએ નવી કોરી સોનાની ચાર બંગડીઓ આપી. બંદીસ્ત થયેલો ભાઈબેનનો પ્રેમ ફરી એકવાર આઝાદ થયો.

સુનિતા મહાજન.(અકોલા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

## સ્નેહ ભાઇ બહેનનો પધ

પ્યારી નટખટ બહેન
નયનથી સદા સ્નેહ કરતા રહ્યા છે
રખેવાળ થઈ દિલને અડતા રહ્યા છે.
ફૂટી એક ધારા આ સંબંધની જ્યાં,
બધા દુ:ખનેદર્દો એ હરતા રહ્યા છે.
નથી હોતું કારણ કદી કોઈ છતા પણ,
એ ડાહ્યા થઈ પ્યાર ભરતા રહ્યા છે.
જરા મીઠડાં હોય ઝઘડા જ નિશદિન,
ને ટીખળ રુપે દિલથી મળતા રહ્યા છે.
જુઓ લાડકા થઈને દિલમાં ખરેખર,
અકારણ જ મસ્તીમાંહળવા રહ્યા છે.
નિરંતર છે હાજર જીવનમાં સદાયે,
ને આનંદ માણી એ હસતા રહ્યા છે.

મોહનભાઈ આનંદ (વડોદરા)

(૨)
" હોય ક્યાં બંધન "

સુદર્શનનાસમી રક્ષા કરે ,એ હોય ક્યાં બંધન?
ભલા જન્મોજનમનેઆવરે, એ હોય ક્યાં બંધન
હરેક ધાગામાંકાનાનેસ્મરે,એ હોય ક્યાં બંધન?
જે ભાઈ નામ લેતા તરવરે, એ હોય ક્યાં બંધન,
સદા યે તંત-તંતે પ્રીતના બંધાઈ જાતી જે,
સહજ બંધાઈ મુક્તિનેવરે, એ હોય ક્યાં બંધન?
મને રક્ષાના નામે બાંધશેબેના ફરી આજે,
હરિનું નામ એ પણ જો સ્મરે, એ હોય ક્યાં બંધન?
અમારે મન ફકીરી મોક્ષનો તહેવાર છે મિત્રો,
જતી રાધા સુદામાના ઘરે, એ હોય ક્યાં બંધન?

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ" (અમદાવાદ.)

(૩)
માંદગીને બિછાને પડેલા ભાઈને.. છેલ્લી રક્ષાબંધને...
આ છેલ્લી છે, એ જાણ સાથે, હૈયું હચમચાવીને, રાખડી બાંધી'તી.
છેલ્લી ન રહે, એ ભાવ સાથે, ઘૂંટ ગટગટાવીને રાખડી બાંધી'તી.
ચાહ એવી ખૂબ જાગે, ચમત્કાર થાય, સઘળુ સારું થઈ જાય,પણ
ખોટા, જૂઠા દિલાસા સાથે, કડવું સચ પચાવીને રાખડી બાંધી'તી.
જાણ્યું'તું સમય બળવાન છે, પણ કોપાયમાન આવો? સાવ કટાણે?
વિધિની વક્રતાનાં દ્વારો, ખૂબ ખટખટાવીને રાખડી બાંધી'તી.
મજબૂત છીએ, આવજે પણ, પીડા વિના મળજે ભાઈને, માની જેમ જ,
હકભર્યા હુકમના સાદ સાથે, બહુ જ મન મનાવીને બાંધી'તી.
એ લાચારી ને વેદનાને હરાવી,
રુદિયે, શ્રદ્ધાસભર સૂતરનો તાર, કચકચાવીને રાખડી બાંધી'તી.

--પણ આખરે સપ્ટે. ૨૦, ૨૦૨૦ની રાત્રે ૧૧.૧૫ વાગે
ભાઈએ જીવનમંચ પરથી વિદાય લઈ જ લીધી.

દેવિકા ધ્રુવ (હ્યુસ્ટનઅમેરિકા)

(૪)
મારા રક્ષણ માટે બાંધી મારા કાંડે રાખડી;
હે પ્રભુ! ભીની થવા દેતો ન એની આંખડી.
છે પિતા થડ જેમ, માતા ડાળખી, હું પાન છું;
બ્હેન તું તો સાવ નાજુક ફૂલની એક પાંખડી!
કોક દી ચશ્માં બની દુનિયા બતાવી બ્હેન તેં!
માર્ગમાં કાંટા જો આવ્યા તું બની ગઈ ચાખડી.
ઘરને લાગેલો ઘસારો દૂર કરવા માટે તેં,
માની સાથોસાથ કાયમ રાખી બાધા-આખડી.
આજ રક્ષા બંધને આ હૈયું ઊભરાઈ ગયું,
આંખમાંથી છૂટી ગઈ સૌ આંસુઓની ગાંસડી!

અનિલ ચાવડા (હાલઅમેરિકા)

(૫)
બેનડી હો વ્હાલીબેનડી...

વ્હાલપની બાંધી દે આવીને રાખડી....
ઓ વ્હાલીબેનડી......

પ્રીતનો આ વ્હાલો તહેવાર છે,
તાંતણાથી બાંધ્યો વહેવાર છે,
હેતનાહિલોળે વરસે છે આંખડી...
ઓ વ્હાલીબેનડી....

આખો'દી સંગાથે લડતા ઝઘડતા,
રાત પડે પાછા ભેગા થઈ જમતા,
પ્રેમ તણી તારી બાંધી પાઘલડી...
ઓ વ્હાલીબેનડી ....

...પ્રશાંત સોમાણી (સુરત)

(૬)

એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છેપ

તારા સાથમાં, બાળપણ હજુ જીવંત છે,
આપણાં સ્નેહનો, સંબંધ યથાવત્ છે,
એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છે!
તારા વ્હાલમાં, મમ્મીની યાદ છે,
તારા ઝઘડામાં, અનુશાસનની છાંટ છે,
એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છે!
મુશ્કેલીઓમાં, તું આધાર છે,
નિષ્ફળતામાં, તારો સાથ છે,
એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છે!
તારી લાગણી એ, વિશેષ ઉપહાર છે,
હૈયે હેત અને, આંખોમાં વહાલ છે,
એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છે!
બંધન તારા સ્નેહનું, અતુટ છે,
પ્રેમ ના દોરાથી, બંધાયેલ આપણી ''ચાહત'' છે,
એ જ તો, રક્ષાબંધનનો તહેવાર છે!!

નેહાદેસાઈ 'ચાહત' (અમેરિકા)

(૭)
સ્નેહ ભાઈ બહેનનો
તહેવારોછાંટતા આપણા જીવનમાં નવીનતાનો રંગ
રોજીંદી ઘરેડ માંથી આપી મુક્તિ રેલાવતા આનંદ ઉમંગ.
અનહદ તહેવારોથી સમૃદ્ધ છે, આપણો ભારતખંડ,
ભાઈ બહેનના સ્નેહાળ સંબંધનીઉજવણીનો છે સાક્ષી રક્ષાબંધન.
તિલક ભાલે ભાઈને કરી, બેની બાંધતી એને કાંડે રક્ષા વેરી ખુશી,
આરતી ઉતારી એની, ઈચ્છતી એનું સ્વાસ્થ્ય, સુખ અને સમૃદ્ધિ.
છેડ-છાડ ને નોક -ઝોકમાં મેવા મીઠાઈનીછોળોઉછળતી,
વીર પસલીની રસમ ઉમેરતીગર્વિલી સંતોષની ક્ષણોઅનેરી.
એક કાચાતાંતણે વચનબધ્ધ થતા,ભાઈબહેન આજે, કરવા સૌને સુખી,
પ્રેમાળ પર્વની ઉજાણી નિહાળી વડીલો મેળવતા સંતોષપૂર્ણ સુખદ તૃપ્તિ. ૈં;
ખ્યાતિ દેસાઈ,(અમદાવાદ)

(૮)
રક્ષાબંધન

એક પ્યારું સૌને ગમતીલું જ બંધન છે;
સ્નેહ ભાઈ બહેનનો એ શુદ્ધ કંચન છે.

પ્રેમથી રમતાં-ઝઘડતાં બહેન-ભાઈ જોઈ;
ઊછર્યું ઘર આંગણે ને મહેક્યું ચંદન છે.

રાખડીના રૂપમાં રક્ષા જીવનભરની;
હૈયે ભાઈ-બહેનના એક રૂડું સ્પંદન છે.

જો પરસ્પર પ્રેમની નિશાનીની આ ભેટ;
ભાઈએ દીધા બહેનને જોડી કંગન છે.

રક્ષાબંધનનારૂડા તહેવારની જેણે;
પણ કરી રચના એને 'શ્વેતા'નાં વંદન છે.

શ્વેતા તલાટી (વડોદરા)

(૯)
★(રક્ષાબંધન : ભાઈ-બહેનનાં અતૂટ પ્રેમનું પ્રતીક)★

મા બાપ પછીનો સૌથી પહેલો સબંધ છે ભાઈ તું,
મારો સહોદર માડીજાયો વીર ને સખો છે ભાઈ તું.
મારાં બાળપણથી અત્યાર સુધીનો રખેવાળ છે ભાઈ તું,
મારા માટે પિતા પછી સૌથી વધુ પૂજ્ય છે ભાઈ તું.
તને હેરાન કરવાની ખરી મજા લૂંટતી હતી હું,
હવે મારું અમૂલખ સંભારણું બન્યું છે ભાઈ તું.
માતા પિતા પાસે તારા લાડમાં ભાગ પડાવતી હું,
તોયે હસતાં મુખે મારું ઉપરાણું લેતો ભાઈ તું.
આપણા ઘરનો કુળદીપક ને માતાપિતાનો સહારો તું,
સદાય હસતો રહે બહેનનાં આશિષ લેજે ભાઈ તું.
જોતી રહું આખું વર્ષ રક્ષાબંધન તહેવારની રાહ હું,
સૂતરનાંતાંતણે બાંધી દઉં અંતરનાં આશીર્વાદ હું.
ભારતી ભંડેરી "અંશુ" (અમદાવાદ).

(૧૦)
ન જોઈ ક્યારેય રાત કે ન જોયો દિવસ,
આપી દીધું પોતાનું સમસ્ત જીવન દેશ કાજ!
સમજ્યો જેણે દેશ જ પરિવાર,
છોડ્યો પોતાનો પરિવાર આ દેશ કાજ!
અડગ છે જેનાં મનનાંઈરાદા,
નથી થતો વિચલિત એ દુશ્મનો થકી!
નથી ડર જેને મોતનો, નીડર થઈ ફરતો,
વીર જવાન એ દેશનો, કરતો રક્ષા સૌની!
ન કોઈ ધર્મ, ન કોઈ જ્ઞાતિ, તુ તો માત્ર એક ભારતીય!
મોકલું છું હું રાખડી ઓ વીરા તને, કરવાને રક્ષા તારી!

સ્નેહલ રાજન જાની (સુરત)

(૧૧)
રક્ષાબંધન

ઉજવણી કંઈક આ જગતમાં,
ભાઈ બહેનના સ્નેહની ઉજવણી એક,

એક તાંતણો કાચાસૂતરનો,
બંધાતી ઉજવાતી આશાઓ અનેક,

ઉગે પ્રભાત દીપ પ્રાગટ્ય,
થાળી શોભે, કંકુ-ચોખાને હરખ કંઈક,

કાંડેથરકેઆંગળીઓ બહેનની,
ભાઈનાઉરમાં શોભે લાગણીઓ અનેક,

આરતી, ઓવારણાંને તિલક લલાટે,
ભાઈલો-બેની મલકે, રાખડી એક,

કંઈક માંગણી કંઈક લાગણી,
ઉજવાતો તહેવાર રક્ષાબંધન એક.

કેતનકુમારબગથરિયા'રાહી'(રાજકોટ)

(૧૨)
ખૂબ મીઠાંજતનથીસાચવું છું આંખોનેખૂણે...
વીરા તારી અમનોલલાગણીનાં અપાર વેગને...
ભૂલ થઈ જાય જો મારાથી ઊર્મિ ઓનાં દેશમાં...
સમજણનો સેતુ બાંધી મને હેતથીપંપાળતો...
સમાજનાં પ્રબળ સુખદુ:ખ નાં સ્મરણોરંજાડતા...
ખડતલ વિચારે? હોઠ પર તાળું મારી રસ્તો બતાવતો...
હાથમાંથીછૂટતાં અમૂલ્ય જૂનાં પ્રેમ અવસરો...
મહેનતમાં તરબતર બની અધરાસંકલ્પોસજાવતો...
હસ્તરેખાઓ કાયર? બની રૂંધાતી ને પજવતી...
જીવતો જાગતો પીર બનીને
હરહંમેશમદદે આવતો મારો વીર...
ખમ્મા ખમ્મા મારા વીરાને...

ભાવિકા વ્યાસ. 'ભાવિ' જૂનાગઢ

(૧૩)
ગમે છે એવું બંધન!

કરે જે બહેનની રક્ષા, ગમે છે એવું બંધન;
અનુપમ છે જેની કક્ષા, ગમે છે એવું બંધન!

મુસીબતની પળે એ પ્રેમ-તંતુ થાય છે દઢ,
કરે જે પ્રેમ-પરિક્ષા, ગમે છે એવું બંધન!

ભલે હો કોઈપણ સામે, મગર એ બહેન કાજે;
તરત પહોંચીને દે
શિક્ષા, ગમે છે એવું બંધન!

કરે છે મુક્ત એ બંધન બધાં તોડી જગતનાં,
મળે જ્યાં પ્રેમની દિક્ષા, ગમે છે એવું બંધન!

ભલે હો બહેનથી ભાઈ ઘણોયે દૂર 'સુધીર',
ફળે અંતરની પ્રતિક્ષા, ગમે છે એવું બંધન!

સુધીર પટેલ (અમેરિકા)

(૧૪)
રક્ષાબંધન
જિંદગીમાં દીર્ઘ રુજુ રુણબંધ ભાઈ-બહેનમાં,
બે કિનારા સ્નેહનાં વારી છલકતા વ્હેણમાં...
માવડીની ગોદમાંથી ખેંચતો ઉતારવા,
વળી બોર જાંબુ આપતો એ બેનીને મનાવવા...
મસ્તીમાં મારે ખરો, ના મારવા દે કોઈને,
હું કદી વઢું લડું, ના આંચવા દઉં કોઈને...
''અરે! કોણ આને પરણશે!'' વાળ બાંધી ચીડવતો,
બહેનનો સુહાગ શોધે, કો કસર ન ચલાવતો.
અંતિમ સમય હો માતનો કે કષ્ટનું કારણ હશે,
હૃદયના ખાસ ખૂણામાં સહોદર હાજર હશે.

પાનખરનાં પ્રહરમાં, હું આજ આવીને ઊભી,
બાલપણથી શુભેચ્છા સદભાવ વરસાવી રહી.
અત્યંત નાજુક લાગણી અણકહી જે અનુભવી,
પ્રાર્થના, હીરદોરથી રક્ષા કરો મમ વીરની.

સરયૂપરીખ. ભાઈ-મુનિભાઈ મહેતા

(૧૫)

સ્નેહનાં બંધન
★★★★★★★★★★★★★★★★
આવ્યો શ્રાવણ ને લઈ આવ્યો પવિત્ર બંધન,
ભાઈ બહેનનાસ્નેહનું આ છે અનોખું બંધન.

સ્નેહબંધન મીઠા બાંધ્યાઈશેસૂતરનેતાંતણે,
તંતુ નથી આ છે બહેનનાપ્રેમનું અતૂટ બંધન.

ગયું બચપન ગઈ જવાની તૂટ્યું ન રક્તબંધન,
રક્ષા કરજે વીરાબંધાયું કલાઈ એ રક્ષાબંધન.

છૂટશેમુજથી ગલી દુનિયાના દુનવ્યયી સંબંધ,
ના છોડતો વીરા આપણું સહોદર પ્રેમનું બંધન.

ખપે ના મુજને દોલત,વીરપસલી કે સ્વર્ણકંગન,
થાઉં પરાઈ જગથી તોય તુટે ના સ્નેહના બંધન.
-કિરીટકુમારપી.વાઘેલા (વડોદરા)

(૧૬)
રક્ષાબંધન પર્વ

હૈયામાંહરખન માય શ્રીવણી પૂનમ આજે
હેયું બહુ હરખાયરક્ષાબંધનનો પર્વ આજે
બહેની સહોદર દ્વારે રક્ષાબંધન કાજે આવે
જુઓ વહાલસોઈબહેનીરૂડીરક્ષાને લાવે
ચંદન, કંકુ,ચોખા, ફૂલો લઈને પધારે આવે
પ્યારથી વ્હાલસોયા ભાઈને નજીક બેસાડે
પ્રથમ સહોદર ભાલે પ્રેમથી તિલક લગાડે
ભાઈલોપ્રેમે હાથ લંબાવે રક્ષાબંધન કાજે
વહાલસોઈ લાડલી બહેની કરે રક્ષા બાંધે
સંગ સંગબહેનીસહોદરનેમિઠાઈજમાડેરૂ
જુઓ કેવા આનંદ સાગર છલકાય આજે
બહેનને આશિષો વચનો વર્ષાવાયા આજે
ભાઈ બહેનીનાંહેયાંઓ પુલકિત છે આજે
ભાઈ બહેનીને અભયદાન અર્પેપ્રેમે આજે

સુભાષ ઉપાધ્યાય'મેહુલ' (અમેરિકા)

(૧૭)
રક્ષા બંધન નો પવિત્ર અર્થ:-

ર:- રક્ષા કરજે મારા વ્હાલસોયાવીરા,
તારી વ્હાલસોઈબહેનીની.
ક્ષા:-ક્ષમા કરજે મારા વ્હાલસોયાવીરા,
તારી વ્હાલસોઈ બહેનને.
બં:-આપણા વ્હાલસોયાવીરાપ્રેમના
બંધન માંથી તારી બહેનને મુક્ત ના કરતો.
ધ:- મારા વ્હાલસોયામાડીના જાયા,
આપણા લોહીનાં બંધન અમર રાખજે.
ન:- મારા વ્હાલસોયા સહોદર જિંદગીમાં
તારી લાડકી બહેનને કદી ના વીસરતો.

સુભાષ ઉપાધ્યાય'મેહુલ' (અમેરિકા)

(૧૮)
ભાઈબહેન નો સ્નેહ છલકાય
આવી બાંધવોને બાંધવા રક્ષા; બહેન નો સ્નેહ છલકાય,
પૂનમનીપ્રભાતે ભાઈ નું પણ ઉર આનંદેઉછાળા ખાય.
કરવા રક્ષા ભાઈ-બહેનની જીવનમાં નિત્ય ચૈતન્ય ધબકે,
ઝગમગે દીપ હસ્ત થાળીમાં, અણુ કોટિક શગેઝલકાય.
ફૂલની ફોરમ બહેની આવતા;હર્યું ભર્યું ચમન મહેકી જાય,
હોય ભલેનેકાંટાળી વાડ તો પણ ભ્રમર આવવા લલચાય.
સ્નેહ ભાઈબહેન નો એવો જ્યાં આવી છુપાયો છે ચંદ્રમાં,
રમણીય ધરા રમ્ય બની આજે સ્પર્શે સ્નેહ બન્ને નો ફેલાય
'કમલ' સ્નેહ થી બાધીમઢુલી જ્યાં નિત્ય બહેનોનો વાસ,
રમ્ય બની રહ્યુ જીવન અંતર નું આંગણું એવું તો સોહાય.

કમલેશ.વી.પરીખ(બોડેલી-વડોદરા)

(૧૯)
સુખી રહેજે ભાઈ
................................
મારા વીરાનેબાંધુ અમર રાખડી રે,
મારા વીરાને કરું કુમકુમ ચાંદલો રે.
સુખી રહેજે ભાઈ......
રૂડો અવસર આજ આવીયો રે,
તારી રક્ષા કરે મારી રાખડી રે,
સુખી રહેજે ભાઈ......
ભાઈબહેનનો નિર્મળ પ્રેમ છે રે,
શ્રાવણી પૂનમનો તહેવાર છે રે.
સુખી રહેજે ભાઈ......
વીરો મારો આંખલડીનો તારો રે,
સદાય રહે એનો સંસાર સારો રે.
સુખી રહેજે ભાઈ.....
હેતેનીતરતીબાંધુ તને રાખડી રે,
ખમ્મા મારા વીર! બાંધુ તને રાખડી રે.
સુખી રહેજે ભાઈ.....
.
મનુભાઈ પટેલ..'મનમોજી'(હાલ યુએસએ)

(૧૯)
સ્નેહ ભાઈ-બહેન નો"ભાઈ ની મુડી બહેન"

કાળજાકેરો કટકો મારો ગાંઠ થી છુટી ગ્યો,
વરસાવી હેત ની હેલી,ભાઈ ને છોડી ગૈ તે વહેલી.
મા-બાપ, ભાઈ-બહેન અને છોડી ને ગૈ સહેલી.
આવી ને ક્યારે જતી રહી ,જાણે ભાઈ ની સાથે બહેન રમી ગૈ કોઈ પહેલી.
સાસરે એવી ખૂંપી જજે કે પિયર ની આવે ના યાદ,
સબંધો એવાં સાચવજે,આવે ના કોઈ ફરીયાદ.
બહેની મારો વહાલ નો દરિયો,યાદ કરી ને તેની હું તો ભવસાગર તરીયો.

જીતેન્દ્રા શાહ (અમ્દાવાદ)

(૨૧)
આંગણેઉભીને હું વાટ જોઉં છું તારી,
વહેલી પધારજેવ્હાલી ઓ બહેન મારી.

હૈયાનાહેતથી હું તુજને આવકારીશ,
મધુર સ્મિત ફરકાવજે ઓ બહેન મારી.

તારા હસ્તથી સ્નેહની હું રક્ષા બંધાવીશ,
આશિષ મુજનેઆપજે ઓ બહેન મારી.

કુમકુમ તિલક હું મારા લલાટ પર કરાવીશ,
પુષ્પોથીવધાવજેમુજને ઓ બહેન મારી.

રક્ષા બંધાવીનેઆસું હું હરખનાવહાવીશ,
સ્નેહ વર્ષા મુજ પર કરજે ઓ બહેન મારી.

તારા સુખ દુ:ખમાંસદાય સાથી બનશે "મુરલી",
હર જન્મમાં મળજેમુજને ઓ બહેન મારી.

ધનજીભાઈગઢીયા"મુરલી"(જુનાગઢ)

(૨૨)
રક્ષાબંધન

હે પ્રભુ તું સહુ બહેનાને ભાઈ આપજે,
અને આપજે સહુ ભાઈને એક બહેન.

કરું પ્રાર્થના હું તુજથી પ્રભુ સૌ કાજે,
રાખજો કૃપા દષ્ટિ બંને ભાઈ બહેન ઉપર,

ભાઈ બહેનાની જોડી એવી રચજે કે તું,
એ કદી જીવનમાં કદી છૂટા ન પડે,

છે બંનેનો સંબંધ મહાન આ ધરતી પર,
જે સહુનેવ્હાલો લાગે જે સહુ ને મધુર,

રક્ષાબંધન તહેવાર ભાઈ બહેનની યાદમાં,
ઈન્તજાર કરતો ભાઈ બહેન ક્યારે આવશે,

આપુ મારા બહેનને ભેટ તે રાજી થઈ જાય,
હરખનું પાર ના રહે જોઈ હું ખુશ થવું.

ડો. કનૈયાલાલમાલી "ઉત્સવ"(અમદાવાદ)

(૨૩)
ભાઈ બહેન નો પ્રેમ

આવ્યો રૂડોરક્ષાબંધનનો પર્વ છે,
એ કાચો ધાગાનોસ્નેહનો સેતુ છે.

કાંડેબાંધુ રાખડી ખમ્મા વીરાને રે,
જુગ જુગ જીવે મારો માડી જાયો રે.

રક્ષાનું કવચ નિરોગી રાખે મારાં વીરા,
અનોખાંપ્રેમનું પ્રતીક બહેન તણું વીરા.

ધાગો નથી બાંધુ મીઠું સગપણ ભઈલા,
એક કૂખમાં રમ્યા એ સગપણ ભઈલા.

રાખડી બાંધી ભાવના આપે દુવાઓ રે,
રક્ષાબંધન પર્વ એ ભારતીય સંસ્કૃતિ રે.

માંગુ નહીં મિલ્કત કે ધન મારાં વીરા રે,
નિભાવજે ધર્મ રક્ષક નો મારાં વીરા રે.

ભાઈ બહેન નાં હેતપ્રેમનો આ પર્વ છે,
અમર પ્રીત તણાં આ તાણાવાણા છે.
★કોપી આરક્ષિત★ ★શ્ર★
★ભાવના ભટ્ટ અમદાવાદ..★

(૨૪)
" રક્ષાબંધન પર્વ ભાઈ બહેનનાંહેતનું "

પર્વ છે રક્ષાબંધન ભાઈ બહેનનાંહેતનું,
ભલે કાચાદોરાનું, પણ સુરક્ષા સમેતનું.

ભાઈ બહેનનાંસ્વપ્રોનાં, ઉદયનું બંધન,
રક્ષાબંધન તો છે હૃદયથી હૃદયનું બંધન,

પ્રેમનું પ્રતીક છે બંધન, સમજો ના રેતનું.
પર્વ છે રક્ષાબંધન, ભાઈ બહેનનાંહેતનું

ભાઈની રક્ષા કાજે બહેન બાંધે રાખડી,
બહેનની રક્ષા માટે તત્પર ભાઈ હરઘડી,

બહેન માટે જાન ધરે 'શ્યામ' એવી પ્રીતનું,
પર્વ છે રક્ષાબંધન, ભાઈ બહેનનાંહેતનું.

શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર)

(૨૫)
ભાઈ બહેન નો પ્રેમ

બહેનીજુવે બાંધવ ની વાટડી રે લોલ ,
જુવે રક્ષાબંધન કેરી વાટ જો...
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૧).
ઉંબર ઓળંગી બહેનીચાલ્યાં રે લોલ ,
જોનેપુરાં કરવા વિધી તણાં લેખ જો.....
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૨).
ભાઈબીજ ની નિરખેરૂડીવાટડી રે લોલ ,
વીરો મારો વીરપસલી નું વ્હાલ
આભાર - નિહારીકા રવિયા જો....
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૩).
ઠેબુ વાગે ત્યાં વીરો સાંભરે રે લોલ ,
ખમ્મા વીરાને એવું મુખે વેણ જો....
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૪).
વેળા સવેળા વીરો સાંભરે રે લોલ ,
હૈયું કરે જવ-તલીયાનેં યાદ જો.....
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૫).
" ધરમ " ધર્મ ની એની આંખડી રે લોલ ,
આકાશ - પાતાળ બ્રહ્મનીમાંહ્ય જો.....
પ્રભુ! રક્ષા કરજો રે મારાં વીર ની રે લોલ (૨).....(૬).

લખનાર:- ધર્મેન્દ્રએમ.ઓઝા. (મુંબઈ)

(૨૬)
રક્ષા..મારીલાગણીઓની

તારા ને મારા સંબંધને,
કોઈ બંધનની ક્યાં જરૂર છે!
સંગમ છે એ પ્રેમ ને લાગણીનો,
એને શબ્દોની ક્યાં જરૂર છે!
આજના પવિત્ર દિને,
મારા વીરને કહેવાની જરૂર છે!
રેશમનાતાંતણે મારી લાગણીઓ,
મેં તારા કાંડે બાંધી છે!
રક્ષા કરજે એ લાગણીની,
એટલી અરજી કરવાની જરૂર છે!!

હેમાલીપોંદા.'તની' (કુવેત)

(૨૭)
માટી તણો આ મહેલ બનાવ્યો શોભાનો નહી પાર
રંગ રૂપ ને ઘાટ અનંત ઘડીયા કહેતા ન આવે પાર
નવસોનવાણુ નાડી એમાં વળી દસ દરવાજા આરપાર
કમ્પ્યૂટરજેવુમશિનમુક્યુ માથે , કરો તમે વિચાર
પાણી માથે બાંધી હવેલી કડીયો છે કિરતાર
સતત ધબકતુંમશિન ચાલે તેમાબિરાજ્યોસર્જનહાર
આ સરસ મજાનો મહેલ મળ્યો ઈશ્વર નો ઉપહાર
"સુનિ" ઓળખાય જાય જો એ કડીયા ને તો, થય જાય બેડો પાર.

સુનિતાપાલડીયા (સુરત )

(૨૮)
રક્ષાબંધન
+++++++
રેશમનીદોરને માંહે આભલા છે
ચમકતાં એવી મારી રાખડી.

દિલની દુઆઓ આપી મારા ભાઈને બાંધુ હું તો રાખડી.

આંખોમાંથી વરસે અમી વહાલો મારો ભાઈ હું તો હરખાણી.

પૂનમની ચાંદની રે ચમકે કલાઈ પર
મારા ભાઈને બાંધુ રાખડી.

કરાવું મારા વ્હાલાંવીરાનુ મોં મીઠું
કરૂં કુમકુમ તિલક રે.

સદા હસતો રહે વીરો મારો દુ:ખડા થાય દૂર એના રે પળમાં.

વર્ષા ભટ્ટ 'વૃંદા' (અંજાર)

(૨૯)
ભાઈબહેનનાપ્રેમનુપ્રતિક રક્ષાબંધન....

કંકુ, ચોખા, પૂજાની થાળી લઈને હુંતોહરખે હાલી,
રેશમ કેરાતાંતણેપ્રિતભાઈબહેનની બાંધી આવી,

થોડો નટખટ થોડો સયાનો ભાઈ હંમેશા લાડકવાયો,
કદી હસાવે, કદી રડાવે, એ પ્રેમ કરતો સૌથી સવાયો,

રાખડી તો એ પછી બંધાવે પહેલા માંગે હકથી લાડુ,
હું માંગું એ પહેલાં આપી દે એના હકનું સુખ જાજુ,

નાનપણમાં ખુબસતાવે સાસરે જાવ તો ખુબરડાવે,
ભીડ પડે એ દોડી આવે પિતા સરીખું હેત જતાવે,

ભાઈ-ભાભીનો પ્રેમ એવો માતપિતાની યાદ ભૂલાવે,
રૂણ રાખવા રાખડીનુ સુખ દુ:ખમાં એ સાથ નિભાવે,

સુરભી પટેલ...(જામનગર).

(૩૦)
સ્નેહ ભાઈ બહેનનો..

સૌથી પવિત્ર શ્રાવણ માસની પૂર્ણિમા આવી છે.
ભાઈ બહેન માટે રક્ષાબંધનનો તહેવાર લાવી છે.

ખૂબ વિચાર્યા પછી બંનેમાં એ સમજણ આવી છે.
લડાઈ પછીનો પ્રેમ ભાઈ બહેનની લાગણીની ચાવી છે.

બહેન ભાઈ માટે શુભકામનાઓ લઈને આવી છે.
કંકુ, ચોખા, ફુલ વડે આરતીની થાળી સજાવી છે.

ભાઈ બહેનના પવિત્ર સંબંધને શુભ ઘડી આવી છે.
એકબીજાની સાથે સુખદુ:ખની કેટલી યાદો વિતાવી છે.

બહેન પોતાના ભાઈ માટે રક્ષાની દોરી લઈને આવી છે.
ભાઈ કહે બહેન મારે હાથમાં રક્ષાની દોરી બંધાવી છે.

બહેનને ભેટ આપવાની હવે ભાઈની વાળી આવી છે.
ભેટ શું આપું બહેન મારેતો તારી રક્ષાની કસમ ખાવી છે.

હીના પટેલ ( બારડોલી )

(૩૧)
" સ્નેહ ભાઈ બહેન નો "

હેત ભર્યું જ્યારે એ મારી સાથે લડે છે,
તકદીર લખનાર ને દિલ આભાર કહે છે!
લખું કેમ શબ્દ માં હું પ્રેમ મારી બેની નો,
દઈને પોતાની મુસ્કાન,મારા આંસુ એ હરે છે!
વેદના તો આવતી રહે છે જીવન માં કોકવાર,પણ
નૈન માં એનાં,મને હમેશા ખુશી મળે છે!
મીઠો અવાજ સાંભળી બેનીનો, દુ:ખ બધા દૂર થઈ જાય છે,
શતાયુ નું જીવન જીવે, ભાઈ પ્રાર્થના એ કરે છે!
ખાસ માનું આભાર ઈશ્વરનો કે બહેન આવી આપી,
રાખીશ એને દિલમાં પ્રભુ,કેમકે તુજ અંશ એમાં રહે છેપ!

- ડો દક્ષા જોશી, (રાજકોટ)

(૩૨)
ભાઈ-બહેનનો સ્નેહ

વીરપસલી ઉપર બહેનીહસે છે,
ભાઈનાસ્નેહથીહરખથીરડે છે.

ફક્ત ને ફક્ત આશિર્વાદ માંગે,
ભાઈના ગુણગાન ગાતી ફરે છે.

રાખડી પણ પસંદ પોતે કરે છે,
ભાઈનાદુ:ખનો સહારો બને છે.

સાવ નાની છતાંય એ બોલકી છે,
વ્હાલનીવિરડી બનીને વહે છે.

ચકલી ની જેમ રોજ કકળાટ કરશે,
લાડમાં કલબલાટ કરતી રહે છે,

અનિલ દવે. "અનુ"(અમદાવાદ)

(૩૩)
હેતનો ભંડાર પ્યારો મારો વીરો છે,,
વ્હાલ નો વરસાદ પ્યારો મારો વીરો છે,
સ્નેહ સોગાત છેને હૂંફ નું પ્રતિક છે,
માતા પિતા આશિષ એવો, મારો વીરો છે,
રક્ષા કાજે વીરા ની,બાંધુહૂ રાખલડી,
સદાયે સાથે રહીએ અમે, ના કોઈ બીજી આશ છે,
આશિષ દીર્ઘાયુ ના માંગુ મારાં વીરા કાજ,
આવે છે યાદ અતિ મને વીરાની આજ,
સદા સાદ સંભાળાય મને કર્ણે તારો,
છોડી દીધો સાથ બેની નો અધવચ્ચે મારો,
લાડીલો વીર તું તો પ્રભુ પણનેપ્યારો થયો,
આવે રક્ષાબંધન દિન એતો કરુણ થી કાળો લાગે,
બેની ની પ્રાર્થના એટલી કે મળે આત્મા કેરી શાંતિ તને
વ્હાલ નો વરસાદ પ્યારો મારો વીરો છે

રેશમા ભટ્ટ (સુરત)

(૩૪)
આવી રૂડી રક્ષા પૂનમપ..

અક્ષત કુમકુમેસજી રે થાળી, પ્રગટાવી પ્રેમેદીવડી નાની
હાલો જઈએ વીરાને દેશ, આવી રૂડી રક્ષા પૂનમ
લેશું ઓવારણાં ઉતારી આરતી, આશીષ દેશું બાંધી આ રાખડી
આજ છલકે ગુલાબી મન, આવી રૂડી રક્ષા પૂનમ
ભાવે ભીંજાયા મારી ઓ બેનડી, અણમોલ સ્નેહની રે વીરડી
ના ખૂટે આ આયુષ્યનું ધન, આવી રૂડી રક્ષા પૂનમ
સ્નેહ સુમનથી મહેંકે આંગણ, છલકે અમર સ્નેહની સુગંધ
હાલો જઈએ વીરાને દેશ, આવી રૂડી રક્ષા પૂનમ

રમેશ પટેલ'આકાશદીપ'(અમેરિકા)

(૩૫)
નિર્દોષ લાગણીનું બંધન..ભાઈ-બહેનનો સંબંધ..
નિસ્વાર્થ પ્રેમનું બંધન..ભાઈ-બહેનનો સંબંધ..
વાદ-વિવાદ માં મીઠા ઝઘડા થાય..
મારી-લડીને પણ હેત વરસાવે..
દિલની વાતમાં જ્યાં હળવાથવાય..
એકમેકની ઢાળ બની જીવન સાચવે..
નાના હોય ત્યાં મોટા પાસે લાડ લડાવાય..
સમજદારીની સમાનતા માં ફરજ નિભાવે..
એક કૂખે અવતરી, સાથે મોટા થવાય..
મા-બાપને આધાર આપી સંબંધ દીપાવે..
પવિત્ર બંધન આ જગમાં કહેવાય..
ભાઈ-બહેનના સ્નેહની રક્ષા કાજે,
'રક્ષાબંધન' તહેવાર ઉજવાય..
છાયા શાહ(મુબઈ)

અમર પ્રેમે અમર રાખડી રહે સ્નેહ ભાઈબહેનનો,
રક્ષાબંધન આવકારેઉભરાવે પ્રેમ આંતરદિલેતો.

માતા કુન્તાઅભિમાન્યુને બાંધે અમર રાખડી પ્યારી,
પરમ ઉત્સાહે બહેનની રાખડી, નીખરે સાથ સંગાથ.

અપાર સ્નેહ લાગણી ભાઈબહેનની મસ્તી ખરેખરી,
મસ્તાનીમૌસમ નજર સામે દર્શાવે સાચો આયનો.

જિંદગીભર તૂટે ના છૂટે ના સાથ, છૂટે પ્રાણ ભલે મારો,
ઓળખાશે સ્નેહ ભાઈબહેનનો, દિલથી ઉજવે તહેવાર.

જ્યારે જ્યારે આવે રક્ષાબંધન પ્રભુ ભૂલાય ના બહેન,
મારી આત્મીય ભાવના, દેવે ખુશહાલીદિલનોદિવાનો.

હિતેશપટેલ "સાવન"બારડોલી

(૩૭)
ઘરઘર રમત રક્ષા બંધન ભાઈ
એક છત નીચે ઉછરેલા ભાઈ બહેન
એકબીજાને કેટલા ઓળખતા હોય છે
જીંદગી પૂરી ભાઈ પહેલા દરેકની અલગ (૧)
ભીંતોની જૂની યાદ, ભલે ઘર હતું એક
છત પરની ડેડ એંડ મજા એક વરસાદી
સાંજે છમછમ નાચવાની મધુરી યાદી ભાઈ (૨)
જાંબુ-અંજીર પર કૂદતા વાંદરા ફેમીલી
દાડમ-સીતાફળને ખુરેદતા પોપટની યાદી
મારી જ યાદો મારે જ વાગોળવાની ખાલી(૩)
લાગણીના સંબંધ તૂટ્યા રે શબ્દોના
શણગાર પડયા ઓછા ભાઈ
ફોન પણ બંધ પડયા રે હાસ્યના
ભણકાર પડયા ઓછા ભાઈ(૪)

રેખા શુકલ (અમેરિકા)

(૩૮)
ભાઈ બહેન ના પ્રેમ ના ધાગા ના બંધંન માં
સ્નેહ નો સાગર વહે છે
સંસાર રૂપી જગત ના તાંતણા માં
ભાઈ બહેન નો પ્રેમ અતૂટ રહે છે
લડતા ઝઘડતા ભાઈ બહેન ના સંબંધમાં
એક બીજાના
આભાર - નિહારીકા રવિયા સુખઃદુખસહે છે
ભાવ ભરી લાગણી અને સ્નેહના
ભાઈ બહેન ના બંધન ને રક્ષાબંધંન કહે છે

અસ્લમમેમાન ''આબાદ'' (સુરત)

(૩૯)
શીર્ષક : સ્નેહ ભાઈ બહેનનો..

સ્નેહ જેનો જિંદગી કરતાંયપ્યારો હોય છે.
બેન માટે ભાઈ તો ગમતો સિતારો હોય છે.
હોય વિપત્તિ બેન માથે સાથ એ ઊભો રહે,
કાયમી જગમાં સદા ભાઈ સહારો હોય છે.
ભાઈનાદુઃખમાં દુઃખી થાતી રહે હરહાલમાં,
થાય સુખી બેનના બસ એ વિચારો હોય છે.
જીદથી માંગી શકે એ ભાઈથી વ્હાલું બધું,
બેન માટે ભાઈ સૌથી એમ ન્યારો હોય છે.
હોય જે ઘરમાં ભગિની ભાઈ સાથે ખેલતાં,
જોઈ લેજો આંગણે એના નજારો હોય છે.
ગૂંજતાકિલકાટ જેના બારણે બાંધવ તણાં,
ખીલતી ત્યાં બેનનાં મુખ પર બહારો હોય છે.

દિલીપધોળકિયા,"શ્યામ"(જૂનાગઢ)

(૪૦)
.રૂડી રાખડી લાવ્યાં રે...

ચકીબેન તો ચીંચીં કરતાં,મનમાં બહુ હરખાતાં રે.
રૂડી રાખડી લાવ્યાં રે....

પહોંચ્યા પોપટભાઈને ઘેર,થઈ એમને લીલા લ્હેર.
રૂડી રાખડી લાવ્યાં રે...

ખુશ થયા રે પોપટભાઈખવડાવ્યાં પાંચ પકવાન રે,
રૂડી રાખડી લાવ્યાં રે...

ચકીબેને બાંધી રાખડી રે,કર્યો કુમકુમનો ચાંદલો રે.
રૂડી રાખડી લાવ્યાં રે...

પોપટભાઈએ આપી ભેટ,સોના કેરો રૂડોહારલો રે.
રૂડી રાખડી લાવ્યાં રે...

ચકીબેનની આંખો છલકી,હેતથી ભેટ્યાં ભાઈને રે.
રૂડી રાખડી લાવ્યાં રે...

આશિષ વીરાને દઈ આવ્યાં રેઉમંગેઉજવી બળેવ જી રે.
રૂડી રાખડી લાવ્યાં રે.

.મનુભાઈ પટેલ (હાલ યુએસએ)

(૪૧)
અનોખું પ્રેમનું બંધન છે સૌ માટે રક્ષા બંધન.
અક્ષતને કંકુ ને ધાગા જ(ઓ) વાળું આ રક્ષા બંધન.
જુવો નિસ્વાર્થ ભાવે છે ભવો ભવ માટેનો આ પ્રેમ,
કહે છે સારી દુનિયા આ દિવસને તો રક્ષા બંધન.
બહેનોના છે ભાઈ માટે જીવનભરના આશીર્વાદ,
સુતરના ધાગાની સાથે રચાઈ છે રક્ષાબંધન.
બની સંબંધ નો આ સાથ ભાઈ બેનનો છે અમર,
ખુશીઓનો સદા માટે છે ભંડારો રક્ષાબંધન.
નથી શબ્દોનું વર્ણન હરિથી પણ શક્ય "માશૂક"
અનેરો ભાવ છે દિલ માં રહેતો બસ રક્ષાબંધન.

ચંદ્રવદન મહેતા "માશૂક"(અમેરિકા)

(૪૨)
આવજેબેન રાખડી લઈને,
તાંતણે એક લાગણી વઈને.

આરતી એ ઉતારશે મારી,
કેટલી વાનગી લઈને.

જાય બચપણ લઈ મને દોરી,
હાથમાં આંગળી લઈને.

આલમ કાસિમ (ગોધરા)

(૪૩)
. વ્હાલાવીરાને બાંધવા રાખડી

સુતરના તાંતણે પ્રેમ રસ પાયને.હેતથી ગૂંથી મેં રાખડી.
વ્હાલાવીરાને બાંધવા રાખડી.

એ રે રાખડીમાં મેં ફૂલડાં રે ટાંકયા.ફૂલડાંની ફોરમ ફોરમાય...
વ્હાલાવીરાને બાંધવા રાખડી..

હેત ભર્યા હૈયે મેં મોતીડા રે ટાંકયા.મોતીડે મન મલકાય..
વ્હાલાવીરાને બાંધવા રાખડી...

નાના- મોટા ભલે લડતા ઝગડતા.એકબીજા વિના ના રહેવાય.
વ્હાલાવીરાને બાંધવા રાખડી..

મા-બાપની લાડલી સજીધજી આવી.આજ હૈયે હરખ ના માય.
વ્હાલાવીરાને બાંધવા રાખડી..

ઉર ઉમંગે કુમાર કુમ તિલક કરીશુમારો વીરો સો વર્ષનો થાય.
વ્હાલાવીરાને બાંધવા રાખડી..

પૂણ્ય દાનનો પવિત્ર શ્રાવણ માસ છે.આ કાયાનું કલ્યાણ કરાય.
વ્હાલાવીરાને બાંધવા રાખડી..

મણિલાલશ્રીમાળી'મિલન' (અમદાવાદ)

(૪૪)
સ્નેહ ભાઈ બહેનનો

હેતનાતાંતણેબંધાતો આ છે સંબંધ
ભાઈ બહેનનાં પવિત્ર પ્રેમનો આ છે સંબંધ
સુતરની રાખડી બાંધી બહેન ઉજવે રક્ષાબંધન
લોહી નહીં લાગણીથી બંધાયો આ છે સંબંધ
આમ મીઠાંઝઘડાં કાયમ એ કરતાં રહે
બહેનની આંખનાં આંસુ ના સહે આ એ સંબંધ
વિદાઈવેળાંઆંખડી એની સૌથી વધુ રડે
સાસરેથી આવતી બહેનની વાટ જુએ આ એ સંબંધ
હરખથીરક્ષાનું વચન ભાઈલો આપતો
વીરાના બે મીઠાંશબ્દોએઘેલી બની પ્રાણ પૂરે સંબંધ

અલ્પા શાહ 'અલ્પાની કલ્પના'(મુબઈ)

(૪૫)
બાંધે રક્ષા બેનડી પણ એની રક્ષા કરવી મારે,
એનાં અંતર હોય જે તે સઘળી પીડા હરવી મારે.
તાંતણેબંધાયાધાગા સ્નેહ કેરા સાચવી લઉં.
ધાગેધાગે પ્રેમ સાથે દિલની દુવા ભરવી મારે.
પાસે રહેવું દૂર એ તો ભાગ્ય કેરી વાત બનશે.
એક બૂમે દોડી પહોંચી એને કરવી ગરવી મારે.
મારી માતા કેરી પરછાઈ જ જાણે હૂબહૂ એ,
એ ભગિની મારી કાયમ જોઈએ છે નરવી મારે.
એ સુહાગણ રહે સદા દિલથી હું માંગુ એ જ દુવા,
એને જોતાં નાવડી આ જિંદગીની તરવી મારે.

રશ્મિ જાગીરદાર (અમેરિકા)

(૪૬)
રક્ષાબંધનઃ બેની બાંધે રાખડી

રક્ષાબંધન દિને,શોભે રૂડી રાખડી;
ભાઈ બંધાવે રાખડી,બેની બાંધે રાખડી.!
સૂતરના તાર કરી,વ્હાલપનો થાળ ભરી;
બેનીનાવ્હાલ ભરી,બેની બાંધે રાખડી.!
મોતીનો થાળ ભરી,ભાલે તિલક કરી;
આશિષ એ આપતી, બેની બાંધે રાખડી.!
વીરાનીબેનડી,હરખે એની આંખડી;
કેવી મજાની રાખડી,બેની બાંધે રાખડી.!
આભમાં શોભે તારલો,એવો મારો વિરલો;
બેનીનોહીરલો,બેની બાંધે રાખડી.!
ભાઈ બંધાવે રાખડી, સ્નેહ હરખાવે રાખડી;
'પ્રેમ' છલકાવેઆંખડી,બેની બાંધે રાખડી.!

પાલજીભાઈરાઠોડ'પ્રેમ' (સુરેન્દ્રનગર)

(૪૭)
સંબંધનું સત્ય

ભાઈ-બહેનના સંબંધનું,
સત્ય શું......કોણ સમજે ?
હૈયે-હૈયે હેત ભર્યા સન્માન,
વેણ-વેણ......વદે વરદાન.
આનંદ અનુપમ ઊગતો મનને ભાવે,
સુખ તણી સુરખી લ્હેરાતી આવે.
સંબંધ તણાસમંદરની જાણે બે બોટ,
જેની સફરમાં કદી ન આવે ઓટ.
હોય ઘર-ઘર જો એક-મેકની ઓટ,
એથી મોટી જીવનમાં કોઈ ન બીજી ચોટ.
સંબંધ તણી સૌરભ...એ છે અતિ પ્યારી,
રોજ ઊગી આથમે જાણે ચાંદની ન્યારી...!
ઉષાબેનસોલંકી(નવસારી)

(૪૮)
ભાઈ બહેનનુંવ્હાલ
ભાઈ બહેનનુંવ્હાલએજ સાચું ગુલાલ.
ભાઈ ના તોફાન માંછુપાયુંબેન માટેનું વ્હાલ.
બેન ના નખરાં માં છે.ભાઈ માટે નું નિસ્વાર્થ વ્હાલ.
બહેનની રાખડી થીભાઈ થાય માલામાલ.
રક્ષા કરે ભાઈની સદાવ્હાલીબેનની રાખડી.
જીવનભર હંસતી રાખેભાઈ બહેનની આંખડી.

ભરત ટિટિયા(અમદાવાદ)

(૪૯)
રક્ષાબંધન પર્વ નિમિત્તે ગઝલ

બેન છે વર્ષા, તો વાદળ ભાઈ છે.
બેન છે આંખો, તો કાજળ ભાઈ છે.
બેન છે સંગીત તો છે ગીત ભાઈ,
છે કલમ જો બેન, કાગળ ભાઈ છે.
બેનને સુખ આપવા, દુઃખ ભોગવે,
બેન છે આગળ, તો પાછળ ભાઈ છે.
બેઉ જણ આધાર છે મા બાપના,
બેનકુંવરબાઈ, શામળ ભાઈ છે.
બેઉ ઈશ્વરના અનોખા રૂપ છે,
બેનકૂણો છોડ, કૂંપળ ભાઈ છે.

દીપકસિંહસોલંકી "દીપ" (આણંદ)

(૫૦)
એક રેશમનો દોરો ને, વળી ફૂલડાંની ભાત,
દોરો કેવો નાજુક પણ, આ તો શ્રદ્ધાની વાત!
એક વચને બંધાય છે, વીરો બેનડી કાજ,
તારી આબરૂને, મારા રહેતે આવે ન આંચ!
એની ખુશીના ઓવારણાં લે, બેનડી આજ,
વીરો આનંદ મંગલ રહે, રંગે સંગે કરે રાજ!
ખાટાંમીઠાં સંબંધ, અને ગાઢ વિશ્વાસ,
બેનડી ઝૂલે, વીરો ઝુલાવે ડાળ એની પાસ!
ગુંથાય લાગણી ને રક્ષાનો આ છે, દિવસ ખાસ,
કરાવે યાદ ફરજો, ભાઈ બહેન કરે હૈયે વાસ!

શૈલી શાહ (અમદાવાદ)

(૫૧)
સ્નેહ ભાઈ બહેનનો ★★હરખીવધાવે ★★

રાખડી બાંધી બહેની, ભાઈનેહરખીવધાવે!
લાગણી ઢાળી બહેની,ભાઈનેહરખીવધાવે!
શ્રાવણી પૂનમ મનાવે,વાર તે'વારે ગજાવે!
લાડથી આવી બહેની,ભાઈનેહરખીવધાવે!
આરતી ઊતારતીને,પ્રેમથી ખવડાવતીએ!
ભાવથી ભારી બહેની, ભાઈનેહરખીવધાવે!
આંકતીમૈયરમણાંને, ઢાંકતી સાસરપણાંને!
ચાહથી લાંચીબહેની, ભાઈનેહરખીવધાવે!
માતનું મીઠું રતન એ, બાપનું સાચું જતન એ!
કોકિલા ડાહી બહેની, ભાઈનેહરખીવધાવે!

કોકિલા રાજગોર (મુંબઈ)

(૫૨)
અતૂટ બંધન.!!

ચઢેહેતની હેલી કે લાગે મસ્તીનું ઘેલું ક્યાં ઠાલવવાં જવું?
ઈશ્વરે આનાં સમાધાન રૂપે બનાવી ભાઈ-બહેનની જોડી!
બહેન માટે ભાઈ! પિતા પછીનો હૂંફાળો મજબૂત સથવારો,
ભાઈ માટે બહેન! લડતી તોય વાતે વિસામો પ્રેમની પરબડી!
ક્યારેક પરસ્પર થશે ખરો ખટરાગ છતાં નહીં ઘટે અનુરાગ,
ભાઈ-બહેનનાં નિસ્વાર્થ પ્રેમને સંસારમાં ના શકે કોઈ તોડી!
જીવન એનું ખુશીઓથીમહેંકે સફળતા એની આભે આંબે,
અખૂટ શ્રદ્ધા સાથે સૂતર તાંતણે ભાઈની
આભાર - નિહારીકા રવિયા સલામતી પ્રાર્થતી!
એકમેકનાં પૂરક! હૈયે નિરંતર વહેતી પવિત્ર પ્રેમની સરવાણી,
વીરો મારો જુગ-જુગ જીવે એવી તમન્ના બહેન સદા સેવતી!

પ્રીતિ પટેલ (અમદાવાદ)

(૫૩)
રાખી
કાચાસુતરનો ધાગો તું,બાંધે સ્નેહ ની ડોર ...
મજબૂત બને પ્રેમ વિરાનો,
બેનડીમેળવે જ્યારે તારા બે છોર...
બહેન બાંધતી કલાઈ પર તને
ભાઈ નું મન હરખાય ...મરકતી બહેનનાહોંઠ પર,
તુજ થકી તેજ છલકાય...પાવન દિવસ આ પૂર્ણિમાનો,
આખું વર્ષ તારી વાટ જોવાય..હરખતે હૈયે સાસરિયેથી,
મૈયરબેનડી દોડી જાય..તું સેતુ બની ભાઈ બહેનના મિલનની,
સ્નેહ નીતરતાઅશ્રુઓથી આંખો પણ છલકાય..
ખુશીઓથી ભરેલી રહે ઝોળી તારી,
ભાઈનાહૈયેથીશુભાષીશઉભરાય...
ભગિની કરતી પ્રાર્થના હૃદયથી,વીરાની ઉંમર લાંબી થાય....

મમતા પટેલ (ભરૂચ)

(૫૪)
રક્ષાબંધન

બેનીનો હરખ તો હૈયે ઊભરાય છે,
રૂડો અવસર આવ્યો એ તો હરખાય છે.
ગૂંથ્યા છે સૂતરનાધાગા એણે પ્રેમથી,
હૃદયથી આપે આશિષ, લાગણી એની એ તો છલકાય છે.
કશું ક્યાં માંગે છે, હૈયાનાં હેત સિવાય...!
વ્હાલાવીરાનામુખે સ્મિત જોઈ, એ તો મલકાય છે.
રક્ષા કાજે ઉભો રહે તે જીવનમાં એના સંગાથે,
વ્હાલી ક્યાં પછી એ તો ગભરાય છે...!
વીર પસલી તહેવાર છે ભાઈ-બેનીનાસ્નેહનો,
રક્ષાબંધન તો ઘેર ઘેર આનંદથી ઉજવાય છે.

જાગૃતિ વ્યાસ(રાજકોટ)

(૫૫)
" સ્નેહ ભાઈબહેનનો "

સ્નેહથીધબકતું હોય છે કાયમ એક મજાનું નામ,
લીમડી - પીપળી ઝૂલતી રાખે સુભદ્રા ને શ્યામ..!
પવિત્ર પ્રેમની લાગણીઓનું આ છે પાવનધામ,
૨૪ કેરેટનું શુધ્ધ સંગીત જેને ગાઈએ સરેઆમ
એક જીવાડે જિંદગી, બીજો આપે આત્મસન્માન,
નશો ના ઉતરે ક્યારેય એવો ભરોસાનો આ જામ!
ઓળખાણ માટે ઝાંખા પડે જ્યાં આધારકાર્ડ તમામ,
ભાઈ-બહેન માટે પૂરતું છે બસ રાખડી કેરું નામ..
લાડ લડાવવા,આંસુ લૂંછવા, નથી કાયરનું કામ,
જેણે નિભાવી જાણ્યું એનું ભલું કરે ભગવાન..!!

મનીષા દુધાત "મનમંદિર"(અંકલેશ્વર)

(૫૬)
સૌથી અનોખું છે આ કોઈ તદન,
ભાઈ-બહેનનું પવિત્ર સંબંધનું બંધન!
અજોડ જોડ અનંત એ સ્નેહધન,
લાગણીએ અવિરત એ ભાવ બંધન!
સુખ-દુખનાંસહિયારારતનધન,
એકબીજાના પોતીકા કે સાવકા બંધન!
નટખટ મસ્ત મગન એ નામધન,
ઠેસે ખમ્મા વીરાનું સ્મરણ બંધન,
રેશમ તાંતણે "જીગરી" એ પ્રેમધન,
રક્ષાનીદુઆએબંધાતો ભાવ રક્ષાબંધન!

શૈલાતાજપરા (જૂનાગઢ)

(૫૬)
ખમ્મા મારા વીરાને

ખમ્મા મારા વીરા કહી, આ બેની કરે દ્રઢ નિર્ધાર,
કોઈ દિ' નહીં છોડીએ, આપણે એકમેકને મઝધાર!
અજોડ અને મહામૂલું છે, આ સગપણ આપણું,
ભૈલુ લાગે છે બેનીને, જીવનનો નિઃસ્વાર્થ આધાર!
જો, જેમ વરસે છે મન મૂકીને, હરખથી આ હેલીયું,
એમ વ્હાલ વરસે મારું વીરા, તુજ પર મુશળધાર!
ઘડીના છઠ્ઠા ભાગ જેટલો, પણ તું રૂઠે જો મુજથી,
તારી બેનીને મનોમન, થઈ પડે આયખું નિરાધાર!
સમયના વહેણમાંદેખું, તને જો લાંબા અરસા બાદ,
શબ્દો ગૂંગળાયા કરે ને, આંખલડી વરસે અનરાધાર!
દુનિયામાં અજોડ છે, આ બેનીનો'કોમલ' પ્યારોભૈલો,
ખમ્મા વીરા ! એ જાપ જપીને, હૈયું હરખાયધુંઆધાર!
કોમલ એન. સચદે(કચ્છ)

(૫૭)
બેનીનાહેતનું ગીત.

આ રમતું રમતીબેનડી ને, આભ ઊગ્યો છે ચાંદલિયો,
આ ફૂલ ખીલ્યા તે બેનડી, કે આંગણ વાવી વેલડી.
આ હળવે હળવે ગાતા જયે, સૂર ખૂટે ના સ્નેહનો,
આ સુતરનો છે તાંતણિયો, ને આભે ચમકેપુનમિયો, (ટેક)
આ રક્ષા કરતાં રામજી ને, સુભદ્રનાશ્યામજી,
આ ભઈલો મારો ભાવ ભર્યો ને, બેના આવી આંગણિયે,
આ મીઠો મીઠો બોલ ભર્યો છે, નાની બેન છે હેતલડી,
આ શ્રાવણ કેરોમેહુલિયો, ને બાદલ ગરજેઆભલિયે,
આ જરમર વરસે વાદલડી, ને યાદ કરે છે બેનડિયું.
આ કુમકુમ ચોખા થાળ ભરી ને, રાહ જુવે છે વાટલડી,
આ વિરો મારો એવો ચમકે, લાગે રમતો તારલિયો,
આ માનો જાયો કુળ દિપક ને , દુઃખણાં લેતી બેનડિયું,
યોગેશભાઈપંડયા 'સ્વજન' જૂનાગઢ

(૫૮)
સ્નેહ ભાઈ બહેનનો
છું તું પિતાની માનીતી તો
હું પણ છું માતાનો માનીતો.
પણ મજાની વાત તો એ છે છીએ આપણે એકમેક ના માનીતા.
તારી અગવડને બદલું હું સગવડમાં,
મારી અગવડને બદલું તું સગવડમાં.
બદલીએ આપણી અગવડો ને સગવડોમાં
એકમેકના સ્નેહ થકી.
હોય ભલે મારીને તારી પસંદ અલગ
પણ આપણા સ્નેહ આગળ પસંદને
આપણે આપ્યું છે કયાં પ્રાધાન્ય?
મારી ભૂલને તું છાવરતી,તારી ભૂલને હું છાવરતો
પણ પિતાના ગુસ્સા થી તું જ મુજને બચાવતી.
વહે મુજ ને તુજમાં એક જ લોહી અને સંસ્કાર
ધબકે મારુ હદય તારા સ્નેહે તારું મારા સ્નેહ થકી

વિશાખા ભટ્ટ (અમદાવાદ )

(૫૯)
સંબંધમાં નાનો હોય કે મોટો ભાઈ એ તો ભાઈ,
એનાથી ઉચી નથી અવનિમાં સ્નેહ ની સગાઈ.

ભાઈ ભીતર નો ભેજ ને બહેન બહોળી રજાઈ
હૈયાનાહાલરડા માં હરખે હળવી હેતની સગાઈ

સગપણે સ્નેહ બંધન ભલપણે ભાઈની ભલાઈ
એક કાચા સૂતર તાંતણે શોભે ભાઈ ની કલાઈ

કરતાં બહુ જ લડાઈ તેમાં ભાઈ ની આડોડાઈ
બહેન બધું જતું કરતી આ જ પ્રેમ ની સગાઈ

ભાઈબહેનનાવ્હાલની વાતો વિશ્વમાં વખણાઈ
અદલ અવ્વલ નંબરે ભાઈબેનના સ્નેહની સગાઈ

અમૃત શ્રીમાળી (મહેસાણા)

(૬૦)
હંસ ઉડે અને હસી છલકે તમે હંસ ને જોયો છે કદી?
હંસાબેન ની વાત કરો તો હંસ ને જોવાની જરૂરત નથી
મારી વ્હાલીબેનડી મારી વડીલ બસ એકજ
સરનામું બાકી રહ્યું છે
મળો ને મને હરેક દિવસે હસીખુશી
હસતો રહું હું બેનહંસા તમને જોઈ
ગીત મિલન ના ગાતા રહીએ આપણે
આમજ આ શ્વાસ ચાલે છે ત્યાં સુધી

અશોકકુમાર શાહ "પરાગરજ"(મુંબઈ)

(૬૧)
બેની તારા બાળપણની
બેની તારા બાળપણની યાદો સાચવી રાખી
નિર્મળ હૈયા કેરી વાતો સાચવી રાખી
સુતીલ્તી જે પારણામા દોરી મે તો તાણી
જાગીને તું હસતી તે ઘડી સાચવી રાખી--બેની તારા
નાજુક નાના હાથથી તેં ઝાલી મારી આંગળી
પાડી હતી પા--પા પગલી સાચવી રાખી--બેની તારા
સાંજ વેળા તેડી તુજને જાતાં માણેક વાડી(ભાવનગરનુંજૂનૂરેલ્વે સ્ટેશન)
જોતા જે તું રાજી થાતી ગાડી સાચવી રાખી--બેની તારા
સાથે રમતા સાથે જમતા છાંયે માત-પિતાની
ભાઈ-ભાંડુનાં પ્રેમ જીવનની મહેક સાચવી રાખી--બેની તારા
સુખી રહેજે બેની મારી આશિષ આપુંઉરની
ભાઈ-બહેનના પ્રેમની ઘટમાળ સાચવી રાખી--બેની તારા
કૌશિક અ જોષી (વડોદરા)

(૬૨)
સ્નેહ ભાઈ બહેનનો - રક્ષાબંધન

સ્નેહ ભાઈ-બહેનનો જગતમાં સદીઓથી અમર છે,
રક્ષાબંધન ધાગો પ્રેમનો બસ એજ અનોખી કદર છે.
અબોલા હોય ભલે સદીઓનાં પણ જરાક ઠેબ લાગે,
તો નીકળે પ્રથમ શબ્દ ખમ્મા મારા વીરને એ અસર છે.
પરસ્પરની કાળજીનો સરવાળો ખુશીઓને બેવડી કરે,
સંસારમાં ભાઈ-બહેન એકબીજાનું મજબૂત કવર છે.
સહેજે આંચ આવે જો મારાં વીરાને તો લડુવિધાતાને,
જાણે છે સૌ કે બહેનનો પ્રેમ દુનિયામાં સૌથી ઉપર છે.
ધાગો રાખડીનો કરે સલામત વીરને તાકાત તો જુઓ!
કહે 'સોનુ' આ સબંધનિભાવવો એ જીવનની સફર છે.

જેઠવા સોનલ ડી."સોનુ"

(૬૩)
રક્ષાબંધન "સ્નેહ ભાઈ બહેનનો"

ભાઈ આટલી ભેટ આપજે,
જીવન તારુ સંયમી રાખજે,
માઁ, બાપ, પરિવાર,નિજ બહેનના આંસુ કદીનાસારજે
ત્યજી દઈ બધા વ્યસનો, તુ તારા પરિવારને તારજે,
નિજ બાળક સામે દ્રષ્ટિ, ભાર્યાંનાસિંદૂરનેનિભાવજે
ભરમાવશે સ્વાર્થી દેડકાઓ ખૂબ, ખોટા કુદકા ના મારજે,
ભાઈ બહેનનાસબંધોને, વિરા તુ જીવનભર નિભાવજે
સબંધો માં વધ્યા છે સ્વાર્થ, તેનાથી દૂર કાયા રાખજે,
પવિત્ર બંધન છે ભાઈ બહેનના, એ આ દુનિયાને બતાવજે
સુખી રહે સંસાર સદા, અમ હૃદય આશિષ આપશે,
દુઃખ દર્દ જીવનના "રાજ", માઁ ભગવતી સદાયકાપશે

રાજેશભાઈ એસ. વ્યાસ"રાજ" ( મોરબી)

(૬૪)
વીરા, નથી સૂતરનો તાંતણો જ આ રાખડી,
બહેનીનો પ્રેમ પુમે પુમ રે હાં, (૨)
આશિષ છે મહીં જુગ જુગ જીવો
આભાર - નિહારીકા રવિયા નાં,
મચાવો જગમાં ધૂમ રે હાં. (૨)
સંભારણાં ભર્યા મહી બાળપણાનાં એ,
લડતાં ઝગડતા ય ભેળાં રે હાં, (૨)
કંઈક વાર રિસાયો તુંય એ સાંભળે,
ખાવા તારે જ ઘી કેળા રે હાં. (૨)
નેં, તોય તું પામતો કારણ ઈ લાડલો,
ઘરમાં તુજ ચિત ચોર રે હાં, (૨)
ભલે, લડતી ઝગડતીને હુંય રિસાતી,
પણ, તુજ કાળજાની કોર રે હાં.(૨)
વીરા, નથી સૂતરનો.....
ભૈલું તું ભૂલજે હોય ભૂલ જો મારી,
કદાચ, કળિયુગી એ કામ રે હાં, (૨)
સાચું કહું તો હૈયે નથી કોઈ બીજું,
તુજ છે એક મારો શ્યામ રે હાં.(૨)
પ્રભુ, સાંભળજે તું અરજ એક મારી,
ભવે ભવ દેજે આ વીર રે હાં, (૨)
લડવા ઝઘડવાનું તો થાય આ જગમાં,
ભૂલાય કેમ? એ હીર રે હાં. (૨)
સદાય સુખ તું પામે મારા વિરલા,
દુઃખ તારું મુજમાં ઢળે રે હાં, (૨)
સહી લઈશ હું કષ્ટ એ પ્રેમથી જ,
બસ, તુજ જગમાં ઝળહળે રે હાં.
વીરલો જ મારો ઝળહળે રે હાં.
વીરા, નથી સૂતરનો......

જગદીશભાઈ બળદેવભાઈ પટેલ, ( વિરમગામ)

(૬૫)

★ગઝલઃ સ્નેહની દોર★
આ દોર છે અનહદ ઘણા સ્નેહની,
જોજેવીરાકરમાય ના પ્રીતડી.
હર ક્ષણ લઉંઓવારણાભાઈલા,
છેદાય તારી અવરોધો ભરી જિંદગી.
મીઠી ડગરમાં યશ ને કીર્તિ મળે,
પ્રાર્થુ સદા દીર્ઘાયુ ને બહુ ખુશી.
મા- બાપના મુખનું તું મુસ્કાન છે,
ને બેનની આંખોની તું રોશની.
ને ખીજવી રીઝવવું ઓસડ સરસ,
એમાં તરું હું વ્હાલનીવેલડી.
કાયમ સ્મરીબાળપણનાસંભારણા,
કે કહું હરિ રક્ષે તને હર ઘડી.

પારૂલ ત્રિવેદી 'પારુ' (હિંમતનગર)

(૬૬)
રાગ : દીકરી મારી લાડકવાયી....
વીરલો મારો લાડકવાયો
સુખ દુઃખનો સાથીદાર
એક કયારીએમ્હોર્યા બન્ને
જોડેલા અંતર તાર
માવલડીનો રાજ દુલારો
ભાભી તણો ભરથાર
બેનડીકેરાં હેત ખૂટે ના
બેનીનોરક્ષણહાર
બેનીને કાજે સદાય એનાં
ખુલ્લાં હૈયાનાં દ્વાર
બેનીનાંપ્રેમે ભાઈ ભીંજાયે
ભઈલોલડાવે લાડ
ભાઈ ને બેનનાં પ્રેમનો નંદી
કેમે આવે ના પાર

ડો નારદી પારેખ'નંદી'( મુબઈ)

(૬૭)
શિર્ષક - સ્નેહ ભાઈ- બહેનનો
જ્યારે પિતાની યાદ સતાવે,
ભાઈ ! તુજ સાંભરી આવે.
દુન્યવી તાપ જ્યારે દઝાડે,
તારી શીળી છાંયપુનઃશાતાપહોંચાડે.
શૈશવમાં તો નાસમજીથી,
દુભવ્યો હશે મેં કેટલીયવાર તને.
ભૂલો મારી માફ કરીને,
સદાય આદર ને સ્નેહ આપ્યો તે મને.
બની ઓથ મારી, માબાપની વઢ તે ખાધી,
રેશમનાતાંતણેસદાય રાખ્યું જીવનને બાંધી.
ત્યાગ્યો તે તારો ભાગ રમકડાં ને ચોકલેટમાં,
બચાવવામાં મને તું આવ્યો કેટલાનીયઅડફેટમાં.
નિઃસ્વાર્થ,અસીમ સ્નેહ તારો ઓળઘોળ કર્યો સદાયે,
મુસીબતો મારી વારીને, સુખ આપ્યા બધાયે.
વિદાય સમયે મારી યાદ આવે છે એ અશ્રુભીનોચહેરો,
જાણે શાંત પાણીમાં ઉઠેલી વિચારોની લહેરો.
સદાય બની રહ્યો મારા સુખ- દુઃખનો સાથી,
ના દુભાયો, રિસાયોકદીયે મારાથી.
મારા બાળકોને ને પતિનેય તારું જ વળગણ,
તું જ એમનો શ્વાસ પ્રાણ ને તું જ એમનું સગપણ.
સદાય પ્રભુ પાસે તારા મંગલની કરું હું પ્રાર્થના,
રહે તું સુખી ને દીર્ઘાયુષી બસ એ જ અભ્યર્થના.
મારી રાખડી નું મૂલ્ય તે સદાયખુશીઓઓવારીનેચુકાવ્યું છે,
તારી આગળ આજે આ બહેને સ્નેહથી મસ્તક ઝૂકાવ્યું છે.
અલકાનવીનચંદ્ર મહેતા (ગાંધીનગર)

(૬૮)
હું તારી બેનડી ને..

દસ રુપિયારોકડા ને ઉપર છે પાઈ,
સવા દસ રુપિયાનું દૂધ લઈ આવી,
દૂધ દૂધ હું પીઉં, ખાજે તું મલાઈ,
હું તારી બેનડી ને તું મારો ભાઈ.
કુમકુમ કરુભાલે,અક્ષતથી વધાવી,
આ રક્ષા બાંધુલાવ તારી કલાઈ,
ને ચાહુ, મોમાં મૂકી ટુકડો મિઠાઈ,
મારા વીરા તુ, સુખી રહે સદાય.
સૌથી અનોખી ભાઈબહેનની જોડી,
રેશમના ધાગાને કોઈ શકે ના તોડી,
આપણી વચ્ચે આ સ્નેહની સગાઈ,
સર્વ સંબંધથી પર, છે એ સવાઈ.

-લતા ભટ્ટ ( હૈદરાબાદ)

(૬૯)
" રક્ષાબંધન "

છે, ભાઈ બહેનનો સ્નેહ રક્ષાબંધન;
લૂંટાવતાં રહે અઢળક નેહ રક્ષાબંધન;

ભાઈની એક હસી માટે ત્યાગે સમગ્ર,
ભાઈ વરસાવતોખુશીનો મેહ રક્ષાબંધન;

પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દે ભાઈ માટે,
તો મૃત્યુને પણ આપી દે શેહ રક્ષાબંધન;

બહેન તો છે ભાઈની આત્મા "વ્યોમ"
ને, ભાઈ છે બહેનનો દેહ રક્ષાબંધન;

... વિનોદ. મો. સોલંકી "વ્યોમ" મુ. (રાપર) ર્એ્ઝ઼્ (ર્એ્ઝ),

(૭૧)
ભાઈ બહેનનો પ્રેમ -'રાખીનું સગપણ'
ધીંગામસ્તીનો પર્યાય જ બચપણ
આજીવન ભાઈબેનીનું વળગણ

વાતે વાતે ઝઘડો કરતા તોયે,
હૈયાનેભરતાંભાવોથીકણકણ

રાખી નથી કોઈ તકલાદી ધાગો,
જિમ્મેદારીમાં પણ લાગે ગળપણ

વાર્તા ક્યાં અણજાણી છે કોઈથી?
આપે શાણાઆદર્શોની સમજણ

શ્રાવણ પૂનમનો આ મોટો ઉત્સવ
પાવન નાતો છે 'રાખીનું સગપણ'
તારા પટેલ,અંતરનાદ (નવસારી)

(૭૨)
વિષય : રક્ષાબંધન - શીર્ષક : ભાઈલો

બેનીનેવ્હાલો મારો ભાઈલોહેતનો વ્હાલો મારો ભાઈલો
રક્ષાબંધનનાં દિવસે સવારેરાખડી બંધાવતો ભાઈલો.

બેનની વાટ જોતો ભાઈલો,તૈયાર થઈને રહેતો ભાઈલો
બેનીને જોઈ બહુ હરખાતો હરખમાં હરખાતોભાઈલો.

# માતૃભાષાનું દેવું

ગીની'ઝ રેકોર્ડ્બુક માં પહેલો પ્રયત્ન થયો ત્યારે ૪૨૦૦ પાનાનું પુસ્તક હતુ જે સહિયારા સર્જનનાં ૫૦ પુસ્તકો માટે પુરતુ હતુ પણ તે પ્રયત્ન અસ્વિકૃત થયો.. અને બીજા પ્રયત્નની વાત "ખુદી કો કર ઈતના બુલંદનાં" ધોરણે ૧૦૦૦૦ પાના નો અપ્રગટ પ્રયત્ન હજી ગિની'ઝ બુકમા નિર્ણયની રાહ જોતો હતો તેને આંબવાનો અને તોડવાનો પ્રયત્ન વિચારાયો.

કોન્ફરન્સ કૉલ માં જ્યારે મુદો મુકાયો ત્યારે કિરણભાઈએ "ડમી" તૈયાર કરી બધીજ સહાય કરીશની લીલી ઝંડી બતાવી "હું તમારા ઉત્સાહને વહેંચવા અને વેચવા તૈયાર છું" ત્યારે સૌ ખુશ હતા.લેખકો પર વિશ્વાસ મુકીને બેધડક પુસ્તક પ્રકાશિત કરવાનો શ્રેય એમના ફાળે જાય છે અમારે માટે મોટો પડકાર એ હતો કે અમારી પાસે જે સાહિત્ય હતુ તે જોડણી અને પ્રુફ રીડીંગ માંગતુ હતુ.જે કામ કિરણભાઈએ ઉપાડી લીધું ને અમારી, તમારી અને આપણી માતૃભાષાની અનોખી સફર શરુ થઈ ગઈ.

જેટલા અમેરિકામાં ગુજરાતી સર્જન કરતા હતા તે સૌ મિત્રોને એક ઈ મેલ મોકલ્યો અને બહુ જ ટુંકાગાળામાં મિત્રો એ તેમના અપ્રગટ અને પ્રગટ પુસ્તકો મોકલ્યા અને તેઓનાં માતૃભાષા પ્રત્યેનાં પ્રેમથી અમને સૌને તરબતર કર્યાપ

હવે આ મહાગ્રંથનાં સર્જન ની ક્રિયા આરંભાઈ ત્યારે નામકરણ પહેલી જરૂરિયાત હતી. લાંબા મંથનોને અંતે મુખ્ય હેતૂ ઉપરથી જ નામ રાખવા સામે ક્યાંય વિરોધ નહોતો અને "સંવર્ધન માતૃભાષાનું"–અમેરિકન સર્જકોનું પ્રદાન સાથે જહેમતભરી યાત્રા શરુ થઈ દરેક પુસ્તકો વાંચવાનાં તેની શ્રેણી (વિભાગ) ફાળવવાની, શક્ય તેટલા વધુ સર્જકોને ઉજાસમાં લાવવાની ક્રિયામાં બ્લોગરો ખુબ જ ઉપયોગી થયા. અને જ્યારે લગભાગ નીચોવાઈ ગયાનાં તબક્કે ગીન્ની'ઝ રેકોર્ડ બુકમાંથી ૧૨૦૦૦ પાનાનાં પુસ્તક્નાં પુરાવા મોકલવાની મંજુરી આવી અને સૌ ફરી થી પ્રોત્સાહીત થયા.

આ પુસ્તક બૃહદ સ્વરૂપે ૧૦૦ જેટલા અમેરિકામાં ગદ્ય લખતા બ્લોગરો અને લેખકોની કૃતિઓ વાચક સમક્ષ લાવે છે જેમાં ઘણાં લેખકો સુયોગ્ય ગતિએ ઘણું ગુજરાતી સર્જન કરી રહ્યા છે..

હજી જ્યારે અમે ગિની'ઝ બુકની કસોટીએ ઉભા છીયે ત્યારે એટલું તો નક્કી છે ઈ.સ. ૨૦૧૬નું આ પહેલુ પુસ્તક હશે કે જેમાં ૧૨૫ કરતા વધુ પુસ્તકો હશે, જે પુસ્તકાલયો અને ગૃહપુસ્તકાલયોની શોભા બનશે. પ્રસ્તુત સાહિત્યની ગુણવત્તાની સાથે સાથે કેટલાય જુદા જુદા પ્રયોગોથી સર્જકોને સર્જન કરવા જરુરી સંશોધનો અને વિવિધ તાલીમો આપવાનો પ્રયત્ન થયો છે, પાલો આલ્ટોનાં હરિકીષ્ણ મજમુંદાર દાદા તો ત્યાં સુધી કહે છે કે પ્રજ્ઞાબેને તેમની "પુસ્તક પરબ" કમ "બેઠક"ને ગુજરાતી સંવર્ધનની પ્રાથમિક શાળા બનાવી છે. જ્યાં સામાન્ય વાચક લેખક બની સંવર્ધનનાં યજ્ઞને અતિ વેગે વધાવી રહ્યો છે..

ગુજરાતી સાહિત્ય સરિતાનાં ઘણાં સર્જકો આ કક્ષાએથી જ વધીને પોતાનું અદકેરુ સર્જન માતૃભાષાને ચરણે ધરી રહ્યા છે જેમાં શૈલા મુન્શા, પ્રદીપ બ્રહ્મભટ્ટ, વિશ્વદીપ બારડ, સરયૂ પરિખ, નવિન બેંકર, ધીરુભાઈ શાહ, ચીમન પટેલ, ડૉ ઈંદુબહેન શાહ, પ્રવીણા કડકિયા, હેમાબેન પટેલ, ગીતા પંડયા, ચારુલતાબેન વ્યાસ, મનોજ મહેતા, હિમંત શાહ અને વિજય શાહ છે. આમાનાં ઘણાં બ્લોગ જગત અને પુસ્તક સર્જનનાં ઝગ્મગતા તારલા છે.

પ્રજ્ઞાબેન કહે છે તેમ સતત અંગ્રેજી અને સ્પેનિશ નાં વાતવરણમાં ગુજરાતી રહેવુ અને લખવુ સહેલું નથી, વળી તે લખાણ ને ઓપિનિયન, કુમાર, અખંડ આનંદ કે નવનીત સમર્પણ જેવા સમૃધ્ધ સામાયિક સ્થાન પામવુ એ સ્વયં એક તપશ્ચર્યા અને સિધ્ધિ પણ છે., કલ્પના રઘુ, તરુલતાબેન મહેતા,ડૉ દર્શના વરીયા નાડકર્ણી, સાક્ષર ઠક્કર, જયશ્રી મર્ચંટ, પી કે દાવડા, પદ્મા કાન્હ,જયા અને હેમંત ઉપાધ્યાય, જયવંતીબેન પટેલ, મધુરિકા શાહ,ચંદ્રિકા વિપાણી, વસુબેન શેઠ,સ્વ મેઘલતાબેન મહેતા, ફુલવતી બેન શાહ, ૨શ્મી બેન જાગીરદાર, નિહારિકા વ્યાસ, કુંતાબેન શાહ, પદ્માબેન કનુભાઈ શાહ ડો દીનેશભાઈ શાહ, ડો મહેશ રાવળ તથા પ્રેમલતા મજમુંદાર જેવા સર્જકોથી ભરેલુ છે.કેલીફોર્નીયા–સાન્ફ્રાન્સીસ્કો આજે પણ પ્રજ્ઞાબેન સાથે વિદેશવાસી થયા પછીયે, પોતાના દેશ–પ્રદેશ અને સમાજ–સંસ્કૃતિની અવિસ્મૃત પરંપરામાં શ્વસતા રહીને "બેઠક"માં સર્જકો લખતા રહે છે જે ગૌરવની વાત છે.

આ પુસ્તક આવા સર્જકો ઉપરાંત રાજુલ કૌશિક (બૉસ્ટન), ડો લલિત પરીખ, ડૉ નીલેશ રાણા, હરનીશ જાની (પેન્સીલ્વીયા), નટવર મહેતા પ્રીતિ સેનગુપ્તા, મોના નાયક, ધૃતિ સંજીવ ,મહેંદ્ર ભટ્ટ (ન્યુ જર્સી), ડૉ ચંદ્રવદન મિસ્ત્રી, વિનુભાઈ પટેલ, કેપ્ટન નરેંદ્ર ફણસે .સપના વિજાપુરા, (કેલીફોર્નીયા)રેખા શુકલ (શિકાગો), રેખા સિંઘલ (ટેનેસી) પ્રભુલાલ ટાટારીઆ (ભૂજ) જયંતીભાઈ પટેલ (કરમસદ), રેખા પટેલ (ડેલાવર) નરેશ ડોડીયા (જામનગર) નીલમ દોશી (રાજકોટ) અર્ચિતા પંડ્યા (અમદાવાદ), કાંતિભાઈ કરસાલા (જેતપુર), હીના પારેખ "મનમૌજી" (વલસાડ), જિતેન્દ્ર પાઢ (નોર્થ કેરોલીના) જેવા લેખકોની કલમ થી સમૃધ્ધ છે.

પુસ્તકમાં ગદ્યની રમણીયતા અનેક રીતે વહેંચી છે.આ પુસ્તકમાં મુખ્ય ધ્યાન ખેંચે છે. "સહિયારી સર્જકતા" આપણી ભાષાને કેન્દ્રમાં રાખીને શબ્દો અહીં પાંગર્યા છે પછી એ નવલકથા હોય, નિબંધો, વાર્તા સંગ્રહો, હાસ્ય લેખો, આસ્વાદો, નાટકો, હેતૂલક્ષી પુસ્તકો, પ્રાયોગીક કે નવતર લખાણો, અહી કરેલ ભાષા સંવર્ધન નાં નવતર પ્રયોગો પણ જેમ કે શબ્દ સ્પર્ધા..છબી એક સંવેદના અનેક અને "તસ્વીર બોલે છે",જે ઘણા સર્જકોને સંશોધન કરવા પ્રેરશે એમાં કોઈ શંકા નથી .ટુંકમાં અહી લેખકો ક્યારેક રાગની વાત કરે છે તો ક્યારેક વિરાગની ક્યારેક કોઈ કાવ્યમૃતનું આચમન કરાવે છે તો ક્યારેક માનવીના મનને તાગવાનો પ્રયાસ, સર્વત્ર લેખકની નવી દ્રષ્ટિનો અણસાર પરખાય છે.દરેક લેખક શબ્દ અને ભાષામાં જીવ પરોવી નિખાલસ થયા છે.

હા આ પુસ્તક હીચકે ઝુલતા તો કદાચ નહીં વંચાય પણ ટેબલ ખુરશી ઉપર મુકીને જરુર વંચાશે.અને જો ગીનેશ બુકમાં આ પુસ્તકને સ્થાન મળશે તો ગુજરાતનું અને ગુજરાતી ભાષાનું આ પહેલું પુસ્તક વૈશ્વિક સ્તરે આદરણીય જાડુ પુસ્તક બનશે ( Thickest book of wrold)

Vijaybhai Shah Thank you so much:)

Devikaben Dhruva

# વાદળને વિનંતી!!

લઘરવઘર કપડાં,
કાબરચીતરી કાળી ધોળી ભૂખરી વધેલી દાઢી,
ચહેરો નિષ્તેજ,
ગાલમાં ભૂવા ખાડા,
તૂટેલી ચપ્પલ,
સુતળી જેના લુખ્ખા જટિયા!!
દેવદાસની એચડી ઝેરોકસ જેવો યક્ષ,
ડંડીકા વડે,
વાદળોને ઉભા રાખ્યા!
માત્ર તારે જ જમીન પર થોડા હોય??
ફૂગ્ગામાંથી હવા નીકળી જાય,
એટલે ગુબ્બારે જમીન પર.
વરસી જાય એટલે વાદળ બી જમીન પર!!!
લઘરવઘર યક્ષે વાદળોને કહ્યું,
" એકસકયુઝ મી.
આઈ જસ્ટ વોન્ટ લીટલ ફેવર ફ્રોમ યુ!!
વરહીણી યક્ષિણીને મારે મેસેજ આપવાનો ઉપક્રમ નથી!!
તમે આકાશમાં તરતા તરતા જતા હો ત્યારે,
સસ્તુ પેટ્રોલ, ટમેટા, ડુંગળી , સિંગતેલ જુવો
તો તો તો??
એ લોકેશન વીથ એ?ડ્રેસ શેર કરજો.
ચંદ્ર પર યાનનું સફળતાપૂર્વક લેન્ડીંગ,
મોંઘવારીનો માર કમ કરતું નથી!!,
ચાંદ એ રોટી નથી,
જેનાથી પેટ ભરાતું નથી!!!
બોસ, બીજું કોઇ કામ નથી!!!

ભરત વૈષ્ણવ

# બા એકલા જીવે છે

હા , બા એકલી સુંદર રીતે જીવે છે . જીવવાની આદત પડી ગઈ છે. એકલતા શાને લાગે? તેનો કનૈયો તેની સંગે છે. પ્રવૃત્તિમય જીંદગીમાં એકલતા ન લાગે. જ્યારે પતિએ સાથ છોડ્યો અને બાળકો પોતાના જીવનમાં વ્યસ્ત થયા, બસ ત્યારથી બાને એકલા જીવવાનું ગમે છે.

જમાનાને પહેચાની તેની સાથે કદમ મિલાવી બાએ ફરિયાદ ન કરવાનું પણ લીધું છે. જરુરિયાત ખૂબ ઓછી છે. બાળકો ઘરમાં સાથે નથી દિલમાં વસે છે. બાનું ધ્યાન પ્રેમથી રાખે છે. ખબર છે, 'એકલા આવ્યા એકલા જવાના. પછી અફસોસ શાને ? બા, ઉમંગભેર એકલા જીવે છે.

ચાલવામાં અને જીવવામાં મજા સમજે છે. બાએ સદા ચાલતા રહવાની આદત કેળવી છે. ભલે ઉમર થઈ. ચાલવાની આદત છોડી નથી. ચાલતી જાય અને મુખમાં ભગવાનનું નામ રટતી જાય. સંસારની કોઈ ઉપાધિ તેને ગમતી નથી. ઈશ્વર સાથે નાતો જોડ્યો છે. તેને કારણે એકલતા સાલતી નથી.

હા, બા એકલી જીવે છે. ખુમારી ભેર જીવે છે. કૃષ્ણને સખા માની જીવે છે. જરુરત પડે ત્યારે બાને મદદ કરવા બાળકો તૈયાર છે. કારણ વગર શામાટે કોઈને પણ કષ્ટ આપવું. કંઈ પણ કહેવું હોય તો કાના સાથે વાત કરે છે. જીવ ગભરાય તો કાનાને ખોળે માથું મૂકી ભાર હળવો કરે છે.

પ્રભુ ભજન કરે છે. મનગમતું શીખે છે. મનપસંદ વસ્તુઓ બનાવી ઘરના તેમજ મિત્ર મંડળમાં છૂટે હાથે આપે છે. 'હા, બા એકલી જીવે છે.' પોતાની મરજી મુજબ જીવે છે. કોઈને નડતી નથી. બાને પોતાનું મન માન્યું કરવાની સ્વતંત્રતા છે.

નાના બાળકોને ગણિત તેમજ અંગ્રેજી શીખવાડે છે. બા પોતે ભણેલી છે. એટલે જીવન શિસ્ત ભર્યું જીવે છે. જુવાનીમાં ઘોંઘાટ ચારેકોર વરતાતો હતો. બાળકો અને પતિની સેવામાં દિવસો પસાર થતા હતા. પોતાનું ધાર્યું વખત મળે કરતા. ૨૪ કલાકનો દિવસ બાને ટુંકો લાગતો હતો. આજે બા પાસે '' સમયની'' પુંજી છે. સુંદર રીતે તેનો વ્યય કરે છે. જ્યારે તેડું આવશે ત્યારે બેગ અને બિસ્તરા વગર ચાલી જશે.

ચાર વાગે સવાર પડતી, નવ વાગે નસકોરા બોલાવતી હતી. ખૂબ થાકતી પણ જીવનનો આનંદ લુંટતી. બા સહુની સગવડ હરપળ સાચવતી હતી. પતિ અને બાળકોનો પ્યાર ભોગવતી હતી. સમયની આવન જાવનમાં આજે મુસ્કુરાય છે, કોઈ અછત વરતાતી નથી. સંસ્કારી બાળકો તેના આજે ખૂબ પ્યારથી પાય પખાલે છે. પૌત્રો અને પૌત્રીઓના સંગમાં તેને જીવનની સુગંધ રેલાતી જણાય છે. હા, બા આજે એકલા જીવે છે.

સમયની શરમ સાચવી બા આજે ગૌરવભેર એકલા જીવે છે. સંતોષની લાગણી ઉરે ધરી બા પ્રેમથી માનભેર એકલા આનંદ ભેર જીવે છે. જરૂરત પડ્યે કુટુંબની પડખે રહેતા સલાહ સંપે બા એકલા જીવે, ગૌરવવંતી બા હસે હસાવે 'બાપુની' લીલીવાડી ભાળી એકલા જીવે. બા અને બાપુએ પ્રેમથી બનાવેલ જીવન બગિયાના ફળ એકલા માણે છે. બાપુની યાદ દિલમાં છે. યાદની દીવી સતત પ્રજ્વલિત રાખે છે.

હા, બા આજે એકલા જીવે છે

# પત્ની પિડીત પતિ જાયે તો જાયે કહાં???-એક યક્ષા પ્રશ્ન

આજે સીધી વાત કરવી છે. નો બકવાસ. સ્પ્રાઈટના ટેગને ફોલો કરવું છે.ઘુમાવી ફીરાવીને વાત જ નથી કરવી. કદાચ થોડા ફોલોઅર ઘટી જાય. ખાસ કરીને મહિલા ચાહકો. હું (અ)ફર છું. જે થવાનું હોય તે થાય. આ પણ બકવાસ થઈ ગયો ઠાકુર!!!

પત્નીનો ત્રાસ પતિને હોય છે. પત્નીનો ત્રાસ પત્નીને હોતો નથી.( લેસ્બિયન લગ્નમાં એક પાર્ટનર પતિ અને એક પાર્ટનર પત્નીનો રોલ ભજવે છે.) પત્નીનો ત્રાસ ઓછોવતો

( કયાં સુધી ઠાકુર મિંયાની જેમ તંગડી ઊંચી રાખો છો. વેલણ, સાણસી, સાવરણી, બલોવા,તવેથાના મારથી ઘાયલ થાવ છો!!) સોરી ઓછો શબ્દ ડિલિટ કરજો પ્રુફ રીડર મહાશય. પત્નીનો ત્રાસ ૨૪ ગુણ્યા સાત ગુણ્યા ૩૬૫ હોય છે. તમે મૂંછમાં હશો છો, તમે પોતે પણ પત્ની અત્યાચાર મોરચાના સભ્યો છો!!

ડોમેસ્ટિક વાયોલન્સના કેસો માત્ર પતિ પર થાય છે. પતિ પત્નીના ત્રાસથી પોલીસમાં ફરિયાદ કરવા જાય તો તેની ફરિયાદ નોંધવાને બદલે બાયલાનો થપ્પો લગાવી કાઢી મુકવામાં આવે છે!! પતિને પણ ડોમેસ્ટિક એકટની જોગવાઈનો સમાન લાભ મળવો જોઈએ. પતિની દશા કેવી થાય? ઘરે પત્નીનો ત્રાસ સહન કરે અને બહાર તમાચો મારીને ગાલ લાલ રાખે!!

કોરોનાકાળ પહેલાં પુરૂષો ઘરકામ કરતા હતા. બિચારા પતિઓ આ લાચારીને પુરૂષ-સ્ત્રી સમાનતાનો માસ્ટર સ્ટ્રોક ગણાવે . જાયે તો જાય કહાં ??પતિની લાચારીના ઘણા દોકસ, ટુચકા પ્રચલિત છે.

મર્દ તરીકે ઓળખાતી આ પુરુષજાતિને આંસુ પાડવાનો કાયદાએ અધિકાર આપ્યો નથી અને સમાજે તેને સ્વીકાર્યો પણ નથી. તે જ્યારે ચૂપચાપ સહન કરે છે તો તેને નાર્મદ કહેવામાં આવે છે તે જ્યારે અવાજ ઊઠાવે છે ત્યારે તેને ક્રૂરતામાં ખપાવી દેવામાં આવે છે. કાયદાથી બંધાયેલી પુરુષજાતની આ સ્થિતિનો લાભ, કેટલીક સ્વચ્છંદી મહિલાઓએ ઉઠાવી લીધો છે. કેટલીક સ્ત્રીઓ પોતાની સ્વચ્છંદતાને કાયદેસર મળેલી સ્વતંત્રમાં ખપાપી રહી છે અને તેને રોકનાર પુરુષને અત્યાચારના કાયદા હેઠળ સળિયા પાછળ ધકેલી દે છે. આ પ્રકારનો અનોખો સંઘ રચવા પાછળ પત્ની અત્યાચાર પીડિત પુરુષોનો હેતુ માત્ર સમાન ન્યાયની માગણી છે અને કેટલી મહિલાઓ દ્વારા થતા કાયદાના દુરુપયોગ રોકવાનો આશય છે. દર વરસે ૧૯ મી નવેમ્બરે પત્ની પિડીત અત્યાચાર દિવસની ઉજવણી કરે છે. જોગાનજોગ આ દિવસ દુર્ગાદેવી તરીકે ઓળખાતા લોખંડી મહિલા શાસક પ્રિયદર્શીની ઇંદિરા ગાંધીનો જન્મ દિવસ છે!!!

અમદાવાદમાં ચાલતા પત્ની પીડિત પુરુષ સંઘમાં સભ્યોની સંખ્યા એક બે નહી પરંતુ ૬૮ હજાર સુધી પહોંચી ગઈ છે. આ સંસ્થામાં સામાન્યથી લઈને એનઆરઆઇ , ડોક્ટર, આર્મીના જવાનો પણ સભ્ય તરીકે જોડાયા છે. સામાન્ય રીતે મહિલાઓ પોતાના પતિ અનેસાસરિયાઓની વિરુદ્ધમાં પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવવા જાય છે. કેટલાક ઉદાહરણ સિવાય તમે મારી વાત માનશો નહીં? ખરુંને ??અમે પણ પૂરતા દારૂગોળા સાથે પતિ પર થતા અત્યાચારને ઊજાગર કરવા તૈયાર છીએ!!

ફ્લાઈટ માટે લાંબા સમય સુધી વેઈટ કર્યુ હશે અને ફ્લાઈટ કેન્સલ થવાના લીધે કદાચ લાંબો સમય એરપોર્ટ પર વીતાવ્યો હોઈ શકે, પરંતુ કોઈપણ વ્યક્તિ એરપોર્ટ પર જ રહેતી હોય તેવું નહી સાંભળ્યુ હોય. પણ એક ચાઈનીઝ એવો છે જે છેલ્લા ૧૪ વર્ષથી એરપોર્ટ પર રહે છે. આ વ્યક્તિનું નામ વેઈ જિયાનગુઓ છે. તે બૈજિંગનો છે. ૨૦૦૮માં પત્ની સાથે ઝગડો થતાં તે ઘર છોડીને આવ્યો હતો. તેના પછી બૈજિંગનું ઈન્ટરનેશનલ એરપોર્ટ તેના માટે ઘર બની ગયું છે. આ એરપોર્ટના ત્રણ ટર્મિનલ છે અને તેમા તે ટર્મિનલ બે પર રહે છે. જો કે શરૂઆતના કેટલાક દિવસ તે રેલવે સ્ટેશન પર સુઈ ગયો હતો. તેનું કહેવું છે કે હું મારી મરજીથી અહીં ખાઈ પી શકું છું. હું ઘરે પરત નહી જાઉ. મને ત્યાં કોઈ આઝાદી નથી. મારા કુટુંબનું કહેવું છે કે મારે ઘરે રહેવું હશે તે દારુ અને સિગરેટ છોડવી પડશે. જો હું તેમ નહી કરુ તો મને દર મહિને મળતું હજાર યુઆન (લગભગ બાર હજાર રૂપિયા )નું સરકારી ભથ્થુ મારે તેમને આપી દેવું પડશે. આમ થાય તો પછી હું મારા માટે સિગરેટ અને આલ્કોહોલ કેવી રીતે ખરીદી શકું. આ વ્યક્તિનું ઘર એરપોર્ટથી ફક્ત ૧૯ કિ.મી.ની દૂરી પર છે.

ઈરાનના મેહરાન કરીમી ૧૮ વર્ષ સુધી પેરિસના એરપોર્ટ પર શરણાર્થી તરીકે રહ્યા હતા.

નાનપુરાના રહેવાસી અજીત પટેલના કેસ પરથી સ્પષ્ટ થઈ આવે છે કે હવે પતિઓ પર પણ ત્રાસ ગુજારનારી પત્નીઓની કમી નથી. અજીતે લગ્નના બીજા દિવસે ખબર પડી કે પત્ની જાનકીને જમાવાનું બનાવતા આવડતુ નથી. ઉપરાંત તે ૭૦ વર્ષની પોતની માતા સાથે પણ રહેવા તૈયાર નથી. આખરે પત્નીથી કંટાળી અજીતે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી જે દાવા અરજી આખરે કોર્ટે મંજૂર રાખી હતી.

અમદાવાદમાં પત્નીઓના ત્રાસ સામે લડતી સંસ્થામાં કામ કરતા પતિએ જ પત્નીના ત્રાસથી કંટાળીને ભયંકર પગલું ભરી લીધું છે. આ મામલે સાબરમતી રિવરફ્રન્ટ પોલીસે ફરિયાદના આધારે પુષ્પા નામની મૃતકની પત્ની તપાસ શરુ કરી છે. મૃતકના ભાઈએ ફરિયાદમાં પોતાના ભાઈને જે પીડા સહન કરવી પડતી હતી તે અંગે ગંભીર બાબતો પોલીસને જણાવી છે. ફરિયાદ મુજબ કિર્તિ દેવડા નામના મૃતક તેમના કાકા દશરથ દેવડા દ્વારા ચલાવાતી સંસ્થા 'પત્ની અત્યાચાર વિરોધ સંઘ'માં કામ કરતા હતા. જોકે, તેઓ જ પોતાની પત્નીથી એટલા ત્રાસી ગયા હતા કે તેમણે પોતાનુ જીવન ટૂંકાવ્યાની ઘટના બની છે. ફરિયાદ મુજબ ૩૦ જૂનના રોજ પત્નીએ ઘર સાફ કરવા જેવી સામાન્ય બાબતે પતિને કથિત રીતે સાવરણીથી ફટકાર્યો હતો.

સામાન્ય રીતે પતિ પત્ની વચ્ચેના તકરાર અને ઝઘડાઓ થતા હોય છે. તો આ પ્રકારની ઘટનામાં લાગી આવતા પત્ની ક્યારેક જીવન ટૂંકાવી દેતી હોવાની ઘટના સામે આવતી હોય છે. ભારતમા સ્ત્રી અત્યાચારના કિસ્સા ગલીએ ગલીએ છે, પણ પુરુષ અત્યાચારના કેસ જ્વેલ્લે જ બનતા હોય છે. પણ અમદાવાદમાં સરદારનગર વિસ્તારમાં એક પત્ની અને તેના પુત્રના ત્રાસના કારણે પતિ એવા પિતાએ જીવન ટૂંકાવ્યુ છે.

રાજસ્થાનના ભીવાડીના એક પતિ પોતાની પત્નીના ત્રાસથી કંટાળી જઈને કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ શિક્ષક સરકારી શાળામાં પ્રિન્સિપાલ છે. તેમણે પોતાની પત્ની પર આરોપ મૂકતા કહ્યું હતું કે, તે છેલ્લા ૧ વર્ષથી ઢોરમાર મારી રહી છે. હવે તે આવા ત્રાસમાંથી છૂટકારો મેળવવા માંગે છે. તેમણે પુરાવા તરીકે ઘરના સીસીટીવી ફૂટેજ પણ શેર કર્યા છે.

પત્નીનો ત્રાસ સામાન્ય પતિને હોતો નથી. અમદાવાદમાં પત્રકાર તરીકે કામ કરતા પતિએ પત્નીના ત્રાસથી આત્મહત્યા કર્યો તેનો વિડીયો પણ વાયરલ કર્યો. ગુજરાતના એક સનદી અધિકારી તેની સનદી પત્નીનો ત્રાસ સહન કરે છે!!

પત્નીના ત્રાસથી વજન ઘટવાની ચકચારી ઘટના સૌને વિચારમાં મુકી દે છે.

પુરુષના કહેવા મુજબ, તેની પત્ની નાની નાની બાબતો પર મોટો હોબાળો કરતી હતી, જેના કારણે તેને તેના પરિવારના સભ્યોને સંબંધીઓ સામે શરમજનક બનવું પડતુંહતું, પરંતુ ભવિષ્યમાં તેનું વર્તન બદલાઈ શકે છે, તેવી આશામાં તે શાંત રહ્યો હતો. પત્ની પર માનસિક ત્રાસનો આરોપ લગાવતા. પુરુષ બેંકમાં કામ કરે છે, જ્યારે મહિલા હિસારમાં જ એકખાનગી શાળામાં ભણાવે છે. લગ્ન બાદ બંનેને એક

આભાર - નિહારીકા રવિયા પુત્રી છે, જે હાલમાં તેના પિતા સાથે રહે છે.પુરુષે દાવો કર્યો હતો કે, લગ્ન સમયેતેનું વજન ૭૪ કિલો હતું, જે પાછળથી સતામણીને કારણે ઘટીને ૫૩ કિલો થઈ ગયું છે તેવો દાવો કર્યો હતો. જેને માન્ય રાખીને હાઈકોર્ટે છૂટાછેડા આપી દીધા!!!

સાયણ ગામે પરિવાર સાથે રહેતા પરપ્રાંતીય યુવાનને તેની પત્ની અને સાસરિયાઓ દ્વારા રૂપિયાની ખોટી માંગણી કરી માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હોય. ત્યારે સાસરિયાઓના ત્રાસે નાસીપાસ થઈને યુવકે આત્મહત્યા કરવા માટે કોણ કોણ અને કેમ જવાબદાર છે તેમના નામ જોગ એક વિડીયો બનાવી વાઈરલ કરી ટ્રેન નીચે પડતું મુકયું હતું.

છેલ્લે તો ઉતરપ્રદેશના મઉમાં ગજબની ઘટના થઈ ગઈ. આદિ કાળમાં આપણે ઝાડ પર રહેતા હતા. એક પત્ની પિડીત અબળ( અબળાનો પુલિંગ શબ્દ!!) નરને વૃક્ષ પર રહેવાની નોબત આવી. ઉત્તર પ્રદેશના મઉ જિલ્લામાં આવેલા બસારથપુર ગામમાં પત્નીના ત્રાસથી પતિ છેલ્લાં એક મહિનાથી ૧૦૦ ફૂટ ઊંચા તાડના ઝાડ પર રહે છે. ઝાડ પર એ ખાઈ-પીને સૂઈ જાય છે. પત્ની વારંવાર મારપીટ કરતી હોવાથી પતિની આ સ્થિતિ સર્જાઈ હોવાનું તેના પિતાએ કહ્યું હતું.

ઉત્તર પ્રદેશના મઉ જિલ્લામાં આવેલા બરાસથપુર ગામનો એક કિસ્સો આખાય વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. રામપ્રવેશ નામનો એક માણસ તેની પત્નીના ત્રાસથી ઘરે આવતો નથી. એટલું જ નહીં, એ ૧૦૦ ફૂટ ઊંચા તાડના ઝાડ પર ચડીને રહે છે. ઘરના સભ્યો ખાવા-પીવાનું નીચે મૂકી દે છે. એ રસ્સીથી ખેંચીને ખાઈ-પી લે છે અને પછી તાડ પર જ સૂઈ જાય છે. મોડી રાત્રે બધા સૂઈ જાય ત્યારે એ નીચે ઉતરીને કૂદરતી હાજતે જઈ આવે છે એ સિવાય દિવસ આખો ૧૦૦ ફૂટ ઊંચે ચડીને રહે છે. જો કોઈ તેને સમજાવવા જાય છે તો એ ઈંટ અને પથ્થરો ફેંકે છે એટલે કોઈ તેની નજીક જતું નથી. ગામના લોકોએ આ અંગે ફરિયાદ કરી હતી. તાડનું ઝાડ ગામની વચ્ચોવચ હોવાથી ઉપરથી બધાના ફળિયામાં જોઈ શકાય છે. લોકોએ પોલીસને જાણ કરતા પોલીસે આવીને તેને સમજાવ્યો હોવા છતાં એ માણસ ઘરમાં રહેવા તૈયાર નથી.હે રામ .બિચારો પુરૂષ, તે પણ પત્ની પિડીત પતિ જાયે તો જાયે કહાં!! અમને એવો વચાર આવે છે કે સમાજમાં લગ્ન પ્રસંગે થતા ગંજાવર ખર્ચના કુરિવાજો અને કુરૂઢિઓ દૂર કરવા સમુહ લગ્નો દિવસે ને દિવસે લોકપ્રિય થઇ રહ્યા છે. આ પેટર્ન પર પત્ની પિડીત પતિઓને પત્નીઓના ત્રાસથી મુક્ત કરવા સમુહ છૂટાછેડાનો સમારોહ શું ન યોજવો જોઈએ??શું કહો છો પત્ની પિડીતાત્માઓ??

ભરત વૈષ્ણવ

# માનવી

અમે ગોળ ફરતી પૃથ્વીમાં અટવાતા માનવી

સૂરજના ઉદય અસ્તની મોજ માણતા માનવી

શ્વાસની આવન જાવન પર સદા નભતા માનવી

જીવનની દોડધામમાં સદા અટવાતા માનવી

'શું પામવું છે' એનાથી સંપૂર્ણ બેખબર માનવી

ગાડા નીચે કૂતરું જાય બધો ભાર મુજ પર

જવાબદારીના બોજ તળે કચડાતાં માનવી

'સંસાર અસાર' છતાં તેમાં રમમાણ માનવી

ખુદને જાણવાની અસમર્થતા ઢાંકવા કાજે

દુનિયાના રહસ્યનો પડદો ચીરતા માનવી

શાંતિની ખોજમાં અશાંતિ ફેલાવે માનવી

એક જ દિશામાં સતત ગતિશીલ માનવી

ન કોઈ કાગળ પત્ર કે ખબર વિરમે માનવી

આશા છે ગમશે ?????

પ્રવિનાશ, પ્રવિણા ₹ અવિનાશ

# ન મેળવ

તડકાનો તાળો ન મેળવ,
તિમિરનો તાળો ન મેળવ.

હવે કયાં રોજ વધતો રહે છે,
માગણીનો માળો ન મેળવ.

હૃદય શાંત રહે તો તો સારું,
ઉરનો ઉખડમાળો ન મેળવ.

કોયલ તારાથી ઈંડા ન સેવાય ?
કાગડાનો ઉધાર માળો ન મેળવ

જીવન જીવવા બધું ઠીક છે ભાઈ,
પ્રેમ કરવા માટે ફંડફાળા ન મેળવ !

ભરત વૈષ્ણવ...

# "અમદાવાદની કવિતા"

ચાંદ ઉપર પણ લોકો જઈને આયા
તને ચાંદખેડામાં ક્યાં શોધું...?

અવઢવમાં હું રહું
તને ઓઢવમાં ક્યાં શોધું...?

વાડ જ નથી રહી કોઈ
વાડજમાં ક્યાં શોધું...?

સેટેલાઈટ બનીને
તુ ફરતો રહે નભમાં,

મિથ્યા હું ફરતો તુજને
સેટેલાઈટમાં ક્યાં શોધું...?

બે પલની શાંતિ નથી
બોપલમાં ક્યાં શોધું...?

એટીએમમાં તુ મળતો નથી
સીટીએમમાં ક્યાં શોધું...?

ગોતું તોય મળતો નથી
ગોતામાં ક્યાં શોધું...?

થઈ તેજ પણ પહોંચું નહી
થલતેજમાં ક્યાં શોધું...?

વટવાળો છે તુ માન્યું પણ
કહે વટવામાં ક્યાં શોધું...?

તારા સરખો જ તારો પડછાયો કોઈ
સરખેજમાં ક્યાં શોધું...?

શાહી તારા હર બાગ,
તને શાહીબાગમાં ક્યાં શોધું...?

ના રોડા કોઈ રોકે પણ
નરોડામાં ક્યાં શોધું...?

પુર "સરસ" હોય કે "દરિયા"
તને" ગોમતી" માં ક્યાં શોધું...?

દરવાજા "લાલ" હોય કે "ત્રણ",
તને "દિલ્હી"માં
ક્યાં શોધું...?

જીંદ્ગ ને પામવાની આ સફર,
તને સોલામાં ક્યાં શોધું...?

ના કોલ તુ મારા ઉપાડે
તને નિકોલમાં ક્યાં શોધું...?

હર ઘાટના પાણી પીધા ને
ચાંદ પર પણ જઈ આવ્યો,
કહે તને ઘાટલોડિયા ને
ચાંદલોડિયામાં ક્યાં શોધું...?

કાંકરા રહયા તારી રાહમાં
તને કાંકરિયામાં ક્યાં શોધું...?

ના ઈક્ષ્ક્ષ્ એમાં કોઈ મારો
તને નારોલમાં ક્યાં શોધું...?

રાય ખડતલ આપ તું
તને રાયખડમાં ક્યાં શોધું...?

રખે આલેખન હું કરું તને
રખિયાલમાં ક્યાં શોધું...?

પલળીને વરસાદે તુજને
હું પાલડીમાં ક્યાં શોધું...?

આશા ના રેવા દીધી જરા
તને અસારવામાં ક્યાં શોધું...?

કે બાકીના એરિયામાં પણ
ના મળવાનો તુ ઈશ્વર,
છતાં અમથો આ વાદ કરી
'અમદાવાદ'માં ક્યાં શોધું...?

અમદાવાદ અને
મારા અમદાવાદી મિત્રોને
સાદર અર્પણ...????

ગુજરાતી ને

# રક્ષાબંધન - સંત રાજીન્દર સિંહજી મહારાજ



રક્ષાબંધનનો તહેવાર, અથવા 'રક્ષણનું બંધન' સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગના પાંચમા મહિના શ્રાવણની પૂર્ણિમાના દિવસે દેશ. એવું કહેવાય છે કે જ્યારે હિન્દુ દેવતાઓ દાનવો સાથે યુદ્ધ કરવા ગયા, ત્યારે ઈન્દ્રની પત્ની સચી, જે વડા છે હિન્દુ દેવતાઓના દેવતાઓમાંથી, તેના પતિના કાંડા પર રાખડી (પવિત્ર તાર) બાંધી અને પરિણામે દેવોએ ભયંકર યુદ્ધમાં વિજય મેળવ્યો. રસપ્રદ વાત એ છે કે, કે નાળિયેર આપણા જીવનના લગભગ દરેક પાસા સાથે જોડાયેલું છે - જન્મ, લગ્ન, મૃત્યુ, ઉપવાસ, ધાર્મિક વિધિઓ અને તહેવારો. પરંતુ શું આપણે ક્યારેય તેના પર ગંભીર વિચાર કર્યો છે? જો આપણે નાળિયેરનું નજીકથી નિરીક્ષણ કરીએ, તો આપણે શોધીશું કે તેના ત્રણ ગુણ છે આંખો જેવું લાગે છે, ઉપલા વચ્ચે અને પાછળ સ્થિત આધ્યાત્મિક 'ત્રીજી આંખ' અથવા 'શિવનેત્ર' ની યાદ અપાવે છે માણસોમાં ભમર. આપણી અંદર ભગવાનનો અનુભવ કરવા માટે, આપણે આપણી આંતરિક અથવા ત્રીજી આંખ ખોલવી પડશે.

જ્યારે કોઈ બહેન તેના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે, ત્યારે તે તેની હંમેશા રક્ષા કરવાનું વચન આપે છે. પણ ભાઈને બચાવવા માટે કોણ છે? આ દુનિયામાં આપણું રક્ષણ કરવા માટે કોણ પૂરતું સક્ષમ છે? માત્ર એક સતગુરુ અથવા એક સંપૂર્ણ આધ્યાત્મિક ગુરુ મદદ કરવા માટે પૂરતા સક્ષમ છે જીવનના અસંખ્ય મુશ્કેલીઓ મા અમને ટેકો આપે . દીક્ષાના દિવસે, તે આપણને એક રક્ષણનો અદ્રશ્ય દોરો સાથે જોડે છે.

જે આપણને આપણા જીવનની દરેક ક્ષણે નુકસાનથી બચાવે છે.

આપણા આત્મા માટે પ્રેમ અને કરુણાથી ભરેલા સતગુરુ આપણને આત્માના આગળના રહસ્યોની શરૂઆત કરે છે. તે આપણા આત્માને દીક્ષા સમયે મજબૂત આધ્યાત્મિક પ્રોત્સાહન આપે છે જેથી તે ઉત્થાન પામે અને આંતરિક અથવા ત્રીજી આંખ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સક્ષમ છે. દીક્ષા સમયે એક સંપૂર્ણ આધ્યાત્મિક ગુરુ આપણને આપણા મનને સ્થિર કરવા સક્ષમ બનાવે છે અને તેને આપેલા મંત્રનું પુનરાવર્તન કરીને આત્માના આસન અથવા આપણી આંતરિક આંખ પર ધ્યાન કેન્દ્રિત કરાવે છે. જેમ જેમ આ સ્થળે મનની એકાગ્રતા થાય છે તેમ આપણે ધીરે ધીરે આંતરિક આધ્યાત્મિક વિસ્તારોના દિવ્ય પ્રકાશ અને ધ્વનિનો અનુભવ કરવાનું શરૂ કરીયે છે . સતત દ્વારા ઈશ્વરના આ દિવ્ય પ્રકાશ અને ધ્વનિમાં આપણું શોષણ વધારવાથી આપણો આત્મા શરીરથી આગળ વધે છે ચેતના અને આકાશી પ્રદેશોમાં પ્રવેશ કરે છે. ત્યાં તે તેના આધ્યાત્મિકના તેજસ્વી સ્વરૂપને મળે છે આત્મા પ્રભુમાં એકાગ્રતા પ્રાપ્ત કરે છે.

આંતરિક આધ્યાત્મિક વિસ્તારો અવર્ણનીય સુંદરતા અને આનંદથી ભરેલા છે. એકવાર આત્મા આમાં પ્રવેશ કરે છે. તે તેના નશ્વર શરીરની મર્યાદાઓમાંથી મુક્ત થવા માટે આનંદિત બને છે અને તેની તરફ જાય છે.

ઉત્સાહિત પક્ષી જેવું સર્વોચ્ચ સ્વર્ગ. અમર્યાદિત સુખ અને નશો કેઆ પ્રદેશોમાં આત્માના અનુભવો ફક્ત શબ્દોમાં નહીં કહી શકાય. અને આ માનવ જન્મનું અંતિમ લક્ષ્ય છે. આ ગહન આધ્યાત્મિક અનુભવ અને રક્ષણ આપણને કોઈપણ ધરતીના સંબંધો દ્વારા પ્રદાન કરી શકાતા નથી. ફક્ત આપણા સતગુરુ આપણને વિવિધ જીવનમાં સતત સ્થળાંતરના ચક્રમાંથી સફળતાપૂર્વક બહાર કાળી શકે છે. આપણા આત્માને તમામ દુન્યવી પકડમાંથી મુક્ત કરે છે. આ રીતે તે આપણને સાચું રક્ષણ આપે છે. સાવન કૃપાલ રૂહાની મિશન ની અધિક જાણકારી માટે કોન્ટેક્ટ કરો:




રાજ્ય સરકાર તરફથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી ૨૭% અનામત ની જાહેરાત આજરોજ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ,મંત્રીમંડળ,સંગઠન ના લોકો વચ્ચે કરવામાં આવી



તા.૨૯-૮-૨૦૨૩ સવારે ૧૧-૩૦-૧-૦૦ દરમ્યાન અખબાર નગર નવા વાડજ વિસ્તારમાં આવેલ સ્મિત ચાઈલ્ડ એજયુકેશન ટ્રસ્ટના મનો દિવ્યાંગ બાળકો માટે ભાઈ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઊજવણી કરવામાં આવી... આ પ્રસંગે ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા દિપ પ્રાગટ્ય,પૂજનઅર્ચન, મંત્રોચ્ચાર પ્રાર્થના સાથે લાયસન્સ કલબ ઓફ અમદાવાદ જોધપુર હીલના પ્રમુખ શ્રીઆશુતોષભાઈ ઠકકરના જન્મ દિવસ ઊજવણી કરવામાં આવી જેમાં લાયન્સ કલબ,ગાયત્રી પરિવાર નારણપુરાના સભ્યો, વિ.હમ ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી પારૂલબેન.. કરકે દેખો અચછા લગતા હૈ.. તથા વિપુલભાઈ વસાવડા,અનિરુદ્ધદાદા અને મનોદિવ્યાંગ બાળકો,સ્ટાફના સભ્યો હાજર રહયા હતા કાર્યક્રમનું સમાપન થયેથી શ્રીકનુભાઈ પરીખ તરફથી દિવ્યાંગ બાળકોને પર્સની ભેટ આપી મિષ્ટાન્ન સાથે ભોજન જમાડીને રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે ખુશ કર્યા હતા સંસ્થાના સંચાલક શ્રી ચંદ્રસિંહ ચૌહાણે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો

## એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલ, સાપુતારાના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાના ચોથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઝળક્યા



મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સ (ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા) NESTS અને ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ (ગવર્નમેન્ટ ઓફ ગુજરાત) GSTESના સંયુક્ત ઉપક્રમે, EMRS અંબાજી ખાતે આયોજિત રાજયકક્ષાના ચોથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં, પ્રાયોજના વહીવટદાર શ્રી રાજ સુથારના માર્ગદર્શન હેઠળ EMRS સાપુતારા શાળાના કુલ ૫૭ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિમાં ભાગ લીધો હતો.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઠાકરે નૃત્ય, ઢાક વાદન, સોલો સોંગ્સ, નાટક, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જે સ્પર્ધામા ઘાટાળ પ્રિન્સ જોસેફભાઈ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ, સમૂહ કૃતિ ઢાક વાદનમાં દ્વિતીય ક્રમ, વકતૃત્વ સ્પર્ધામાં ચૌધરી પ્રિન્સ આર. તથા ચૌધરી ગ્રેસી દિપકભાઈ દ્વિતીય ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં દેહરાદુર (ઉત્તરાખંડ) ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. વિદ્યાર્થીઓની આ સિધ્ધિ બદલ શાળાના શિક્ષકો, આચાર્યશ્રી તેમજ પ્રાયોજના વહીવટદારશ્રી એ વિદ્યાર્થીઓને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

## મને શોધો

મને શોધો નહીં મંદિરમાં ,
મને શોધો નહીં દેરાસરમાં ,
મને શોધો નહીં ગિરજાઘરમાં,
મને શોધો નહીં ઈબાદતઘરમાં.

મને શોધો નહીં નિર્જીવ પથ્થરની બુતમાં,
મને શોધો નહીં માનવીય છૂતાછુતમાં,
મને શોધો નહીં મોહરમના તાબુતમાં,
મને શોધો નહીં સમશાનની ભભૂતમાં.

મને શોધો ખુદના ભીતર મુલ્કમાં,
મને શોધો શિશુના બચત ગુલકમાં.
મને શોધો કોઈ શબરીની ઝૂગ્ગીમાં,
મને શોધો કોઈ કોઈના સ્વપ્ન મુલ્કમાં.

મને શોધો કોઈ સુવર્ણ કસ્તૂરી મૃગમાં ,
મને શોધો કોઈ કવિતાના પુસ્તકમાં ,
મને શોધો કોઈ મદમસ્ત સુંગધી અત્તરમાં.

ભરત વૈષ્ણવ...૨૯.૮.૨૦૨૧.

## સમીના ગોધાણા ગામે ૮૦૦ વર્ષથી રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈને રાખડી બાંધતી નથી .

ભાઈ બહેનના પવિત્ર બંધન અને સબંધ એટલે બળેવ. તેમજ રક્ષાબંધન બહેનો પોતાના ભાઈની રક્ષા માટે રાખડી બાંધી તહેવાર ઉજવે છે. પરંતુ ગુજરાતનુ એક ગામ જ્યા રક્ષા બંધનનુ પર્વ છેલ્લાં ૮૦૦ વર્ષથી ઉજવાતું નથી અને રક્ષાબંધનનુ પર્વ ભાદરવા સુદ તેરસના દિવસે ઉજવાય છે આ દિવસે બહેનો પોતાના ભાઈને ત્યા રાખડી બાંધવા આવે છે અને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે છે પાટણ એક એવું નગર છે કે અહીં ભૂતકાળના ઈતિહાસ તરફ નજર દોડાવવી એ તો અનેક રસપ્રદ ઇતિહાસ ધરવાયેલો છે આ ઈતિહાસને વર્તમાન પેઢીને યાદ કરાવવો જરૂરી છે આજે રક્ષાબંધન છે ત્યારે ઈતિહાસમા બનેલ એક ઘટનાને ફરી એક વખત યાદ કરવી જરૂરી છે જયારે ગુજરાતની બહેનો પોતાના ભાઈ માટે આયુષ્યની કામના માટે આજે રક્ષાબંધનના દિવસે રાખડી બાંધશે ત્યારે સમી તાલુકાના ગોધાણા ગામે રક્ષા બંધનની ઉજવણી થતી નથી

પાટણ જિલ્લાના સમી તાલુકાના ગોધાણા ગામ આ ગામની અંદર પાછલા ૮૦૦ વર્ષથી રક્ષાબંધનની ઉજવણી થતી નથી અને તેની પાછળનો ઈતિહાસ પણ ગ્રામજનો પાસે પેઢી તેમજ દરપેઢીથી સચવાયેલો છે ગોધાણા ગામના ઈતિહાસની વાત કરીયે તો રક્ષાબંધનના દિવસે ગામમાં હરીફાઈનુ આયોજન થયેલું હતુ જે હલિયા નામની રમત જીતવાની શરત હતી અને તે દિવસે સમગ્ર ગામ તળાવની પાળ પર ઉમટ્યુ હતુ અને લોકોમા અનેરો ઉત્સાહ હતો હલિયાની રમતમા તળાવમા નાળીયેર ફેકવામાં આવ્યા હતા તેમાં જે યુવક નાળીયેર પહેલા લઈને આવે તેનુ ગ્રામજનો સન્માન કરતા હતા ત્યારે આ રમતમા ભાગ લેવા ગામના નાડોદા સમાજના બે ઠાકોર સમાજના એક અને દરબાર સમાજમાથી એક એમ ચાર યુવાનોએ તળાવમાં છલાંગ લગાવી હતી પણ તેઓ બહાર આવ્યા નહીં સમય વીતવા લાગ્યો તેમજ ૨૪ કલાક થયા છતા બહાર આવ્યા નહી આમ એક બાજુ ગામજનો તેમજ યુવાનોના કુટુંબીજનો રાહ જોતા હતા ધીરે ધીરે સમય વિતવા લાગ્યો દિવસો પર દિવસો શરૂ થયા હતા ત્યા અચાનક એક ઘટના બને છે ગામના એક પટેલને ૨૮ દિવસે સ્વપનું આવ્યુ અને ગોધણશા પીર દાદાએ સ્વપનમા કહ્યું હોય કે આજે ભાદરવા સુઈ તેરસના દિવસે તમો ઢોલ નગારા લઈને તળાવના કિનારે જશો ત્યારે આ ચાર યુવાનો તળાવમાંથી બહાર આવતા દેખાશે તેમ પટેલે ગ્રામજનોને સ્વપ્ના વિશે જણાવતા ગ્રામજનોમા આશા સાથે ઉત્સાહનુ વાતાવરણ ઉભુ થયું હતુ બીજી બાજુ ૨૮ દિવસમાં સમાજના રીતવાજ મુજબ આ યુવાનોનુ કારજ પણ થઈ ગયું હતુ અને પરિવારો શોકમા ગરકાવ હતાં ત્યારે સ્વપ્નની વાત મુજબ ગ્રામજનો તળાવની પાળ પાસે ગયા.અને ચમત્કાર થયો સ્વપ્ન સાચુ પડયુ હતુ તેમજ ચારેય યુવાનો હેમ ખેમ બહાર આવતા દેખાયા હતા

લોકવાઈકા હતી કે યુવાનો તળાવમાં પડ્યા ત્યારે રક્ષાબંધનનો તહેવાર હતો ત્યારે યુવાનોના આ ગામમાં રક્ષાબંધનની ઉજવણી થઈન હતી જયારે યુવાનો તળાવમાંથી બહાર આવ્યા ત્યારે ભાદરવા સુદ તેરસ હતી અને યુવકો હેમખેમ બહાર આવતા ગામમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો એ દિવસે ગામની તમામ બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધી હતી ત્યારે ભાદરવા સુદ તેરસનો દિવસ હતો બસ ત્યારથી ૮૦૦ વર્ષથી આ પરંપરા મુજબ ભાદરવા સુદ તેરસના દિવસે રક્ષાબંધનનો તહેવાર ઉજવાય છે

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

## સાપુતારા ખાતે ખેલરત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિ : નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાઈ



ખેલરત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા પુરસ્કૃત 'નેશનલ સ્પોર્ટ્સ ડે' નિમિત્તે ગિરિમથક સાપુતારા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે વિવિધ સમત સ્પર્ધાઓ યોજાઈ હતી.હોકી, આર્ચરી, અને એથ્લેટીક્સની રમતમાં જોમ અને જુસ્સા સાથે ભાગ લેતા ખેલાડી સ્પર્ધકોને પારિતોષિકોનું વિતરણ કરતા ડાંગના નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટિલે, યુવા રમતવીરોને ખેલદિલી અને ભાઈચારાની ભાવના સાથે નિયત ગોલ સુધી પહોંચવાની અપીલ કરી હતી.

વ્યસનથી દુર રહી સ્વાસ્થ્ય પ્રત્યે સજાગતા કેળવવાની હિમાયત કરતા શ્રી પાટિલે, સ્પોર્ટ્સમેનશીપ એ દરેક ખેલાડીનો જીવનમંત્ર હોવો જોઈએ તેમ કહ્યું હતું. તેમણે યુવા પેઢીને મોબાઈલના દુરોપયોગ સાથે સાયબર ક્રાઈમ, ઓનલાઈન ગેમિંગ, અને જુગારના રવાડે ન ચડતા, ટેકનોલોજીના સદુપયોગ થકી, જીવનને બહેતર બનાવવાની પણ અપીલ કરી હતી.

ડાંગના જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી અંકુર જોષી તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર ઉપસ્થિત મહાનુભાવોએ, દરેક રમતની ફાઈનલ સ્પર્ધાનો શુભારંભ કરાવી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. દરમિયાન મેજર ધ્યાનચંદજીના જન્મ દિવસ નિમિત્તો દીપ પ્રાગટ્ય, ફૂલહાર અને કેક કાપી 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી કરી, વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મેડલથી પણ સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના વિવિધ રમતના કોચ એવા શ્રી જીતેન્દ્ર રાજપૂત (આર્ચરી કોચ), શ્રી પ્રકાશ બારિયા (એથ્લેટીક્સ કોચ), શ્રી સંજય ભોજીયા (હોકી કોચ), તથા ડી.એલ.એસ.એસ. ટ્રેનર અને ડાંગ જિલ્લાની ઈન્સ્કુલ શાળાના ટ્રેનર્સ, તેમજ ડી.એલ.એસ.એસ. મેનેજર શ્રી જગદીશ ગાવિત, ટેકનીકલ મેનેજર, તમામ એસ.એ.જી.ના કર્મચારીઓએ ઉપસ્થિત રહી આ સ્પર્ધાની આયોજન વ્યવસ્થા સંભાળી હતી.

## ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચુંટણીમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી દ્વારા ચુંટણી પંચના નિયમોનું ઉલ્લંઘન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધિત કરતા પ્રદેશ કોંગ્રેસના મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે નરેન્દ્ર-ભુપેન્દ્ર નામના ફેસબુક પેઈજ પર શ્રી ભુપેન્દ્ર પટેલના સાથે સંકળાયેલા આ પેજે મેટા પોલિસીનું વાયોલેશન- ઉલ્લંઘન કર્યું. ડિસ્કલેમરમાં પેજ સાથે શું લેવાદેવા છે એ અંગે ચોખવટથી ના જણાવ્યું અને ફેન પેજના નામે દેખાડો કરી સત્તાવાર રીતે ભાજપ દ્વારા પેજ હેન્ડલ થતું હોવાનું છુપાવ્યું, જે એક એક્સપોઝમાં બહાર આવ્યુ કે ડિસ્કલેમરમાં જે વેબસાઈટ આપવામાં આવી છે એ વેબસાઈટ જયાંથી હેન્ડલ થાય છે એ આઈપી પરથી ભાજપની ઓફિશિયલ વેબસાઈટ્સ હેન્ડલ થાય છે. વળી અત્યારે આ પેજ ડીલીટ કરવામાં આવેલ છે તેની સાથે દર્શાવેલ વેબસાઈટ www.gujarat2022.com અને ફોન નંબર ૬૩૫૭૦૫૪૩૫૪ પણ બંધ આવે છે.આ પેજ પર રન થયેલી અનેક જાહેરાતો અનુસાર ભુપેન્દ્ર પટેલને વિધાનસભા ઉમેદવાર તરીકે જેટલો ખર્ચ કરવાની ચૂંટણી પંચની અનુમતિ હતી એના કરતાં વધારેનો ખર્ચ કરવામાં આવ્યો.શ્રી ભુપેન્દ્ર પટેલ ને ભાજપ દ્વારા ૩૦ લાખ રૂપિયા અને સ્વ ખર્ચ ૧૫ હજાર રૂપિયા ચૂંટણી દરમિયાન આવેલ અને તેમને કુલ ૧૮,૭૪,૦૪૯ ખર્ચ કરેલ જેમાં તેમણે ફક્ત વોઈસ મેલ માટે રૂ ૪,૨૦૬ કરેલ હતો પરંતુ ફેસબુક એડ માટેનો કોઈ ખર્ચ બતાવેલ નથી.ઉપરોક્ત બાબતોમાં ચૂંટણી પંચ તાત્કાલિક કાર્યવાહી કરી ભુપેન્દ્ર પટેલનું ધારાસભ્ય પદ રદ કરે તેવી માંગણી કરવામાં આવે છે. તો બીજી તરફ ભુપેન્દ્ર પટેલના નામ અને ફોટો સાથે ભાજપ દ્વારા જ ઓફિશિયલી (બહાર દેખાડવા અનઓફિશિયલી) આ પેજ પર જાહેરાતો રન કરવા ૫૫ લાખ કરતાં વધારે રૂપિયા ક્યાંથી આવ્યા, આ સમગ્ર બિનહિસાબી નાણાં અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ અને ઈડી તાત્કાલિક તપાસ કરીને જપ્તી તેમજ ધરપકડની કાર્યવાહી કરે - એમાં જે ઝડપ વિપક્ષના નેતાઓ પર કાર્યવાહીમાં રખાય છે એવી જ રાખવામાં આવે.આ એક ચૂંટણી પંચના નિયમોનું ઉલ્લંઘન તો છે જ સાથે સાથે ભાજપના ૫૫ લાખના બિનહિસાબી નાણાંના ગેરકાયદેસર ઉપયોગનો ખુલાસો પણ કરે છે, ગુજરાત ભાજપ દ્વારા કરવામાં આવેલું એક મોટું સ્કેમ છે.

## ચાણસ્મામાં રખડતા ઢોરોનો અડિંગો. નગરપાલીકા મુકપ્રેક્ષક




ચાણસ્મા શહેરની અંદર આવેલા મુખ્ય બજાર સહિત અનેક વિસ્તારોમા રખડતા ઢોરોનો અડિંગો જોવા મળી રહ્યો છે ત્યારે જાણે ચાણસ્મા નગરપાલીકાના જવાબદાર અધિકારીઓ જાણે બજારમાથી આંખે પટ્ટા બાંધી નીકળતા હોય તેમ રખડતા ઢોરો દેખાતા નથી કે પછી દેખાય છે તો કેમ કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવતી નથી તેવા વેધક સવાલો ઉપસ્થિત થાય છે

ચાણસ્મા શહેર એ વેપારી પીઠુ ગણવામાં આવે છે તેમજ ચાણસ્મા તાલુકાની અંદર ૬૦ જેટલા ગ્રામ્ય વિસ્તારો આવેલા હોઈ આ વિસ્તારના લોકો દરરોજ ખરીદી તેમજ બીજા કોઈ કામ અર્થે ચાણસ્મા શહેરમા આવતા હોય છે ત્યારે ચાણસ્મા શહેરની અંદર ચાણસ્મા નગરપાલીકાના નાક નીચે મુખ્ય હાઈવે ચાર રસ્તા. બસ સ્ટેશન પાસે .મુખ્ય બજાર. સરદાર ચોક સહિત વિવિધ સોસાયટીઓમા રખડતા ઢોરોએ રિતસર સામ્રારાજય સ્થાપ્યું છે ત્યારે આ રખડતા ઢોરો કોઈ રાહદારીને મોટી ઈજાગ્રસ્ત કરશે તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી ત્યારે ચાણસ્મા નગરપાલીકાના અધિકારીઓ શુભ મુર્હત જોઈ આંખેથી પટ્ટા ઉત્તારી શહેરીજનો તેમજ ગ્રામ્ય વિસ્તારના રાહદારીઓનુ ચિંતન કરી રખડતા ઢોરોને પાંજરાપોળમા મુકવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો